શ્રી તારાબાઈ આર્યાજી સિન્દ્રાન્ત ટ્રસ્ટ
તરફથી સપ્રેમ ભેટ.

श्रीविजयधर्मसूरिगुरुभ्यो नमः ।

॥ अर्हम् ॥

# प्राकृत मार्गोपदेशिका.

प्राकृत भारती
क्रमांक 1821
जयपुर

कर्ता—
वळानिवासी—
पंडित, बहेचरदास जीवराज.

प्रकाशक—
श्रीयशोविजय जैनग्रंथमालाना व्यवस्थापकमंडळ तरफथी
शेठ प्रेमचंद रतनजी
तथा
शेठ चंदुलाल पूनमचंद.
भावनगर.

DELISTED

सर्वहक्क स्वाधीन.

वीर सं. २४४५ द्वितीयावृत्ति. स. १९१९
५०० प्रत.

किंमत रु. १-४-०.

(330)

वडोदरा–शियापुरामां, श्री लुहाणामित्र स्टीम प्रिन्टींग प्रेसमां,
विठ्ठलभाइ आशाराम ठक्करे प्रकाशक माटे छापी प्रसिद्ध
कर्युं. ता. २५–७–१९१९.

आ श्रीकैलाससागरसूरि... द्वारा सप्रेम भेट ता. ..........

# प्रथमावृत्तिनी प्रस्तावना ।

साक्षरो !

जेम संस्कृतभाषा पवित्र अने सनातन मानवामां आवे छे, तेवीज रीते प्राकृतभाषा पण पवित्र अने प्राचीन छे, जो के सांप्रत संस्कृतभाषा सरलताथी शीखवा माटे घणां अेक साधनो नजर पर आवेछे, परंतु प्राकृतभाषा शीखवा माटे सिवाय हैमव्याकरण बीजुं संपूर्ण सुन्दर साधन मळतुं नथी, अने आ युगना युवानो 'गोखवुं ते मगजमारी छे' अेम मानी ते व्याकरण सांगोपांग जोइ शकता नथी, तेथीज दिन प्रतिदिन आ प्राकृतभाषा लुप्तप्राय थयेली जोवामां आवेछे, परन्तु हवेथी अेम न थवा पामे अने केवल गुजराती शीखेला विद्यार्थिओ पण प्राकृतभाषा सरलताथी शीखे, ते माटे आ लघु पुस्तक तैयार करवामां आव्युं छे.

आ पुस्तकने तैयार करवामां, तेनी भाषा सुधारा माटे अने प्रेमकॉपी तैयार करवा माटे श्रीमान् मास्तर रायचन्दभाई कसलचन्द भाईए तथा प्रुफ विगेरे जोवामां बीजा साक्षरोअे पण मने घणी सारी सहायता आपेली छे, ते माटे तेओ पूज्योनो आ स्थले हुं सान्तःकरण उपकार मानुंछुं. यद्यपि पुस्तक लखतां सावचेती राखेली होवा छतां पण 'सहभूर्भ्रान्तिर्दुर्वारा' ए वाक्य मूजब कोइ पण स्थले साक्षरोनी नजरे हुं भूलेलो देखाउं, तो तेओ मने क्षमा करशे अने मने फरीथी भूल न थवा माटे सूचना करशे तो तेओनो हुं आभार मानीश.

वीरवर्ष २४३८.
कार्त्तिक कृष्ण अष्टमी
श्रीजैनयशोविजयसंस्कृतपाठशाला.
वाराणसी.

प्राकृतभाषोपासक—
**बेचर जीवराज.**
वला.
(काठियावाड).

# निवेदन ।

प्राकृत भाषाना वधता जता अभ्यासनुं आ साक्षात् प्रमाण छे के–आ मार्गोपदेशिकानी अमारे बीजी आवृत्ति वहार पाडवानी ज़रुर पडीछे. आशा छे के–आवीज रीते आ मधुर अने मूळ भाषाना अभ्यासनो विकास उत्तरोत्तर वधारे ने वधारे थतो रहेशे. दिलगीर छीए के कागळोना हदपार वधेला भावोना समयमांज अमारे आ आवृत्ति छपाववी पडेली होवाथी आ वखते किंमतमां न छूटके थोडो वधारो करवो पड्यो छे.

यशोविजय जैनग्रंथमाळा ऑफिस
हेरीसरोड–भावनगर.
ता. १२–७–१९.
} प्रकाशक.

# अनुक्रमणिका.


| विषय. | पानुं |
| --- | --- |
| मंगलादि | १ |
| साधारण सूचना अने वर्णमाला. | २ |
| वर्तमानकाळना त्रणे पुरुषना एकवचन, धातुओ, तेने लगता नियमो, प्राकृत, गुजराती वाक्यो. | ३ |
| वर्तमानकाळना त्रणे पुरुषना बहुवचन—बीजुं पूर्ववत्. | ५ |
| धातुओ अने वाक्यो. | ८ |
| स्वरान्त धातुओ, तेने लगता नियमो, संधिना नियमो अने वाक्यो. | ९ |
| प्रश्नो अने उपसर्गो. | ११ |
| प्रथमा विभक्ति, अकारांत, इकारांत, उकारांत, पुंलिंग तथा नपुंसक; अव्यय अने वाक्यो. | १३ |
| चालु शब्दो, बीजी विभक्ति अने वाक्यो. | १८ |
| चालु शब्दो, विशेषणो, तृतीय विभक्ति अने वाक्यो. | २१ |
| चालु शब्दो, चतुर्थी, पंचमी, षष्ठी, अने वाक्यो. | २८ |
| चालु शब्दो, सप्तमी, संबोधन अने वाक्यो. | ३५ |
| सारांश ( पूर्वोक्त शब्दनां सर्वविभक्तिनां रूपो ) तथा प्रश्नो. | ३९ |
| संख्यावाचक शब्दो, अव्ययो, आकारांत पुंलिंग. | ४२ |
| संपूर्ण आज्ञार्थ, विध्यर्थ, शब्दो, धातुओ, तत्संबन्धि नियमो अने वाक्यो. | ४९ |
| धातु, शब्दो अने वाक्यो. | ५० |
| स्त्रीलिंग, आकारांत, इकारांत, उकारांत, ऊकारांत शब्दो, प्रथमा, तथा द्वितीया विभक्ति, परचूरण शब्दो, धातुओ अने वाक्यो. | ५२ |

| विषय. | पानुं. |
|---|---|
| तृतीया, चतुर्थी, पंचमी, षष्ठी, सप्तमी, संबोधन, चालु शब्दो, धातुओ अने वाक्यो. | ५८ |
| सारांश ( पूर्वोक्त शब्दना बधां रूपो ) तथा सवाल. | ६३ |
| भूतकालना सघळा प्रत्ययो, धातुओ, शब्दो अने वाक्यो. | ६५ |
| धातु, ऋकारान्त शब्दोनां रूपाख्यान अने वाक्यो. | ७० |
| भविष्यकाल, क्रियातिपत्तिना सघळा प्रत्ययो, धातुओ, शब्दो अने वाक्यो. | ७३ |
| धातुओ, शब्दो अने वाक्यो. | ७८ |
| सवालो. | ८१ |
| कर्मणि, भावे प्रयोग, अपवादि धातुओ, शब्दो अने वाक्यो. | ८२ |
| हेत्वर्थ कृदन्त, संबन्धक भूत कृदन्त, वर्तमान कृदन्त, कर्मणि भूत कृदन्त, अनियमित कृदन्त, शब्दो, धातुओ अने वाक्यो. | ८६ |
| सवालो. | ९० |
| प्रेरकभेद, तेने लगता सामान्य विशेष नियमो, धातुओ, शब्दो अने वाक्यो. | ९१ |
| चालु—प्रेरक भेद, तेथी थता कृदन्तो, धातुओ, शब्दो अने वाक्यो. | ९६ |
| सवाल. | १०० |
| केटलाएक कृदन्तो तथा तद्धितना प्रत्ययो, शब्दो, धातुओ अने वाक्यो. | १०१ |
| नकारांत शब्दो, तेने लगता प्रत्ययो, अने तेनां रूपो, बीजा शब्दो, धातुओ अने वाक्यो. | १०६ |
| सवाल. | १११ |
| सर्वादि शब्दो, बीजा शब्दो, धातुओ, सर्वादिना त्रणे लिंगनां रूपो अने वाक्यो. | ११२ |

| विषय. | पानुं. |
| --- | --- |
| किं शब्द, तेने लगता त्रणे लिंगना नियमो, तेनां रूपो, शब्दो, धातुओ अने वाक्यो. | ११९ |
| यद्, तद्-शब्द, तेने लगता सर्वलिंगी नियमो, तेनां रूपो, बीजा शब्दो, धातुओ अने वाक्यो. | १२० |
| अदस् शब्द, तेने लगता त्रणे लिंगना नियमो, तेनां रूपो, बीजा शब्दो, धातुओ अने वाक्यो. | १२३ |
| इदम्-शब्द, तेना नियमो, रूपो; बीजा शब्दो धातुओ अने वाक्यो. | १२७ |
| एतद्, युष्मद्, अस्मद्नां बधां रूपो, तेना नियमो, बीजा शब्दो, धातुओ अने वाक्यो. | १३१ |
| संस्कृत शब्दोथी प्राकृत शब्दो बनाववाना नियमो. | १३७ |
| समासाख्यान अने शब्दो. | १४१ |
| उपदेशजनक प्राकृत श्लोको ( गाथाओ ) | १४४ |
| एक प्राकृत अधूरी कथा, लेखकना पूज्योनुं नामोल्लेखन तथा ग्रंथसमाप्तिनी प्रार्थना. | १४६ |
| शब्दकोश. | १–३८ |

શ્રી તારાબાઈ આર્યાજી સિદ્ધાન્ત ટ્રસ્ટ
તરફથી સપ્રેમ ભેટ.

॥ अर्हम् ॥

श्रीविजयधर्मसूरिगुरुभ्यो नमः ।

# प्राकृतमार्गोपदेशिका ।

सिद्धत्थं[1] सिद्धत्थांगयं गमिअमोहकोहसन्दोहं ।
भासासमूहविबुहं विबुहबुहनयं जिणं वीरं ॥ १ ॥
सव्वण्णुं[2] कलिकाले आयरिअं हेमचन्दभगवन्तं ।
सत्थविसारदजइणायरिअं गुरुं धम्मसूरिन्दं ॥ २ ॥
कुणन्ति[3] विग्घनासं जिणमुहसुहमंडवनडीसमाणं ।
सुअदेवअं अ सुद्धं अमच्चमहणिज्जपयजुगलं ॥ ३ ॥
सद्धाजुत्तं[4] धम्मे पिअरं जीवरायमुत्तमं माअं ।
बन्धवं हरिसचन्दं मह विन्नाणदाणनिआणं ॥ ४ ॥
सायरं[5] वन्दिऊणं वुच्छं पाययमग्गोवदेसिअं ।
बालाणं बोहत्थं गुरुसुकिवाए मन्दपवरो ॥ ५ ॥

( कुलयं )

---

१ वीतराग श्रीवीरभगवानने नमस्कार.

२ कलिकालसर्वज्ञ प्रभुश्रीहेमचन्द्राचार्यने तथा पूज्यपादगुरुश्रीशास्त्रविशारद जैनाचार्य श्रीविजयधर्मसूरिने वंदना.

३ श्रीश्रुतदेवताने प्रणमन.

४ पूज्य श्रीपिता तथा माताने तथा परमपूज्य उपकारी ज्येष्ठबंधु हर्षचन्द्रभाईने प्रणाम.

५ लेखक पोतानी लघुतापूर्वक अधिकारी, प्रयोजन तथा अभिधेयनुं सूचन करेछे.

## साधारण सूचना.

१ अहीं लखाता दरेक नियमो श्रीहेमचन्द्राचार्यविरचित सिद्धहेम व्याकरणने अनुसारेज जाणवा.

२ प्राकृतमां (संस्कृतमां जेम थाय छे तेम) द्विवचननो प्रयोग थतो नथी, परंतु तेने बदले 'बे' संख्यानो वाचक 'द्वि' शब्द-जोडी बहुवचनमां प्रयोग थायछे.

३ प्राकृतमां चतुर्थी विभक्तिने बदले षष्ठी विभक्ति वपरायछे, परंतु कोइ ठेकाणे चोथी विभक्तिनुं एकवचन संस्कृतनी तुल्य पण थायछे.

४ संस्कृत शब्द मांहेला जोडाक्षरो प्राकृतमां विशेष नियमोथी फारफेर कर्या सिवाय वपराता नथी.

५ 'अस् (थवुं)' धातुने छोडीने प्राकृतमां दरेक धातुओनी सरखी प्रक्रिया होवाथी अहीं गण, आत्मनेपद तथा परस्मैपद संबंधी विभाग करवामां आवशे नहि.

## वर्णमाला.

प्राकृतमां वपराता मूलाक्षरो नीचे प्रमाणेः—

### स्वर–

अ, आ, इ, ई, उ, ऊ, ए, ओ.

### व्यञ्जन–

क्, ख्, ग्, घ्, ङ्, च्, छ्, ज्, झ्, ञ्, ट्, ठ्, ड्,
ढ्, ण्; त्, थ्, द्, ध्, न्; प्, फ्, ब्, भ्, म्;
य्, र्, ल्, व्, स्, ह्.

## पाठ १ लो.

### वर्त्तमान काळ;

#### एकवचनना प्रत्ययो—

१ पुरुष, मि.
२ ,, सि, से.
३ ,, इ, ए.

धातु—

| | |
|---|---|
| बोल्ल्—बोलवुं. | तोड्—तोडवुं. |
| सोल्ल्—रांधवुं. | वीह्—बीवुं. |
| जाण्—जाणवुं. | पिज्ज्—पीवुं. |
| हण्—मारवुं. | पड्—पडवुं. |
| पुच्छ्—पूछवुं. | देक्ख्—देखवुं. |
| गरिह्—निंदा करवी. | छज्ज्—शोभवुं. |
| जेम्—जमवुं. | |

---

१ दरेक व्यञ्जनान्त धातुओने दरेक काळना पुरुषबोधक प्रत्ययो लगाडतां पहेलां विकरण प्रत्यय 'अ' उमेरवामां आवेछे, जेमके-बोल्ल्+अ+इ=बोल्लइ.

२ पहेला पुरुषना 'मि' प्रत्ययनो पूर्वना 'अ' नो 'आ' विकल्पे थायछे. जेमके-गरिह+मि=गरिहामि, गरिहमि.

३ ज्यारे धातु विकरण द्वारा अकारांत थयो होय अथवा मूलथीज अकारान्त होय त्यारेज बीजा तथा त्रीजा पुरुषना 'से' तथा 'ए' प्रत्ययो लगाडवामां आवेछे. प्रत्युदाहरण-वा+सि=वासि, वा+इ=वाइ.

४ वर्त्तमान काळ, भविष्यकाळ, आज्ञार्थ तथा विध्यर्थना प्रत्ययो

अने वर्त्तमान कृदन्तमां आवता दरेक प्रत्ययोनी पूर्वना विकरणना 'अ' नो 'ए' विकल्पे थायछे. जेमके बोल्लेइ, बोल्लइ.

५ धातुओ पछी आवेला वर्त्तमानकाळ, भविष्यकाळ, आज्ञार्थ तथा विध्यर्थना तमाम प्रत्ययोने ठेकाणे 'ज्ज' अने 'ज्जा' एवा बे आदेशो विकल्पे थायछे. जेमके-बोल्लेज्ज, बोल्लेज्जा, बोल्लइ.

६. 'ज्ज' अने 'ज्जा' नो पूर्वना 'अ' नो 'ए' नित्य थाय छे-

## 'बोल्ल्' धातुना त्रणे पुरुषनां एकवचननां रूपो-

१ पु० बोल्लेमि, बोल्लामि, बोल्लेज्ज, बोल्लेज्जा, बोल्लमि.
२ पु० बोल्लेसि, बोल्लसि; बोल्लेसे, बोल्लसे; बोल्लेज्ज, बोल्लेज्जा.
३ पु० बोल्लेइ, बोल्लइ; बोल्लेए; बोल्लए, बोलेज्ज, बोल्लेज्जा.

## वाक्यो-

| | | |
|---|---|---|
| जाणेमि । | देक्खेमि । | चयसे । |
| वीहसि । | जेमेसि । | हणमि । |
| नवेमि । | पडसि । | चलइ । |
| सोल्लेज्ज । | देक्खेइ । | डहामि । |
| तोडेइ । | छज्जइ । | पुच्छेज्जा । |
| छज्जामि । | जेमामि । | गरिहामि । |
| पिज्जसे । | पडइ । | जीवसि । |

## धातु-

| | |
|---|---|
| जिव्, जीव्—जीववुं. | चल्—चालवुं. |
| चय्—छोडवुं. | डह्—बाळवुं. |
| नव्—नमवुं. | *अस्—थवुं. |

* भूतकाळना प्रत्ययोने छोडीने दरेक काळना प्रत्ययोनी साथे अस् धातुनुं 'अत्थि' रूप थायछे, पण 'सि' प्रत्यय साथे 'अस्' नुं रूप 'सि' ज थायछे, तथा 'मि' प्रत्यय साथे 'अस्' नुं रूप 'म्हि' विकल्पे थायछे, तेमज बहुवचनना 'मो' अने 'म' प्रत्ययनी साथे 'अस्' नुं रूप 'म्हो' तथा 'म्ह' विकल्पे थायछे.

### गुजराती वाक्यो–

(हुं) बीउंछुं.
(ते) मारेछे.
(ते) जमेछे.
(ते) चालेछे.
(हुं) चालुंछुं.
(ते) बीएछे.
(तुं) पूछेछे.
(ते) पडेछे.
(हुं) बळुंछुं.
(ते) छोडेछे.
(हुं) बोलुंछुं.
(ते) छे.
(तुं) जाणेछे.
(ते) जाणेछे.
(तुं) नमेछे.
(तुं) जीवेछे.
(ते) देखेछे.
(हुं) जाणुंछुं.
(ते) रांधेछे.
(तुं) छे.
(हुं) छुं.
(ते) बळेछे.
(तुं) शोभेछे.
(अमे) छीए.
(तुं) बीएछे.

---

## पाठ २ जो.

द्विवचनवाळा वाक्यतुं प्राकृत करवा माटे प्रथमा तथा द्वितीया विभक्तिना 'द्वि' शब्दनां रूपो आपीए छीए–

दुण्णि, विण्णि, दोण्णि, वेण्णि, दुवे, दो, वे.

जेमके–दुवे नविमो–अमे वे नमीए छीए.

### वर्तमानकाळ (चालु)

### बहुवचनना प्रत्ययो–

१ पु० मो, मु, म.
२ पु० इत्था, ह.
३ पु० न्ति, न्ते, इरे.

---

## धातु–

| | |
|---|---|
| गच्छ्–जवुं. | नच्च्–नाचवुं. |
| नस्स्–नाश थवो. | बुज्झ्–जाणवुं. |
| सिज्झ्–सिद्ध थवुं. | पूस्–पोषण करवुं. |
| गेण्ह्–ग्रहण करवुं, लेवुं. | वेढ्–वींटवुं. |
| मुज्झ्–मुंझावुं, घेला थवुं. | फास्–स्पर्श करवो, अडकवुं. |
| जुज्झ्–लडवुं. | वन्द्–नमन करवुं. |

## वाक्यो–

| | | |
|---|---|---|
| नच्चिरे । | नच्चिमो । | नस्सामो । |
| पूसिम । | वेढन्ते । | सोहिरे । |
| वीहामो । | जाणाम । | जुज्झिमो । |
| चयित्था । | वे पुच्छिमो । | नविमो । |
| नच्चेह । | मुज्झित्था । | दो बोल्लामो । |
| गेण्हेह । | गच्छन्ति । | सिज्झेज्ज । |
| डहेज्जा । | बुज्झेज्जा । | जीवेज्ज । |

---

१ प्रथम पु० ना बहुवचनना प्रत्ययो पर रहेतां पूर्वना 'अ' नो 'आ' तथा 'इ' विकल्पे थाय छे. जेमके नच्चामो, नच्चिमो, नच्चमो.

२ ज्यारे स्वर पर होय त्यारे पूर्वनो स्वर लोपायछे. नच्च+इरे= नच्चिरे. आ नियम अमुक स्थळेज वपराय छे. माटे वापरनारे प्रयोग उपर ध्यान आपवुं.

## धातु—

कह्—कहेवुं.
निन्द्—निंदवुं.
कुण्, कर्—करवुं.
सूस्—सूकावुं.
रूस्—रोष करवो.

तर्—तरवुं.
सुण्—सांभळवुं.
जिण्—जितवुं.
चिण्—एकठुं करवुं.

---

## वाक्यो—

( अमे ) पाळीए छीए.
( तमे ) लो छो.
( अमे ) जाणीए छीए.
( तेओ ) पडेछे.
( तमे ) वींटोछो.
( तमे ) देखोछो.
( तमे ) एकठुं करोछो.
( तेओ ) सांभळेछे.
( अमे ) मुंझाइए छीए.
( तेओ ) जीतेछे.
( अमे ) लडीए छीए.
( तेओ ) नमेछे.
( अमे ) निंदीए छीए.
( तेओ ) लेछे.
( तमे ) वे मुंझाओछो.

( तेओ ) सूकायछे.
( तेओ ) वे नाचेछे.
( अमे ) कहीए छीए.
( तमे ) तोडोछो.
( तेओ ) स्पर्श करेछे.
( तेओ ) जीवेछे.
( अमे ) करीए छीए.
( तमे ) छो.
( तेओ ) पीएछे.
( तमे ) वे शोभोछो.
( तेओ ) वे सांभळेछे.
( तेओ ) तरेछे.
( तेओ ) रांधेछे.
( अमे ) रोष करीए छीए.

# पाठ ३ जो.

## धातु–

सुमर्–याद करवुं.
छिन्द्–छेदवुं.
पुण्–पवित्र करवुं.
थुण्–स्तुति करवी.
वच्च्–जवुं.
लुह्–साफ करवुं.
कुज्झ्–क्रोध करवो.
लुण्–कापवुं, लणवुं.
गण्ठ्–गुंथवुं.
गज्ज्–गाजवुं.
भिन्द्–भेदवुं, तोडवुं.
सिञ्च्–सिंचवुं.
मच्च्–मद करवो, हर्षकरवो.

## वाक्यो–

थुणिमो ।
लुणह ।
पुणिमो ।
वच्चासु ।
मच्चिम ।
छिन्दिमु ।
भिन्दिरे ।
कुज्झन्ते ।
गण्ठन्ति ।
लुहाम ।
दुवे सिञ्चन्ति ।
गज्जामु ।
सुमरिमु ।
वे नवह ।
पडिमो ।
दो देक्खिरे ।
पुच्छन्ति ।
वोल्लह ।
वीहन्ते ।
जाणिरे ।
हणन्ति ।

---

[ अमे ] गुंथीए छीए.
[ तेओ ] शुद्ध करेछे.
[ अमे ] सिंचीए छीए.
[ तेओ ] स्तुति करेछे.
[ अमे ] कोपीए छीए.
[ अमे ] नमीए छीए.
[ तेओ ] स्मरण करेछे.
[ तेओ ] जायछे.
[ तमे ] हर्ष करोछो.
[ हुं ] कापुंछुं.
[ ते ] सांभळेछे.
[ हुं ] थाउंछुं.
[ अमे ] जीवीए छीए.
[ तेओ ] वळेछे.

| | |
|---|---|
| [ तमे ] पडोछो. | [ अमे ] निंदा करीए छीए. |
| [ अमे ] मारीए छीए. | [ तुं ] तरेछे. |
| [ हुं ] वींटुंछुं. | [ हुं ] बीउंछुं. |
| [ तमे ] वे तरोछो. | [ तमे ] क्रोध करोछो. |
| [ तमे ] पवित्र करोछो. | [ अमे ] देखीए छीए. |
| [ अमे ] पूछीए छीए. | [ हुं ] शुद्ध करुंछुं. |
| [ तेओ ] गाजेछे. | [ ते ] वे नमेछे. |
| [ तमे ] रांधोछो. | [ हुं ] पीउंछुं. |
| [ तेओ ] शोभेछे. | [ ते ] वांदेछे. |

## पाठ ४ थो.

| | |
|---|---|
| ध्या—ध्यान करवुं. | जा—जवुं. |
| म्ला—म्लान थवुं, करमावुं. | हो—थवुं. |
| दा—देवुं, आपवुं. | धा—दोडवुं. |
| खा—खावुं. | वा—वावुं. |
| चिइच्छ—चिकित्सा करवी. | गा—गावुं. |

१ अकारान्त सिवायना स्वरान्त धातुओने विकरण प्रत्यय 'अ' विकल्पे लागेछे, उदाहरण—होअइ, होइ.

२ स्वरान्त धातुओ पछी आवेला वर्तमानकाळ, भविष्यकाळ, आज्ञार्थ तथा विध्यर्थना सघळा प्रत्ययोनी पूर्वे, 'ज्ज' तथा 'ज्जा' एवा आगमो विकल्पे मूकवामां आवेछे. जेमके—होज्जइ, होज्जाइ, *होज्ज, होज्जा.

३ 'खा' तथा 'धा' धातुओने बधा काळना बहुवचनना प्रत्ययो लागतां तेओने बदले अनुक्रमे 'खाद्' तथा 'धाव्' वापरवामां आवेछे.

* ( जूओ पाठ १ नियम ५ मो ).

## संधिना नियमो.

१ प्राकृतमां अंतरंग ( एटलेके एकज पदनी अंदर बे स्वरो साथे आव्या होय तोपण ) संधि थतो नथी, किंतु बहिरंग ( एटलेके बे पदोनी वच्चे ) संधि विकल्पे थायछे. उदाहरण–विसम+आयवो=विसमायवो, विसमआयवो.

२ भिन्नपदमां पण इ, ई, उ, ऊ पछी विजातीय स्वर आवे तो संधि थतो नथी. जेमके–हरी+उंघए.

३ भिन्नपदमां पण ए, ओ पछी कोइ पण स्वर आव्यो होय तो तेनो संधि थतो नथी. जेमके–रामो+अच्चइ.

४ क्रियापद पछी कोइ पण स्वर आव्यो होय तो तेनो संधि थतो नथी. जेम–होइ+इह, होइ इह.

### धातु–

| | |
|---|---|
| अच्च्–पूजवुं. | वड्ढ–वधवुं. |
| जग्ग्–जागवुं. | रुव्–रोवुं. |
| उंघ्–उंघवुं. | तोल्–तोळवुं. |
| वीसर्–भूलवुं. | भमड्–भमवुं. |
| जम्म्–जन्मवुं. | |

### वाक्यो–

| | |
|---|---|
| झाइ । | चिइच्छसे |
| होज्जह । | वान्ते । |
| खाअसि । | गाइत्था । |
| जासे । | मिलामि । |
| उंघिरे । | जग्गन्ते । |
| वीसरामि । | सिञ्चिमो । |
| नामु । | रुवह । |

| | |
|---|---|
| देन्ति। | भमडेज्ज। |
| वड्ढन्ते। | होज्जा। |
| झाअन्ति। | होज्जइ। |
| जम्मसि। | अच्चसे। |
| जन्ति। | जग्गह। |

संयुक्त व्यञ्जननी पूर्वना दीर्घस्वरनो प्रायः हूस्व थायछे. जा+न्ति =जन्ति; दा+अ+न्ति=दा+ए+न्ति=देन्ति=दिन्ति.

( अमे ) बे ध्यान करीए छीए.
( तेओ ) बे गायछे.
( तमे ) बे जाओछो.
( तेओ ) वधेछे.
( अमे ) बे करमाइए छीए.
( अमे ) उंघिए छीए.
( तेओ ) बे पूजेछे.
( तुं ) सींचेछे.
( तमे ) बे जीतोछो.
( ते ) नमेछे.
( तेओ ) याद करेछे.
( तेओ ) बे रांधेछे.
( तमे ) बे दोडोछो.
( अमे ) जीवीए छीए.

( हुं ) पीउंछुं.
( तुं ) भूलेछे.
( तेओ ) भमेछे.
( तमे ) बे पूछोछो.
( तेओ ) पेदा थायछे.
( अमे ) बे जाणीए छीए.
( तेओ ) छोडेछे.
( हुं ) बळुंछुं.
( तेओ ) बे मुंझायछे.
( अमे ) बे बीइए छीए.
( तेओ ) बे ग्रहण करेछे.
( हुं ) आपुंछुं.
( तेओ ) गरजेछे.

## ऊपरना चार पाठोमांना केटलाएक प्रश्नोः—

१ प्राकृतभाषामां वपराता स्वरो तथा व्यंजनो गणी बतावो, तथा वचनो केटलां छे, ते कहो.

२ होअइ, बोल्लेइ, खाअए, ते रूपोनी अंदर वे स्वर साथे होवा छतां संधि केम न थयो ?

३ क्या धातुओने विकरणप्रत्यय नित्य लागेछे, तथा क्या धातुओने विकल्पे लागेछे, ते बतावो.

४ होइ + अच्चेइ, बोल्लन्ते + उंघन्ति, अहीं भिन्नपदोमां स्वरसंधि केम न थयो ?.

५ प्रथम पुरुषना एकवचनना 'मि,' तथा बहुवचनना 'मो,' 'मु,' 'म,' प्रत्ययोनी पूर्वना अकारनुं शुं थायछे ?

६ 'ज्ज' तथा 'ज्जा' आ वे, आदेशरूपे तथा आगमरूपे क्यां वपरायछे ?.

७ अस्, खा, दा, हो, लुण् आ धातुओनां केटलांक रूपो लखो.

८ धा ( दोडवुं ) धातुनुं इरे प्रत्यय पर छतां केवुं रूप थाय ?.

---

## उवसग्ग.

उपसर्ग धातुनी पूर्वे आवी घणुं करीने धातुना असल अर्थमां न्यूनाधिक्य करी विशेष अर्थ बतावेछे. मुख्य उपसर्ग नीचे मूजबः–

१ अइ– हद बहार; अइबोल्लेइ–ते हद बहार बोलेछे.

२ अणु– पाछळ, सरखुं; अणुगच्छइ–ते पाछळ जायछे, अणुकरइ–ते अनुकरण करेछे.

३ अहि– ऊपर; अहिगच्छइ–ते ऊपर जायछे, ते मेळवेछे, एटले जाणी जायछे.

४ अहि– तरफ, पासे; अहिगच्छिज्जा–तेओ तरफ जायछे, तेओ पासे जायछे.

५ आ–सुधी, उलटुं; आगच्छइ–ते आवेछे.

६ अव, ओ– नीचे, दूर; अवतरइ, ओतरइ; नीचे जायछे, उतरेछे;

७ उ– ऊंचे; *उग्गच्छइ–ऊंचे जायछे, उगेछे.

८ उव, ओ, ऊ– पासे; उवपडइ, ओपडइ, ऊपडइ–पासे पडेछे.

९ णि, नि– नीचे, हमेशां; निपडइ–नीचे पडेछे. णिथुणइ–निरंतर स्तुति करेछे.

१० प– आगळ; पजाइ–आगळ जायछे.

११ पडि– सामुं; पडिवोल्लइ–सामुं बोलेछे.

१२ परा– सामुं, उलटुं; पराहोइ–सामो थायछे, पराभवकरेछे (हरावेछे) पराजिणइ– पराजय करेछे.

१३ वि– विशेष, नहि; विपुणइ–विशेष पवित्र करेछे. वियुंजइ–वियोग करेछे.

१४ सं– एकठा, साथे; संचलइ–साथे चालेछे.

---

## पाठ ५ मो.

### प्रथमा विभक्ति.

### १ अकारान्त नाम.

प्रत्ययो–

| | एकवचन. | अनेकवचन. |
|---|---|---|
| पुंलिंग. | ओ | आ. |
| नपुंसकलिंग. | म् | इं, इँ, णि. |
| | † अरिहंतो. | †अरिहंता. |
| | वणं. | वणाइं, वणाइँ, वणाणि. |

---

* ( पाठ ३० नियम बारमो (अ) जूओ )

† ( जूओ पाठ २. नियम २. )

## नाम ( पुंलिंग )

अरिहंत } पूज्य, राग-
अरुहंत } द्वेषरहित देव.
अरहंत }

आयरिअ } आचार्य, गणनो स्वामी.
आइरिअ }

अज्ज—वैश्य, वाणीओ.

उवज्झाय }
ओज्झाय } उपाध्याय, पाठक.
ऊज्झाय }

लोअ—लोक.

खमासमण—साधु.

जीव—जीव.

काउसग्ग—शरीरनो त्याग, कायोत्सर्ग.

धम्म—धर्म.

हरिस—हर्ष.

*नयण—आंख.

निव—राजा, नृप.

चन्द—चंद्रमा.

समुद्द—दरियो.

बुह—डाह्यो माणस.

हत्थ—हाथ.

पवण—वायरो, पवन.

आइच्च—सूर्य, आदित्य.

सग्ग—स्वर्ग.

नर } पुरुष.
णर }

विबुह—देव.

इन्द—इन्द्र.

---

१ नपुंसकलिंगवाळा नामोनी पहेली तथा बीजी विभक्तिना बहुवचननी पूर्वना ह्रस्व स्वरनो दीर्घ थायछे. जेमके- वणाइं, वारीइं, महूइं, महूइँ, महूणि.

## ( नपुंसकलिंग )

मत्थय—माथुं.

पाव—पाप.

नाण } ज्ञान.
णाण }

दंसण—श्रद्धा, सम्यक्त्व.

राईव—कमल, राजीव.

मंगल—पवित्र क्रिया.

वण—जंगल, वन.

धण—धन, दौलत.

मित्त—मित्र.

---

* प्राकृतमां ' आंख ' वाची दरेक शब्दो विकल्पे पुंलिंगमां वापरी शकायछे.

| | |
|---|---|
| चरण–चारित्र. | सुह–सुख. |
| वेयावच्च–सेवा. | मुह–मुख, मोढुं. |
| खित्त–क्षेत्र, शरीर. | फल–फळ. |
| वत्थ–वस्त्र. | नयण–आंख. |

---

२ पदने अन्ते मकारनो अनुस्वार नित्य थायछे. परन्तु तेनी पछी कोइ स्वर आव्यो होय तो तेनो अनुस्वार विकल्पे थायछे. जेमके—
धणम्=धणं. वणम्+अत्थि=वणं अत्थि, वणमत्थि.

---

वाक्यो—

| | |
|---|---|
| अरिहंतो पुणइ। | निवो खाअइ। |
| धम्मा पूसन्ति। | नयणाइं देक्खन्ति। |
| बुहो बुज्झइ। | पावं सूसइ। |
| लोओ लुणइ। | नाणं अत्थि। |
| दुवे वणाइं डहन्ति। | राईवाइँ छज्जन्ति। |
| नरो धाइ। | वत्थं पडइ। |
| उज्झायो बोल्लइ। | मत्थयं नवइ। |
| दुण्णि हत्था चिणन्ते। | मंगलं होइ। |
| समुद्दो गज्जिज्जा। | खित्तं नस्सइ। |
| णरा जीविरे। | हरिसा होन्ति। |
| इन्दो जिणइ। | पवणो वाइ। |

---

| | |
|---|---|
| चांदो शोभेछे. | वाणिओ तोळेछे. |
| राजाओ वांदेछे. | 'शरीरनो त्याग' थायछे. |
| आचार्य पूछेछे. | सूर्य उगेछे. |
| कमलो करमायछे. | बे मित्रो स्मरण करेछे. |

| | |
|---|---|
| शरीर वधेछे. | वे माणसो रांधेछे. |
| साधुओ जाणेछे. | डाह्या माणसो जीतेछे. |
| माणसो निंदेछे. | माथुं सूकायछे. |
| धर्म पवित्रकरेछे. | हाथ देछे. |
| वे कमलो पडेछे. | पाठक जमेछे. |
| देवो तजेछे. | |

---

## २. इकारान्त तथा उकारान्त नाम.

### प्रत्ययो—

| | एकवचन | बहुवचन |
|---|---|---|
| पुंलिंग. | ० | णो, अओ, अउ, ई. |
| नपुंसकलिंग. | म् | इं, इँ, णि. |
| | जलही | जलहिणो, *जलहओ, जलहउ, जलही. |
| | भाणू | भाणुणो, *भाणओ, भाणउ, भाणवो भाणू. |
| | दहिं | दहीइं, दहीइँ, दहीणि. |
| | महुं | महूइं, महूइँ, महूणि. |

---

३ पुंलिंग तथा स्त्रीलिंगना इकारान्त, उकारान्त, शब्दोनो अन्त्यस्वर प्रथमाना एकवचनमां दीर्घ थायछे. पुं० सुविही, भाणू, स्त्री० बुद्धी, धेणू.

इकारान्त तथा उकारान्त नामोनां रूपो, प्रत्ययो विगेरेनी बाबतोमां मळतां होवाथी उकारान्तनां रूपो पण साथेज आपवामां आवेछे, पुंलिंगमां तफावत मात्र एटलोज के प्रथमना बहुवचनमां

* ( जूओ पाठ २ नियम २ )

'अवो' प्रत्यय वधारे लागेछे. तेमज प्रथमा तथा द्वितीयाना बहुवचनना 'ई' प्रत्ययने बदले 'ऊ' लागेछे—

भाणवो ( प्र० नुं ), भाणू ( प्र० द्वि० नुं ) बहुवचन.

## नाम [ पुंलिंग ]

सुविहि—नवमा तीर्थंकरनुं नाम.
सरयरवि—शरदऋतुनो सूर्य.
सरयससि—शरदऋतुनो चन्द्र.
धरणीधरवइ—मेरुपर्वत, चक्रवर्त्ती.
तिअसगणवइ—इन्द्र.
नरवइ—राजा.
धणवइ—शेठ, धनवान.
मुणिवइ—मुनिराज.
दुंदुहि—देवताइ वाजुं.
भुअगवइ—शेषनाग.
जोइसवासि—ज्योतिष्क देव ( सूर्यविगेरे ).

विमाणवासि—वैमानिक देव.
रिसि, इसि—साधु.
सत्तु—शत्रु.
असि—तलवार.
हरि—इंद्र, सिंह.
जलहि—समुद्र.
निवइ—राजा.
भाणु—सूर्य.
अच्छि—आंख.
तरणि—सूर्य.

## ( नपुंसकलिंग )

अच्छि—आंख.
महु—मध.

वारि—पाणी.

## ( अव्यय )

न—नहि.

च—नक्की.

वाक्यो—

सरयससी छज्जइ ।
धरणीधरवउ जुज्झन्ति ।
नरवइणो वंदिरे ।
तिअसगणवई जिणइ ।
धणवई कहेज्ज ।
दुंदुही गज्जन्ति ।
भुअगवई चलइ ।
तरणी भमडेइ ।
दुवे रिसिणो नवन्ति ।
सत्तुणो कुज्झन्ति ।
वारिं डहइ ।
महूइँ पडन्ति ।
दहिमत्थि ।
दुण्णि अच्छीइं च देक्खन्ति ।
सुविही न कुज्झइ ।

---

तलवार कांपेछे.
बे इंद्रो जायछे.
समुद्र वधेछे.
सूर्य पूजेछे.
शरदऋतुनो चंद्र दोडेछे.
राजा जीवेछे.
ज्योतिष्क देवो गायछे.
वैमानिक देवो नाचेछे.
ऋषिओ जमेछे.
धनवानो ऊंघता नथी.
मुनिराजो ध्यान करेछे.
मध सुकातुं नथी.
अरिहंतो क्रोध करताज नथी.
डाह्या माणसो याद करेछे.

---

## पाठ ६ ट्ठो.

### द्वितीया विभक्ति.

#### १. अकारान्त नाम.

| | एकवचन. | बहुवचन. |
|---|---|---|
| पुंलिंग | म् | ए, आ. |
| | अरिहंतं. | अरिहंते, अरिहंता, |

नपुंसकलिंग— प्रथमा प्रमाणे.

## नाम ( पुंलिंग )

वीर—चोवीसमा तीर्थंकर, योद्धो.
दुक्खक्खय—दुःखनो क्षय.
लोगविरुद्धच्चाअ—लोकथी-विरुद्धनो त्याग.
मुत्त—मोक्षनो जीव.
जलण—अग्नि.
पाहाण—पत्थर.
संख—शंख.
इंगाल—अंगारो.
भगवन्त—ज्ञानवान, पूज्य.
भवसायर—संसाररूप समुद्र.
नमोक्कार } नमस्कार.
नमुक्कार } नमस्कार.
सावगधम्म—श्रावकनो धर्म (बारव्रत).
मणुअ—माणस.
विणय—विनय, नम्रता.
सावअ—श्रावक.
पण्ण—बुद्धिमान माणस.
मुक्ख—मोक्ष.
सीस—चेलो, शिष्य.
सिंघ—सिंह.
थूण } चोर.
थेण } चोर.
पुत्त—दीकरो.
जणय—बाप, पिता.
अंब—आंबो.
सीह—सिंह.
भिच्च—नोकर.
पाय—पग.
पुरिस—पुरुष.

---

## ( नपुंसकलिंग )

तत्त—तत्त्व, स्वरूप.
तण—घास.
नयर—शहेर.
मंस } मांस.
मास } मांस.
सरीर—शरीर.
सिव—कल्याण, मोक्ष.
चेइअ—देव मन्दिर.
कम्म—कर्म, कार्य.
पायच्छित्त—पापनुं शोधन.
दोगच्च—दुर्गति.
रुक्ख—वृक्ष, झाड.

---

## वाक्यो—

संखा गज्जन्ति ।
वीरो तत्तं कहेइ ।
पुत्तो जणयं थुणइ ।
चन्दो पविसइ ।
भगवन्ता भवसायरं तरन्ति ।
सीसा विणयं कुणन्ति ।
सावओ सावगधम्मं रक्खइ ।
पण्णो भगवन्तं अच्चेइ ।
जलणो रुक्खं डहइ ।
थेणा अम्बं तोडन्ति ।
बुहा मुक्खं जन्ति ।
मणुआ पायच्छित्तं करन्ति ।
सिंघा मंसं खादन्ति ।
मुत्ता जग्गन्ति च्च ।
धणाणि वड्ढन्ति ।

पवणा वाअन्ति ।
पाहाणा पडेज्जा ।
भिच्चा कम्मं वीसरन्ति ।
पुरिसा तत्तं सुमरेज्ज ।
रिसी नयरं पुणइ ।
सीहा तणं न भक्खन्ति ।
वीरा दुक्खक्खयं करन्ति ।
मुणिवइणो चेइअं गच्छन्ति ।
नरवई सिवं गेण्हइ ।
वारिं सूसइ ।
जणो मुहं देक्खइ ।
इसिणो फलाइं जेमन्ति ।
महूइं पिज्जन्ति ।
हरी सग्गं न चयइ ।

---

लोको पापने निन्देछे.
ऋषिओ चारित्रने पाळेछे.
चोरो दुर्गतिने ग्रहण करेछे.
बे शिष्यो पगने शुद्ध करेछे.
दीकराओ रडेछे.
पिता भमेछे.
बे सिंह मांस खायछे.
(तमे) बे फळ खाओछो.
नोकरो मद्य पीएछे.

पवनो झाडने स्पर्शेछे.
डाह्या पुरुषो पापने छेदेछे.
वाणिआओ धननुं ध्यान करेछे.
( अमे ) झाडोने सींचीए छीए.
माणसो कमलोने कापेछे.
(तेओ) बे नमस्कार करेछे.
शत्रुओ मुंझायछे.
चोर दोडेछे.
(अमे) ज्ञानने एकठुं करीए छीए.

वीरो कल्याण करेछे.
वृक्षो वधेछे.
वे नोकरो रांधेछे.
सिंह गरजेछे.
(तमे) वे गूंथोछो.

(तमे) वे वस्त्रोने वींटोछो.
उपाध्याय वे शिष्योने धर्म कहेछे.
मुनिराजो धनने तजेछे.
(तेओ) वे वे क्षेत्रने शुद्ध करेछे.
(अमे) पापने जाणताज नथी.

---

## २. इकारान्त, उकारान्त नाम.

प्रत्यय—

| | एकवचन | बहुवचन |
|---|---|---|
| पुंलिंग— | म्. | णो, ई. |
| | जलहिं. | जलहिणो, जलही |
| | भाणुं. | भाणुणो, भाणू. |

नपुंसकलिंग—प्रथमा प्रमाणे.

---

### नाम ( पुंलिंग )

सन्ति—शान्तिनाथ तीर्थंकरनुं नाम.
मुणि—साधु.
हत्थि—हस्ती, हाथी.
वाहि—रोग.
गुरु—धर्मोपदेशक.
अन्धु—कूवो.
जन्तु—जीव.
थाणु—महादेव.
अहिवइ—स्वामी, उपरी.
सारहि—सारथी, रथ हांकनार.

अलि—भ्रमर, मधमाखी.
अगणि—अग्नि.
दवग्गि—दावानल.
विहि—विधि, नसीब.
कलि—कजीओ.
असणि—वज्र.
मणि—मणि.
मेह—मेघ, वरसाद.
फलिह—स्फटिक.
निसंस—क्रूर.

---

## ( नपुंसकलिंग )

जउ—जतु, लाख.
जाणु—साथळ.
अररि—कपाट.
खाणु—स्थाणु, खीलो.

---

## ( अव्यय )

*अपि—पण

इच्छ्—इच्छवुं.
रक्ख्—पाळवुं.
अच्छ्—बेसवुं.
अणु+कुण्—अनुकरण करवुं.
आ+गच्छ्—आववुं.
प+विस्—प्रवेश करवो.
सलह्—श्लाघा करवी, प्रशंसा करवी.
वि+हर्—विहार करवो, फरवुं.
सन्नाम्—आदर करवो.

---

## वाक्यो—

हरिणो हणन्ति हत्थि ।
मुणिणो अगणिंपि न फासन्ति ।
अली विहरन्ति ।
वारिं सिञ्चन्ति मेहा ।
सारहिणो अहिवई सन्नामंते ।
निसंसो हणिज्ज हरिणो ।
सन्ति सलहेज्जा हरउ ।
विही वाहिणो न भिन्दइ ।
हत्थिणोवि सीहं जिणेन्ति ।
विहरन्ति सिव्रा ।
दुवे आइच्चं नविमु ।
भिच्चा अहिवइं अणुकुणन्ति ।
दुवे अच्छेह ।
मुणिवइणो सिवं च्च इच्छन्ति ।
निसंसा पावं गेण्हन्ति ।
दो सन्तिमच्चिम ।
निवइं नरा नवन्ति ।
जंतुणो अररिं करन्ति ।
जउं डहइ ।
वारीइँ अन्धु पविसन्ति ।

---

* आ अव्यय कोइ पण पदथी पर आव्युं होय, तो तेनी आदिनो अकार विकल्पे लोपायछे; तथा तेनी अंदरनो पकार ज्यारे स्वरथी पर होय त्यारे 'प' नो 'व' थायछे. हरी+अपि—हरीवि, हरीअवि. जलं+अपि—जलंपि, जलमवि.

| | |
|---|---|
| मुणिणो कलिं नेच्छन्ति । | खाणुं पडइ । |
| असणी आगच्छइ । | थाणुं सावआ फासन्ति वि न । |
| घणवइणो फलिहे चिणन्ति । | |

१ † 'अ' के 'आ' पछी ह्रस्व अथवा दीर्घ 'इ', 'उ' आवे तो तेओने बदले अनुक्रमे 'ए' अथवा 'ओ' विकल्पे मूकायछे.

---

| | |
|---|---|
| भमराओ मध खायछे. | (अमे)नगरमां प्रवेश करीए छीए.* |
| (हुं) सिंहोने मारुंछुं. | व्याधिओने इन्द्रो जीतेछे. |
| सारथि रथने अडकेछे. | (तेओ) बे सांभलेछे. |
| क्रूर माणसो तरवारोने इच्छेछे. | सिंहो गुस्से थायछे. |
| मुनिओ चारित्रने पाळेछे. | हाथीओ गर्जना करेछे. |
| पाणी अग्निने हणेछे. | दावानल वनने बाळेछे. |
| मेघ वृक्षोनुं पोषण करेछे. | स्फटिक शोभेछे. |
| वीरपुरुषो नसीबनो आदर-करता नथी. | भमराओ बेसेछे. |
| | बे दीकरा वस्त्रने गूंथेछे. |
| हुं प्रवेश करुंछुं. | बाप साथलने साफ करेछे. |
| (तमे) बे बेसोछो. | शांतिनाथ् कर्मोने छेदेछे. |
| ऋषिओ मन्दिरे जायछे.* | (अमे) कल्याणने इच्छीए छीए. |

---

## पाठ ७ मो.

### तृतीया विभक्ति.

### अकारान्त, इकारान्त तथा उकारान्त नाम.

प्रत्ययो—

| | | एकवचन | बहुवचन |
|---|---|---|---|
| अकारान्त | पुंलिंग— | एण | हिं, हिँ, हि. |
| | नपुंसकलिंग— | ,, | ,, |

---

* धातु सकर्मक होवाथी द्वितीया वापरवी.

| | | | | |
|---|---|---|---|---|
| | अरिहंतेण. | अरिहंतेहिं, | अरिहंतेहिँ, | अरिहंतेहि. |
| | वणेण. | वणेहिं, | वणेहिँ, | वणेहि. |
| इकारान्त तथा उकारान्त { पुंलिंग— | णा | हिं, | हिँ, | हि. |
| { नपुंसकलिंग—,, | | | ,, | |
| | जलहिणा. | जलहीहिं, | जलहीहिँ, | जलहीहि, |
| | भाणुणा. | भाणूहिं, | भाणूहिँ, | भाणूहि. |
| | वारिणा. | वारीहिं, | वारीहिँ, | वारीहि. |
| | महुणा. | महूहिं, | महूहिँ, | महूहि. |

---

१ तृतीया तथा सप्तमीना बहुवचनना प्रत्ययो लगाडतां पहेलां अन्त्य 'अ' नो 'ए' थायछे. अरिहंतेहिं; इत्यादि.

२ तृतीयाना, पञ्चमीना 'त्तो' प्रत्यय सिवायना, षष्ठीना तेमज सप्तमीना बहुवचनना प्रत्ययो लगाडतां पहेलां अन्त्य इकार तथा उकार दीर्घ थायछे, जेमके—जलहीहिं, भाणूहिं, वारीहिं, महूहिं, जलहीओ, जलहीउ, जलहीहिंतो, जलहीसुंतो, जलहीण, जलहीसु; विगेरे.

३ विभक्त्यन्त कोइ पण नाम ( नाम, सर्वनाम, विशेषण ) ने छेडे 'ण' अथवा 'सु' होय तो विकल्पे तेने बदले 'णं' तथा 'सुं' थायछे. अरिहंतेणं, अरिहंतेसुं, अरिहंतेण, अरिहंतेसु.

---

## नाम ( पुंलिंग )

भरहेसर—भरतेश्वर, चक्रवर्त्तीनुं नाम.
कोह—क्रोध.
उवहार—भेट, इनाम.

पाइक्क—पदाति, पाळो, पगे चालनार.
जत्त—यत्न.
सिलोग—श्लोक,

दह—द्रह, कुंड.
आतव—तडको.
जिणंद—तीर्थंकर.
बाण—तीर.
सहसागार—सहसाकार.
डसण } दांत.
दसण
डंड } लाकडी.
दंड
डोहल } मनोरथ, दोहद.
दोहल
डाह } बळवुं.
दाह

डंभ } कपट.
दंभ
कंदप्प—कामदेव.
बाहुबलि—भरत राजानो भाइ.
पयावइ—प्रजाप्रति, ब्रह्मा.
जक्ख—यक्ष.
जइ—यति, साधु.
सिहरि—पर्वत, शिखरी.
करेणु—हाथी.
महु—दारु, मदिरा.
भाणु—किरण.
साणु—शिखर.
मत्थु—साथवो.
जीवाउ—जीवातु, जीवाडनारुं, औषध.
कमंडलु—कमंडळ.

## ( नपुंसकलिंग )

धन्न—धान्य, अनाज.
इंधण—बळतण.
पाणिअ—पाणी.
बल—लश्कर.
भूसण—घरेणुं.
चक्क—चक्र, पैडुं.
रयण—रत्न.
मण—मन.
जीविअ—जीवित. जिंदगी.
दारु—काष्ठ, लाकडुं.
पुण्ण—पुण्य.
गेह—घर.

जन्त—संचो, यंत्र.
वयण—वचन.
सुअ—श्रुत, आगम, सिद्धान्त.
निल्लंछण—चिह्न रहित करवुं.
रुप्प—रुपुं.
मज्ज—मद्य, दारु.
सुवण्ण—सोनुं.
पुप्फ—पुष्प, फूल.
कम्बु—शंख.
सत्तु—साथवो.
पीलु—पीलु.

## * ( विशेषण )

सामाइअवयजुत्त—सामायिक व्रतथी युक्त.
उज्जोअगर—उद्योतकर, प्रकाश करनार.
विअट्टछउम—कपट वगरनो.
वीअराय—रागरहित.
समत्त—समस्त, सघळुं.
समत्थिअ—समर्थन करेलुं.

## ( अव्यय )

सह—साथे.
व—अथवा.
सइ—सदा, हमेशां.
विणा—वगर, सिवाय.

## धातु—

प+हर्—प्रहार करवो, मारवुं.
मेल्ल्—मेलवुं, मूकवुं.
घड्—घडवुं, चेष्टा करवी, बनाववुं.
थिप्प—तृप्त थवुं, धरावुं.
खिव्—फेंकवुं.
हर्—हरण करवुं.
धुण्—कंपवुं, धूणवुं.
विढव्—उपार्जन करवुं.
भञ्ज्—भांगवुं.
चुलुचुल्—फरकवुं.

---

## वाक्यो—

सावया निल्लंछणं न कुणन्ति ।
निवो दंडेण थेणे हणइ ।
जणा धन्नमिंधणेहिं सोल्लन्ति ।
मुणिणो सुअं सुणन्ति ।
बुहा वीरं रयणेहिं अच्चन्ति ।
पयावई जन्तेण जीवे घडेइ ।
साहुणो जत्तेणं नाणं विढवन्ति ।
निसंसा बाणेहिं सीहे पहरन्ति ।
चक्केहिं रहो चलइ ।
सरीरं छज्जइ भूसणेणं ।
निवा बाणेहिं सत्तवो जिणन्ति ।
कंदप्पं खिवइ वीअरायो वीरो ।
पवणेण रुक्खाणि चुलुचुलन्ति ।
जइणो रयणाइं न गेण्हन्ति ।
भमडेइ उज्जोअगरो भाणू ।
बुहा मज्जं पिज्जन्ति न ।

---

* विशेषणने विशेष्यनी जाति, विभक्ति तथा वचन लागेछे.

सावया पुप्फेहिं सन्तिमच्चन्ति ।
खादन्ति डसणेहिं हत्थिणो सिंबा।
दुवे न कुणिमो कम्मं ।
वयणं न सुणन्ति ।
थुणन्ति सिलोगेहि साहवो वीरं ।
अहिवइणो रक्खन्ति धणेण मिच्चे ।

विअट्टछउमो बाहुबली समत्तं देक्खइ ।
धणवइणो न थिप्पन्ति सुवण्णेहिं रुप्पेण व ।
पवणो रुक्खाइं भञ्जइ ।
मज्जइ नरहेसरो कोहं ।

---

हाथीओ मुखवडे गरजेछे.
सघळा जीवो अनाजवडे शरीरने पाळेछे.
रथो यंत्रो वडे चालेछे.
राजा लश्कर वडे शत्रुओने मारेछे.
कुंडो तडका वडे सूकायछे.
मेघवडे अनाज वधेछे.
( अमे ) पापवडे कंपीएछीए.
माणसो हाथे खायछे.
शिष्यो गुरुने माथावडे नमेछे.
डाह्यामाणसो वचनवडे बधा माणसोनो आदर करेछे.
सामायिक व्रतयुक्त श्रावक मनवडे पण जीवोने मारतो नथी.
( अमे ) तपवडे कामदेवने जीतीए छीए.

जीवोने ब्रह्मा बनावतो नथी.
( तेओ ) पगवडे नाचेछे.
( अमे ) रथ वडे जइए छीए.
* जीवनी साथे पुण्य चालेछे.
साधु पुण्ये करीने भव समुद्रने तरेछे.
सिंहो पाणी पीएछे.
द्रहो कमळोवडे शोभेछे.
( तेओ ) बे वनने वृक्षोवडे जाणेछे.
पुत्रोनी साथे पिता ऋषिओने वांदेछे.
( तमे ) बे लाकडा वडे घरोने बाळोछो.
ज्ञानवडे पुरुषो तत्त्वोने जाणेछे.
( तेओ ) बे धर्म वडे जीतेछे.

---

* सह तथा तेना अर्थवाळा शब्दोनी साथे जोडाएला नामो तृतीया विभक्ति ले छे.

( तेओ ) बलात्कारे पण मांस खाता नथी.
माणसो मदिरा वडे मुंझायछे.
* जीव धान्य विना शरीरने छोडेछे.
( अमे ) हर्ष वडे पूछीए छीए.
(अमे) बे मनवडे ध्यान करीए छीए.
साधुओ हमेशां पगवडेज विहार करेछे.

---

## पाठ ८ मो.

### चतुर्थी[†] षष्ठी तथा पंचमी विभक्ति.

प्रत्ययो–

| | एकवचन. | बहुवचन. |
|---|---|---|
| अकारान्त पुंलिंग तथा नपुंसकलिंग | स्स | ण |
| ,, | त्तो, ओ, उ, हि, हिंतो, ०(लुक्). | त्तो, ओ, उ, हि हिंतो, सुंतो. |
| | अरिहंतस्स | अरिहंताण. |
| | अरिहंतत्तो, अरिहंताओ, अरिहंताउ, अरिहंताहि, अरिहंताहिंतो, अरिहंता. | अरिहंतत्तो, अरिहंताओ, अरिहंताउ, अरिहंताहि, अरिहंतेहि, अरिहंताहिंतो, अरिहंतेहिंतो, अरिहंतासुंतो, अरिहंतेसुंतो. |

"वण" शब्दना रूपो पण ऊपर प्रमाणे जाणी लेवा.

१ पञ्चमीना बहुवचनना 'ओ,' 'उ' प्रत्यय पर छतां अकारान्त नामोना अंत्य 'अ' नो 'आ' थायछे तेमज 'हि,' 'हिंतो' तथा

---

* 'विना' नी साथे जोडाएला नामो, द्वितीया, तृतीया अथवा पञ्चमीमां वपरायछे.

† साधारण सूचना नियम २ जूओ.

'सुंतो' प्रत्यय पर छतां अन्त्य 'अ' नो 'आ' तथा 'ए' थायछे
पष्ठीना बहुवचनना 'ण' प्रत्ययनी पूर्वे 'अ' नो 'आ' थायछे.

२ अकारान्त तथा इकारान्त, उकारान्त नामोना पञ्चमीना एकवचनना 'णो, त्तो' ए बे प्रत्ययो सिवायना प्रत्ययो (तथा०लुक् प्रत्यय) पर छतां अन्त्य स्वर दीर्घ थायछे.

---

| | एकवचन | बहुवचन |
|---|---|---|
| उकारान्त इकारान्त पुंलिंग तथा नपुंसकलिंग. | णो, स्स | ण |
| ,, | णो, त्तो, ओ, उ, हिंतो. | त्तो, ओ, उ, हिंतो, सुंतो. |
| | जलहिणो, जलहिस्स. | जलहीण. |
| | जलहिणो, जलहित्तो, जलहीओ, जलहीउ, जलहीहिंतो. | जलहित्तो, जलहीओ, *जलहीउ, जलहीहिंता, जलहीसुंतो. |

'वारि' शब्दना रूपो ऊपर प्रमाणे.

| | |
|---|---|
| भाणुणो, भाणुस्स. | भाणूण. |
| भाणुणो, भाणुत्तो, भाणूओ, भाणूउ, भाणूहिंतो. | भाणुत्तो, भाणूओ, भाणूउ, भाणूहिंतो, भाणूसुंतो. |

'महु' ना पण तेज प्रमाणे जाणवा.

---

## नाम ( पुंलिंग ).

नातपुत्त—महावीर तीर्थंकर.
बम्हण—ब्राह्मण.
डिम्भ—बालक.
तरु—झाड, वृक्ष.
कुलिंगि—मिथ्यात्वी.
विहु—चंद्रमा, विधु.
मयारि—मृगारि, सिंह.
सूरि—आचार्य, पंडित.

---

* जूओ नियम २ पाठ ७.

दीव—दीप, दीवो.
धीर—धीरजवान.
घोडअ, घोड—घोटक, घोडो.
पाणाइवाय—प्राणातिपात, हिंसा.
पावपबंध—पापनी रचना.
उवएस—उपदेश.
जलहर—मेघ.
भत्त—भात, भक्त.
साहम्मिअ—सरखा धर्मवाळो.
भारवह—मजूर.
संभु—तीर्थंकर, शंकर.
सत्त—जीव, प्राणी.
दिअह—दिवस.
अइआर—अतिचार, दोष.
मुसावाय, मूसावाय, मोसावाय—मृषावाद, जूठ असत्य.

मणुअ—माणस.
मन्नु—मन्यु, क्रोध.
विहस्सइ—बृहस्पति, देवनो गुरु.
*वह—वध, घात.
ससि—चंद्र.
सिंधु—समुद्र.
झुणि—ध्वनि, शब्द.
पाणि—हाथ.
बाहु—हाथ.
उरु—साथळ.
मउलि—मुकुट.
मणिलाल—विशेषनाम छे.
विज्जत्थि—विद्यार्थी.
मयरन्द—मकरंद.
मुरुक्ख—मूर्ख माणस.
विजयधम्मसूरि—'विजयधर्म' नामना जैनाचार्य.

## नपुंसकलिंग.

विज्जालय—पाठशाला.
सिंघासण—सिंहासन.
रज्ज—राज्य.
आसण—आसन, बेठक.
उज्जाण—उद्यान, वाडी.
कल्लाण—कल्याण, सारुं.

भोअण—भोजन, खावानुं.
धण—पैसो.
दुक्कड—दुष्कृत, खराब काम.
सिंग—शींगडुं, शिखर.
थाम—बळ, स्थाम.
लोअग्ग—लोकाग्र, मोक्ष.

* "वधने माटे" एम चतुर्थी एकवचनमां बोलवुं होय त्यारे 'वह' थकी 'आइ' प्रत्यय विकल्पे लागेछे; वहाइ, वहस्स.

छीर } दूध.
(आर्प) खीर }
सर—सरोवर.

जोअण—चार गाउ.
अदिन्नादाण—अदत्तादान, नहिं अपायेलुं लेवुं ते.

## विशेषण.

उवगय—पासे गएलुं, पहोंचेलुं.
ओहरिअभर—अवहृतभर, जेणे भार नीचे उतार्यो छे एवुं.
पढम—पहेलुं.
दुइअ—बीजुं.

तइअ—त्रीजुं.
चउत्थ—चोथुं.
गुरु—भारे, मोटुं.
साउ—स्वादिष्ठ, स्वादु.
सुइ—शुचि, शुद्ध.

## ( अव्यय )

*णमो } नमस्कार.
नमो }
उवरि—ऊपर.
किर—निश्चय, नक्की.

थू—निंदा वाचक.
अम्मो—आश्चर्य द्योतक.
अ } अने.
च }

## धातु—

पडि+कम्—पाछुं हठवुं.
हरिस्—हर्ष पामवो.
उव+दिस्—उपदेश करवो.
धर्—धारण करवुं.
प+यास्—प्रकाश करवो.
चोर्—चोरवुं.
प+मज्ज्—प्रमाद करवो, चूकवुं, भूलवुं.

ताड्—मारवुं.
परिसाम्—शांतथवुं.
खिर्—खरवुं, झरवुं.
खेड्ड्—रमवुं, खेलवुं.
सिर्—सरजवुं, बनाववुं.
वो+सिर्—त्याग करवो.

---

* आ अव्ययना योगमां आवनार नामने पष्ठी विभक्ति वापरवी.

## वाक्यो—

बम्हणा हरिसेणं*भोअणाय धावन्ति।
पाइक्को गच्छइ नयराय।
हरिसइ निवो उवहारत्तो।
णमो अरिहंताणं।
धम्मं विणा दोगच्चं गेण्हंति समत्ता जणा।
सीहेहिंतो वीहन्ति किर पुरिसा।
जला अगणिणो परिसामन्ति।
वीरो हत्थेणं बाणेण च जिणइ सत्तुणो।
हत्थिणो पडन्ति सिंगेसुंतो।
थूणा निवाणं सुवण्णं रुप्पं च चोरन्ति।
पावा रक्खेइ जणे नायपुत्तो।
खीरं पिज्जन्ति ओहरिअभरा भारवहा।
ससिणो किरणाउ उज्जाणं पयासन्ति।
कुलिंगिणो वीरं न अच्चन्ति मणेणवि।
धीरा हत्थेहि तरंति सिंधुं।
अदिन्नादाणं न गेण्हिमो दुण्णि।
विहस्सई तिअसगणवइणो गुरू अत्थि।
पुप्फेहिं अच्चेसि मुक्खाय पढमं वीअरायं।
दीवो चुलुचुलइ पवणेण।
साहू पुण्णाय सरीरं वोसिरइ।
सुहेणं उंघइ नरवइणो तइओ पुत्तो।
हत्थिणो खेड्डन्ति सिहरीणं सिंगाण उवरि।
भाणुणो सिंगं पयासन्ति।
साहुणो सावया च मुक्खं नहि गच्छन्ति विणा दंसणं विणा नाणेण विणा चरणा च।
विज्जालयस्स मणिलालो विज्जत्थी अत्थि।
सिंधुत्तो जलाइ मेहा चोरन्ति।
गुरुणो मुहत्तो मूसावायं न-वोल्लन्ति।
चउत्थस्स जिणंदस्स नमो।
घोडआ पायेहिं उज्जाणाय वच्चन्ति।
समत्ता पावपबंधा पायच्छित्तेण परिसामन्ति।
रज्जं विढवन्ति थामाउ अन्जा।

---

* "ने माटे, ने वास्ते" एवा अर्थमां अकारान्त नामो चतुर्थीनां एकवचनमां विकल्पे 'आय' प्रत्यय लेछे. तेमज इकारान्त पुंलिंग 'अये', उकारान्त पुंलिंग 'अवे' अने इकारान्त उकारान्त नपुंसक नामो 'णे' प्रत्यय विकल्पे चतुर्थी एकवचनमां लेछे-जिणाय, जिणस्स. हरये हरिस्स. गुरवे, गुरुस्स. वारिणे वारिस्स इत्यादि.

શ્રી તારાબાઈ આર્યાજી સિન્દ્રાન્ત ટ્રસ્ટ
તરફથી પ્રેમ ભેટ.



उद्यानना फूलो तडकाथी करमाय छे.
(तेओ)वे चन्द्रमाथी हर्ष पामे छे.
सूर्यना ताप वडे द्रहोनां पाणी सूकाय छे.
वन समुद्रथी चार गाउ छे.
वरसादथी मजूरो मुंझाय छे.
वे मिथ्यात्वीओ पुत्रने माटे यक्षने पूजेछे.
ब्राह्मणोना बाळको हर्षथी दूधनी साथे भात जमेछे.
क्रोधथी पुण्य नाश पामेछे.
( तेओ ) वे दंडवडे पर्वतना शिखरोने तोडेछे.
आश्चर्य ! वे हाथीओ दांत वडे सिंहने हणे छे.
वीरपुरुषो खराब काम करता नथी.
(अमे) उपाध्याय पासेथी सिद्धान्तोने सांभळीए छीए.
चोथा तीर्थंकरने मोक्षने माटे चित्तवडे सेवीए छीए.
राजानो दीकरो बळवडे आनन्दने सारु सिंहने मारेछे.
(तेओ) वे वृक्षो थकी स्वादिष्ठ फळोने सुखने माटे तोडेछे.

सिंहो तळावमांथी पाणी पीएछे.
राजाओ राज्योनुं शत्रु थकी रक्षण करेछे.
( हुं ) धर्मने माटे जीवनो त्याग करुंछुं.
छोकरो बाप पासेथी धन एकठुं करेछे.
( ते ) वाडीमांथी फूलो चोरेछे.
वरसादथी धान्य थायछे.
राजा सिंहासननी ऊपर वेसेछे.
चन्द्रथकी नेत्रो हर्षने ग्रहण करेछे.
भमराओ फूलोमांथी शुद्ध मकरन्द पीएछे.
( अमे ) ज्ञानने माटे गुरुओनो विनय करीए छीए.
लोकाग्रे पहोंचेला सिद्धोने नमस्कार.
मूर्खाओ धर्मथी चूके छे.
पापथी दुःख थाय छे.
विजयधर्म्मसूरि तत्त्वोने उपदेशेछे.
(अमे) पापथी पाछा हठीए छीए.
पर्वतथी अग्नि झरेछे.
धर्म दुर्गतिमांथी जीवने धारण करेछे.

# पाठ ९ मो.

## सप्तमी.

### प्रत्यय–

| | एकवचन | बहुवचन |
|---|---|---|
| अकारान्त पुंलिंग तथा नपुंसकलिंग | ए, म्मि. | सु. |
| | अरिहंते, अरिहंतम्मि. | *अरिहंतेसु. |
| | वणे, वणम्मि. | वणेसु. |
| इकारान्त, उकारान्त पुं० तथा नपुं० | म्मि. | सु. |
| | जलहिम्मि. | जलहीसु‡ |
| | भाणुम्मि. | भाणूसु. |
| | वारिम्मि. | वारीसु. |
| | महुम्मि. | महूसु. |

## संबोधन.

| | एकवचन. | बहुवचन. |
|---|---|---|
| अकारान्त पुं– | ओ, आ, अ. | प्रथमाप्रमाणे. |
| अकारान्त नपुं– | ० | ,, |
| | हे अरिहंतो, हे अरिहंता, हे अरिहंत. | हे अरिहंता. |
| | हे वण, | हे वणाइं, हे वणाइँ, हे वणाणि. |

---

* पाठ. ७ नियम १ जुओ.

‡ पाठ ७, नियम २ जुओ.

| | | | |
|---|---|---|---|
| ईकारान्त तथा उकारान्त | पुं—ई, इ. | | प्रथमाप्रमाणे. |
| | ऊ, उ. | | ,, |
| | नपुं—० | | प्रथमाप्रमाणे. |
| | | हे जलही, हे जलहि. | हे जलहिणो, हे जलहओ, हे जलहउ, हे जलही. |
| | | हे भाणू, हे भाणु. | हे भाणुणो, हे भाणवो, हे भाणओ, हे भाणउ, हे भाणू. |
| | | हे वारि. | हे वारीइं, हे वारीइँ, हे वारीणि. |
| | | हे महु | हे महूइं, हे महूइँ, हे महूणि. |

## नाम ( पुंलिंग )

वाणर—वांदरो.
सढ—शठ, लुच्चो.
विवाह—लग्न, परणवुं.
किसाणु—कृशानु, अग्नि.
किविण—कृपण.
उसह—वृषभ, बलद.
दइच्च—दैत्य.
मुइंग—मृदंग नामनुं वाजुं.
संघार—संहार.
सिमिण, सिविण, (आर्ष) सुमिण } स्वप्न.
छाव—शाव, बालक.
पणाम—नमस्कार.
मंतु—अपराध.

रसच्चाय—रसनो त्याग.
विहव—विभव, संपत्ति.
लोह—लोभ.
बन्धु—भाइ, सगो.
सव्वण्णु—सर्वज्ञ.
रिवु—रिपु, शत्रु.
जोगि—योगी.
कवि—कवि, कपि.
निहि—भंडार.
आयर—आदर.
हरगोविन्द—विशेष नाम.
पइ—पति.
मग्ग—मार्ग.
सिद्धसेण—सिद्धसेन, एक जैन महाकवि.

## नपुंसकलिंग

कमल—कमल.
घय—घृत, घी.
कव्व—काव्य.
पण्ण—पर्ण, पांदडुं, पानुं.
अमय—अमृत, मोक्ष.
हिम—बरफ.
सुंदेर—सौंदर्य, सुंदरता.
वइर—वैर, शत्रुता.
जूह—यूथ, जथ्थो.
जढर—जठर, पेट.
अंसु—आंसु, अश्रु.
वसु—पैसो.
परत्थकरण—परोपकार.
लंगूल—पूछडुं.
गरल—झेर.
छीअ—क्षुत, छींक
घर—गृह, घर.
जिणहर—जिनगृह, मंदिर.
गहवइ—गृहपति.
तितउ—चालणी.
बिंदु—बिंदु, टीपुं.
गयण—आकाश, गगन.
दुस्सउण—अपशुकन.

---

## विशेषण—

गेज्झ—ग्राह्य, ग्रहणकरवा लायक.
नायव्व—ज्ञातव्य, जाणवायोग्य.
असुद्ध—अशुद्ध.
जगभावविअक्खण—दुनियाना पदार्थोने जाणनार.
दायय—दायक, आपनार.
सच्च—साचुं, सत्य,
अट्ठावयसंठविअरूव—जेनी प्रतिमा अष्टापद पर्वतमां स्थपाएली छे ते.
खार—क्षार, खारुं.
कम्मट्ठविणासण—आठ कर्मोनो नाश करनार.
अप्पडिहयसासण—जेनी आज्ञा स्खलना नथी पामती ते.
मणहर—मनोहर.
जिट्ठ—मोटुं, ज्येष्ठ.
जुट्ठ—जुष्ट, सेवाएलुं.
संथुअ—संस्तुत, स्तुति कराएलुं.
वुड्ढ—घरडुं.
पुट्ठ—पुष्ट.

## अव्यय—

अहो—अधः, नीचे.
सणिअं—शनैः, धीमे धीमे.
निच्चं—नित्य.
सया—सदा.
अज्ज—आजे.

## धातु—

चड्—चडवुं.
रम्प्—पातळुं करवुं.
पढ्—भणवुं.
करिस्—खेंचवुं.
वह्—वहन करवुं.
मरिस्—विचारवुं.
सम्+अव+सर्—समवसरवुं, आववुं.

---

## वाक्यो—

दहम्मि कमलाइं उग्गच्छन्ति ।
उज्जाणम्मि गुणेहिं जिट्ठो सव्वण्णू जिणो समवसरइ ।
जणे तत्तमुवदिसइ नयरे रिसीहिं जुट्ठो हरीहि संथुओ अ वीरो ।
आसणम्मि अच्छइ तिअसगणवई ।
मुणी जग्गइ दिअहे ।
भारवहा नयरम्मि घयं वहन्ति ।
विज्जत्थिणो घरे पढन्ति ।
वणेसुं धावन्ति सिंचा ।
मयारीणां जूहं वणम्मि विहरइ ।
कम्मट्ठविणासणो नायपुत्तो रम्पइ णिच्चं जीवाणं पावं ।
मग्गम्मि छावा अहो पडन्ति ।
पुरिसो घोडअं चडइ ।
किविणा वम्हणा भोअणम्मि विघयं न खादन्ति ।
दइच्चेहिंतो जणा वीहन्ति ।
रिवुणो मणुआणं कुज्झन्ति ।
विवाहे सुहं न जाणिमो दो ।
मुणीणं वयणं सच्चं ।
दइच्चा सत्ताणं संघारं कुणन्ति ।
अगणित्तो करिसइ जणओ पुत्तस्स हत्थं ।
सिहरिम्मि हिमाणि पडन्ति ।
बाहुवली भरहेसरेण सह जुज्झइ रज्जाय ।
कविणो कव्वेहिं थुणन्ति जिणे मुक्खाय ।
इसिणो करन्ति रसच्चायं ।

जणा न पिज्जन्ति सिंधुणो खारं वारिं।
*धम्मो च्चिअ गेज्झो ।
मणुएहिं मणम्मि पुण्णं तत्तं नायव्वं ।
जलाणं निही जलहरो ।
उसहा उंघन्ति ।
बंधुणो वसुणे मरिसन्ति ।
लोहो दुक्खं देइ जोगीणं पि ।
वुड्ढो सणिअं सणिअं चलइ दंडेणं।

पुरिसा पडिक्कमन्ति पावाउं ।
पडन्ति पण्णाइं तरुणो !
नायपुत्तो जणाणं मत्थयम्मि हत्थं मेल्लइ ।
विजयधम्मसूरीणं मुहत्तो हरगोविंदो मणिलालो च उवदेसं सुणइ ।
हे पुरिसा ! विजयधम्मसूरी अज्ज नयरं पविसइ ।

---

घरमां पवन वडे सुख थायछे.
मुनियो स्वप्नमां पण विवाह करता नथी.
ब्रह्मा दंड वडे धीमे धीमे चाले छे.
(अमे) समुद्रमां विष देखता नथी.
मनोहर वनमां पुरुषो रमेछे.
खेतरमां धान्य थायछे.
सूर्य वडे दिवस शोभेछे.
कामदेव महादेवने पण दुःख देछे.
हाथीओनुं टोळुं मार्गमां दोडेछे.
इंद्रना कल्याण माटे बृहस्पति विचार करेछे.
बाळकोनी आंखोमां आंसु आवेछे.

वांदराओना पूछडाओने बाळको अडकेछे.
मृदंगनी साथे कवि गायछे.
छींक वडे अपशुकन थायछे.
पुत्रो पिताने प्रणमेछे.
भाइओ युद्ध करेछे.
सघळा कविओमां† सिद्धसेन प्रथमछे.
योगी तडकाने ग्रहण करेछे.
समूद्रमां झेरछे.
चोरो धन माटे राजाना घर ऊपर चडे छे.
तेओ लोभथी पीळु चोरेछे.

---

* जे वाक्यमां कोइपण क्रियापद न होय त्यां 'अस्' धातुनो प्रयोग करवो.

† आवा स्थलमां सप्तमी अथवा षष्ठी विभक्ति वपरायछे. जेमके कवीसु, कवीणं.

मणिलाल फूलो तथा फळोने झाडथकी फेंकेछे.
हे जगना पदार्थने जाणनार वीर ! अमे नमीए छीए.
लुच्चाओ पापथी बीता नथी.
बळदीआओ रथोने वहन करेछे.
ब्राह्मणो पैसा माटे भमेछे.
सिंह अग्निथी नासेछे.
आकाशमां मेघ गर्जना करेछे.
देवो अरिहंतोने नमस्कार करेछे.
(तमे) वे अरिहंतने पूजो छो.

## सारांश.

### पुलिंगम्मि अयन्तो जिणसद्दो.

| | एकवचन | बहुवचन |
|---|---|---|
| १. | जीणो. | जिणा. |
| २. | जिणं. | जिणे, जिणा. |
| ३. | जिणेण, जिणेणं. | जिणेहि, जिणेहिं, जिणेहिँ. |
| ४. | जिणाय, जिणस्स. | जिणाणं, जिणाण. |
| ५. | जिणत्तो, जिणाओ. जिणाउ, जिणाहि, जिणाहिंतो, जिणा. | जिणत्तो, जिणाउ, जिणाओ, जिणेहि, जिणाहि, जिणेहिंतो, जिणाहिंतो, जिणासुंतो, जिणेसुंतो. |
| ६. | जिणस्स. | जिणाण, जिणाणं. |
| ७. | जिणे, जिणम्मि. | जिणेसु, जिणेसुं. |
| | सं०—हे जिणो, जिणा, जिण. | जिणा. |

### नपुंसए अयन्तो वणसद्दो.

| | | |
|---|---|---|
| १. | वणं | वणाइं, वणाइँ, वणाणि |
| २. | ,, | ,, ,, |

सबोधन—हे वण. वणाइं, वणाइँ, वणाणि

शेष रूपाख्यान पुंलिङ्ग प्रमाणे.

### सुविहि—पुंलिंग

| | |
|---|---|
| १. सुविही. | सुविहउ, सुविहओ, सुविहिणो, सुविही. |
| २. सुविहिं. | सुविहिणो, सुविही. |
| ३. सुविहिणा. | सुविहीहि, सुविहीहिं, सुविहीहिँ. |
| ४. सुविहये, सुविहिस्स. | सुविहीणं, सुविहीण. |
| ५. सुविहिणो, सुविहित्तो, सुविहीओ, सुविहीउ, सुविहीहिंतो. | सुविहिणो, सुविहित्तो. सुविहीओ, सुविहीउ, सुविहीहिंतो, सुविहीसुंतो. |
| ६. सुविहिस्स. | सुविहीणं, सुविहीण. |
| ७. सुविहिम्मि. | सुविहीसुं, सुविहीसु. |
| सं.—सुविहि, सुविही. | सुविहउ, सुविहओ, सुविहिणो, सुविही. |

### वारि—नपुंसक.

| | |
|---|---|
| १. वारिं | वारीइं, वारीइँ वारीणि |
| २. ,, | ,, ,, |
| ४. वारिणे वारिस्स | वारीणं, वारीण. |
| सं—हे वारि | वारीइं, वारीइँ, वारीणि |

शेष रूप पुलिङ्ग प्रमाणे.

### भाणु—पुंलिङ्ग.

| | |
|---|---|
| १. भाणू | भाणवो, भाणओ, भाणउ, भाणुणो, भाणू. |
| २. भाणुं | भाणुणो, भाणू. |
| ३. भाणुणा | भाणूहिं, भाणूहिँ, भाणूहि. |
| ४. भाणवे भाणुस्स | भाणूणं, भाणूण. |

| | | |
|---|---|---|
| ५. | भाणुणो, भाणुत्तो, भाणूओ, भाणूउ, भाणूहिंतो. | भाणुणो, भाणुत्तो, भाणूओ, भाणूउ, भाणूहिंतो, भाणूसुंतो. |
| ६. | भाणुस्स. | भाणूणं, भाणूण. |
| ७. | भाणुम्मि. | भाणूसुं, भाणूसु. |

सं--हे भाणू, भाणु. हे भाणुणो. भाणओ, भाणवो, भाणउ, भाणू.

---

### मधु—नपुंसक.

| | | |
|---|---|---|
| १. | मह्रुं. | मह्रूइं, मह्रूइँ, मह्रूणि. |
| २. | ,, | ,, ,, |
| सं--हे | मह्रु. | ,, ,, |
| ४. | मह्रुणे मह्रुस्स. | |

शेष रूप पुंलिंग प्रमाणे.

---

### विद्यार्थिओने पूछवा माटे सामान्य प्रश्नो.

१. पदने अन्ते आवेला 'म्' नुं शुं थायछे ?.

२. पदान्त 'म्' पछी कोइ पण स्वर आवे तो शुं थाय ?.

३. 'अ' तथा 'इ' मळीने शुं संधि थाय ? तेनुं उदाहरण पण आपो.

४. दंडेणं, भाणूणं, हरीसुं; आ रूपोनी अन्दर अनुस्वार कया नियमथी थयो ?.

५. "विना" ना योगमां नामने कइ विभक्तिओ आवे ?.

६. वणाइं, मह्रूइँ, दहीणि, आ त्रणे रूपो साधी आपो.

७. "वध" शब्दनुं (तादर्थ्य) चतुर्थीनुं एकवचन आपो.

८. थू, अम्मो, च्च, आ अव्ययो कया अर्थमां वपराय छे ?.

९. तितउं, ए रूपमां अ, अने उ नी संधि केम न थइ ?.

१०. पातळुं करवुं, भूलवुं, मूकवुं, घडवुं, पाछा हठवुं, खेलवुं, आवा अर्थ वाळा धातुओनां रूपो लखो.

११. दुंदुहि, सिद्धसेण, रिद्धि, मह्रु, तथा वारि शब्दोनां रूपो लखी लावो.

## संख्यावाचक विशेषणो-

| | |
|---|---|
| *एग, इक्क — एक. | छ—छ. |
| †दु—बे. | सत्त—सात. |
| ‡ति—त्रण. | अट्ठ—आठ. |
| § चउ-चार. | नव—नव. |
| ‖ पंच पांच. | दह—दश. |

१ दरेक संख्यावाचक शब्दो थकी षष्ठीना बहुवचनमां 'ण' ने बदले 'ण्ह,' 'ण्हं,' प्रत्ययो आवे छे. जेमके चउण्हं कसायाणं.

## अव्ययो ( केटलाएक उपयोगी )

| | |
|---|---|
| अत्तो—अहिंथी, आथी. | अहुणा—हमणां |
| अत्थ, एत्थ — अहिं. | पिव—पेठे, जेम, जाणे. |
| अज्ज—आज. | कह, कहं — केम, शीरीते. |

* एग, इक्क शब्दनां रूपो, ( हवे पछी चोवीशमा पाठमां बताव्या प्रमाणे ) "सव्व" शब्दनी माफक थाय छे. आ शब्दनां रूपो एकवचनमां थाय छे परंतु ज्यारे तेनो अर्थ "अन्य" एवो होय छे त्यारे तेनां रूपो दरेक वचनमां थाय छे.

† "दु" शब्द ना प्रथमा, तथा द्वितीयामां 'दोणि,' 'वेण्णि,' 'दो,' 'वे' 'दुवे' आ पांच रूपो थाय छे, तथा बाकीनी विभक्तिओमां 'दो,' 'वे' एवा बे आदेशो थायछे, अने तेनी पछी (पूर्वोक्त इकारान्त शब्दोने लगाडवामां आवता बहुवचनना प्रत्ययो, लगाडवाथी तेनां रूपो सिद्ध थाय छे.

‡ 'ति' शब्दनुं प्रथमा तथा द्वितीयामां "तिण्णि" रूप थाय छे, तथा बाकीनी विभक्तिओमां इकारान्त शब्दोनी माफक तेनां रूपो जाणवां.

§ "चउ" शब्दनां रूपो प्रथमा तथा द्वितीयामां 'चउरो,' 'चत्तारो,' 'चत्तारि' आवा त्रण रूपो थाय छे, तथा बाकीनी विभक्तिओमां उकारान्त शब्दोनां प्रत्ययो लागेछे, तथा षष्ठी सिवायनी विभक्तिओमां पाठ सातमा मांहेलो बीजो नियम विकल्पे लागे छे.

‖ 'पंच' थी लइने 'दह' पर्यन्त शब्दोनां रूपो "जिण" शब्दनी माफक थाय छे, तेमज बहुवचनमांज थाय छे.

कया—क्यारे.
कत्तो—क्यांथी.
कहि—क्यां.
चिरं—लांबा वखत सुधी.
तहि—त्यां.
तया—त्यारे.
उण, पुण — फरीने.
तह, तहा — तेम.
जहि—ज्यां.
जह, जहा — जेम.
वा, व — अथवा
जइ—यदि, जो.
सइ—हमेशां.
सुट्ठु—सारी रीते.
मुसा, मूसा, मोसा — मृषा, जूठुं.

एवं—एवी रीते.
सव्वत्थ—सर्वत्र, सर्व स्थळे.
किणो—प्रश्न पूछवामां वपराय छे.
मोरउल्ला—मुधा, फोकट.
किर—किल, निश्चय.
पाडिक्कं, पत्तेयं, पाडिएक्कं — एक एक, प्रत्येक.
एक्कसरिअं—संप्रति, चालु काळमां.
माइं—निषेध अर्थमां वपराय.
णवर—केवल, एकलुं.
इहरा—इतरथा, तेम न होय तो.
*इअ, इइ, +ति — ए प्रमाणे, इति.
एगहुत्तं—एकवार.
सयहुत्तं—सोवार.
अण्णहा—अन्यथा,
अप्पणो—पोतानी मेळे.
मिच्छा—खोटुं, मिथ्या.

---

१ दरेक संख्यावाचक शब्दथकी "वार" एवा अर्थमां "हुत्तं" प्रत्यय जोडवामां आवेछे. जेमके एगहुत्तं.

---

* 'इअ' अव्यय कोइ पण वाक्यनी आदिमांज वपरायछे.

+ 'ति' पद थकी परज वपरायछे, तथा पद जो स्वरांत होय तो 'ति' ने बदले 'त्ति' थायछे. जेम, तहा+ति=तहत्ति.

## आकारान्त पुंलिंग नामोनां रूपो.

आकारान्त नामो जेवां के गोवा, हाहा इत्यादि शब्दोनां रूपो अकारान्त नामोनी माफक थायछे; परंतु आ नियममां अपवाद नीचे प्रमाणे छे;-

आकारान्त नाम थकी सप्तमीमां केवल 'म्मि' प्रत्यय लागेछे, चतुर्थी एकवचनमां 'ए' प्रत्यय लागेछे, पंचमीना एकवचन तथा बहुवचनमां 'हि' प्रत्यय नथी लागतो, तेमज द्वितीयाना बहुवचनमां 'आ' प्रत्ययज लागेछे. तथा वळी तृतीयाना एकवचनमां 'ण' प्रत्यय लागेछे.

---

### गोवा-पुंलिंग.

| | एकवचन | बहुवचन |
|---|---|---|
| १. | गोवो. | गोवा. |
| २. | गोवां. | " |
| ३. | गोवाण, गोवाणं. | गोवाहिं, गोवाहिँ, गोवाहि. |
| ४. | गोवे गोवस्स. | गोवाणं, गोवाण. |
| ५. | गोवत्तो, गोवाओ, गोवाउ, गोवाहिंतो. | गोवत्तो, गोवाओ, गोवाउ, गोवाहिंतो, गोवासुंतो. |
| ६. | गोवस्स. | गोवाणं, गोवाण. |
| ७. | गोवम्मि. | गोवासु, गोवासुं. |
| | सं-हे गोवो, गोवा. | हे गोवा. |

# पाठ १० मो.

## आज्ञार्थ तथा विध्यर्थ.*

### प्रत्ययो‡—

| | एकवचन | बहुवचन |
|---|---|---|
| १. पु० | मु. | मो. |
| २. पु० | सु, हि. | ह. |
| ३. पु० | उ. | न्तु. |

आ सामान्य प्रत्ययो उपरान्त ज्यारे धातुने छेडे अकार आवेलो होय छे त्यारे बीजा पुरुषना एकवचनमां 'एज्जहि,' 'एज्जसु,' 'एज्जे' आटला प्रत्ययो वधारे जोडायछे. तेमज कोइ पण पुरुषबोधक प्रत्यय लाग्या वगरनुं पण रूप बनछे.

### सामान्य रूपो–( वा धातु )
### ( ज्यारे विकरण प्रत्यय नथी लागतो त्यारें )

| | एकवचन | बहुवचन |
|---|---|---|
| १ पु० | वासु. | वामो. |
| २ पु० | वासु, वाहि. | वाह. |
| ३ पु० | वाउ. | वान्तु. |

---

### " बोल्ल् " धातु ( विकरण 'अ' वाळाधातुनां रूपो )

| | एकवचन | बहुवचन |
|---|---|---|
| १ पु० | बोल्लमु. | बोल्लमो. |

---

* पूर्वोक्त पाठोनी अंदर आज्ञार्थ तथा विध्यर्थ संबंधमां जे कांइ नियमो बतावेला होय ते ध्यानमां राखीने विद्यार्थिओए रूपो बनाववां.

‡ आशीरर्थमां पण आ प्रत्ययो वपराय छे.

२ पु० वोल्लसु, वोल्लेज्जहि, वोल्लेज्जसु, वोल्लह.

वोल्लेज्जे, वोल्ल, वोल्लेहि.

३ पु० वोल्लउ. वोल्लन्तु.

(१) आज्ञार्थ करतां विध्यर्थमां विशेष एटलोज छे के ज्यारे आज्ञार्थमां विकल्पे 'ज्ज' प्रत्यय लागेछे, त्यारे विध्यर्थमां तेने वदले 'ज्जइ' लागेछे. जेमके आज्ञार्थ–होज्ज; विध्यर्थ–होज्जइ.

(२) पहेला पुरुषना सघळा प्रत्ययो पर छतां पूर्वना 'अ' नो आ, तथा इ विकल्पे थायछे. जेमके–वोल्लामु, वोल्लिमु, वोल्लमु, वोल्लामो, वोल्लिमो, वोल्लमो.

---

## धातु—

संं+पज्ज्—उत्पन्न थवुं.
सिव्व्—सीववुं.
उम्मिल्—विकसवुं.
वरिस्—वरसवुं.
आलुंख्—बळवुं.
पंग्—ग्रहणकरवुं.
झंख्—निसासो नाखवो.
उल्लर्—कापवुं.
सिलेस्—आलिंगन करवुं.
गुंज्—हसवुं.
ऊसल्—उल्हास पामवो.
मल्—मर्दन करवुं.
लोट्ट्—सूवुं.
खंड्—तोडवुं.
णिव्वा—पोरो खावो.
खुब्भ्—खळभळवुं.
डर्—बीवुं.

पूर्—पूरुं करवुं.
पास्—देखवुं.
ढंढोल्—ढंढोळवुं; गवेषणा करवी.
भुक्क्—भसवुं.
भमड्—भमवुं.
आयंव्—कंपवुं.
हक्क्—निषेध करवो.
धुम्म्—कंपवुं.
संं+दिस्—कहेवुं.
मुसुमूर्—तोडवुं.
वुड्ड्—बूडवुं.
कम्मव्—वापरवुं.
पउल्—रांधवुं.
जूर्—झूरवुं, खेद करवो.
विरल्ल्—विस्तार करवो.
महमह्—गंधनुं फेलावुं.
समाण्—पूरुं थवुं.

## शब्दो पुंलिंग.

सारमेय—कूतरो.
ससहर—चांदो.
सहोअर—भाइ.
सलिलरासि—समुद्र.
सुमेरु—मेरु पर्वत.
हय—घोडो.
वित्थर—विस्तार.
राहु—राहु नामनो ग्रह.
विसहर—सर्प.
धम्मसारहि—धर्मरथने हांकनार.
तुसार—बरफ.
वण्ण—रंग.
इन्दु—चंद्र.
उवसाम—शान्ति.
विलय—नाश.
दुरायार—दुराचार.
तिहुअण-त्रिभुवन (विशेपनाम छे).
पड—वस्त्र, पट.
कड—सादडी, कट.
ईसर—ईश्वर.
घड—घडो, घट.
कुंभार—कुंभकार, कुंभार.
विसाय—खेद.
सरदहतलायसोस—सरोवर, द्रह, तलावनुं सूकाववुं.
पुग्गलक्खेव—पुद्गल क्षेप, कांकराविगेरेनुं फेंकवुं.

## नपुंसक लिंग.

कुन्द—मोगरानुं फूल.
गोखीर—गायनुं दूध, गोक्षीर.
मेहुण—मैथुन.
विरमण—अटकवुं.
पणिहाण—प्रणिधान, ध्यान.
भय—बीक.
पारितोसिअ—इनाम.
धणु, धणुह—धनुष.
गीअ—गीत.
जस—यश.

---

## विशेषण—

वट्टमाण—वर्त्तमान.
राइअ—रात्रि संबंधी.

सुरविंदवंद–सुरना समूह वडे वांदवा योग्य.
महायस–मोटा यशवाळा.
जावय–जीतावनारा.
देवसिअ–दिवस संवंधी.
वइक्कंत–गएलो, व्यतिक्रान्त.
संतिगर–शांतिना करनार.
निव्विस–विष वगरनुं.
पुव्वुप्पन्ना–पहेला उत्पन्न थएला.

---

## वाक्यो.—

हे वीरो ! पावं छिन्दसु।
हे साहू ! पणिहाणं कुण।
हे ससहरा ! दिअहो वइक्कन्तो।
असच्चं न वोल्लेज्जहि।
हयस्सोवरि कहं चडेमो ?।
कमलाणि ऊसलन्तु।
हे धम्मसारहि ! दुरायारे भंजेज्जसु।
हे पुत्त ! जणयं वंद।
हे सीसा ! विणयं माइं चयह।
हे मित्ताइं ! फुल्लाइं पासन्तु।
पाणिअं चय, घयं पिज्ज।
हे भिच्च ! अहिवइं मलउ।
हे हरी ! दोण्णि लोट्टासु।
हे तिहुअण ! कव्वं सुणेज्जे।
वट्टमाणं आयरिअं अच्चसु।
हे सहोअर ! तत्तं ढंढोल।
भिच्चा ! पउलन्तु भत्तं।
मित्त ! मित्तं सिलेसेहि।
जणय ! पारितोसिअं देसु।
थूणो ! समुद्दम्मि बुड्ड।
इन्दू ! गुंजसु।
हे मेहो ! नयरम्मि वरिसेज्जे।
भारवह ! णिव्वाउ।
देव ! संकप्पं पूरउ।
ईसर ! भिच्चं पावा हक्कउ।
कुम्भार ! घडं घड।
किविण ! धणं जणेण न आगच्छइ, अत्तो धम्मम्मि कम्मवेज्जे।
नायपुत्त ! दुःखाइं उल्लूर।
मुणी ! माइं जूर।
कल्लाणं होउ निच्चं।
जइ गोखीरं होज्जइ तया पिज्जामि।

---

(तमे) लांबा काळ सुधी जीवो.
(तुं) कपडुं सीव.
(अमे) ग्रहण करीए.
यक्ष राजाओनुं शत्रुओथी रक्षण-करो.
(तुं) झाडथी फळो तथा फूलोने काप.
हे भाइ ! तुं भवसमुद्रथी डर.
हे कूतरा तुं भस नहि.
ब्राह्मणो सुखथी जमो.
(तुं) निसासो नहि नांख.
समुद्र ! तुं शामाटे खळभलेछे.
कविओ ! तमे विजयधर्मसूरिना यशने विस्तारो.
लोकोने सुख उत्पन्न थाओ.
पिता ! हुं जमुं ?
(तुं) त्यां नाच.
(हुं) क्यारे चोरने मारुं ?
हवे मैथुनथी विराम कर.
हे श्रावक ! वीरना ध्यानथी भव समुद्रने तुं तर.
चेलाओ, तमे प्रायश्चित्त लो.
मनमां शान्ति ग्रहण कर.
बधा जीवोनुं हे गुरु ! तुं हमेशां कल्याण कर.
बाळको गीत गाओ.
तुं विपरहित औषधने खा.

शान्ति करनार नरो मनुष्योने सुख आपो.
हे माणस ! तुं कविओनुं अनुकरण कर.
शांतिनाथने मोक्षने माटे पूजो.
पंडितो तत्त्वोने विचारो.
त्रिभुवन ! सुखथी भण.
( तमे ) नगरमां प्रवेश करो.
(हुं) पितानो आदर करूं ?.
( तेओ ) बे शत्रुने जीतो.
भगवन् ! मानवना मनने पवित्र कर.
(हुं) शान्त थाउं.
(तुं) वनमां रम.
(तमे) गूंथो.
पुण्य वधो.
पाप नाश थाओ.
हे ब्राह्मण ! तुं तृप्त था.
वाणिआओ ! तमे मुनिओने पूजो.
हुं गायनुं दूध पीउं ?
भमराओ आवो, अने मोगराना फूल उपर बेसो.
हे शूर ! तुं धनुषोने फेंक.
मणिलाल ! तुं सादडी उपर आव अने सूइ जा.
जीवो संसारमां मा भमो.

# पाठ ११ मो.

## धातु—

भमाड्—भमाडवुं.

अणु—हव्—अनुभववुं.

परि+इक्ख्=परिक्ख्—परीक्षा करवी, पारखवुं.

वट्ट्—वर्तवुं.

अणु+रुन्ध्—मानवुं, तावे थवुं.

अव+इक्ख्=अविक्ख् / अवेक्ख् } आशा राखवी, अपेक्षा करवी.

प+इक्ख्=पेक्ख् / पिक्ख् } जोवुं.

भम्—भमवुं.

संक्—शंका करवी.

णीरव्—खावाने इच्छवुं.

अब्भुत्त्—न्हावुं.

आइग्घ्—सूंघवुं.

ण्हा—न्हावुं, स्नान करवुं.

वस्—रहेवुं.

उ—ट्ठ्—उठवुं.

कम्म्—हजामत करवी.

वग्गोल् / ओग्गाल् } वागोळवुं.

प+सर्—फेलावुं.

पडिक्ख्—राह जोवी.

वावर्—वापरवुं.

---

## नाम—पुंलिंग.

भवनिव्वेअ—भवनिर्वेद, वैराग्य.

कम्मक्खय—कर्मनो क्षय.

चरण / चलण } पग.

बइल्ल—बळद.

मंजर—मार्जार, बिलाडो.

जिणवरवसह-केवलज्ञानिओमां उत्तम

वद्धमाण—विशेष नाम छे.

पमाय—प्रमाद.

महिस—पाडो.

सिआवाअ—स्याद्वाद.

अवराह—अपराध.

विज्ज—वैद्य.

दिणमणि—सूर्य.

सुहि—पंडित.

सयंभु—ब्रह्मा.

सिहि—अग्नि.

अणंग—कामदेव.

अंगि—शरीरवाळो.

भग—ज्ञान.

विसारय—पण्डित.

दीण—दीन, गरीब.

## नपुंसकलिंग.

निआणबंधण—नियाणुं बांधवुं.
बम्हचेर—ब्रह्मचर्य.
ण्हाण—स्नान.
असद्दहण—अश्रद्धा.
पूअण—पूजन.
लक्ख—लाख [ संख्या ].
सामाइअ—सामायिक (व्रतनुं नाम).

## विशेषण—

काइअ—कायिक, शरीरसंबंधी.
वाइअ—वाचिक, वचनसंबंधी.
माणसिअ—मानसिक.
बारसविह—बार प्रकारनुं.
बज्झ—बाह्य, बहारनुं.
बीअ—बीजुं, द्वितीय.
सुहिअ—सुखी.
दुहिअ—दुःखी.
अप्प—अल्प, थोडुं.
खलपु—खळुं साफ करनार.
गामणि—गामनो नेता.
कयपाव—जेणे पाप कर्युं छे ते.
हलुअ, लहुअ—हलकुं.
सुह—शुभ, सारुं.

## अव्यय—

खिप्पं—जल्दी, क्षिप्र.
बाहिरं—बहार.
हेट्ठं—हेठळ, नीचे.

## वाक्यो—

साहुणो भवनिव्वेअं अणुहवन्तु ।
गुरु! कम्मक्खयं करसु ।
निआणबंधणं माइं कर ।
जिणवरवसहस्स वद्धमाणस्स इक्कोवि नमुक्कारो जणाणं दुक्खं भंजेइ ।
पुत्त! धम्मम्मि पमायं नहि करसु ।
निवइ ! जणे अणुरुन्ध ।
विज्जा दीणाणं वाहिणो धणं विणावि उल्लरन्तु ।
कुन्दं आइग्घन्तु सेट्ठिणो ।
बम्हणा सइ णीरवन्तु अवि न कुत्तो भोअणं आगच्छइ ।

अम्मो ! अणंगो वि वम्महो अंगिं संभुं कहं दुक्खं देउ ?।
समत्थाणं लोआणं वि वज्झं तवं विणा कहं कल्लाणं होउ ?।
सहोअर ! तिहुअण ! घरम्मि वस, वाहिरं न गच्छेज्जे ।
जिणाणं पूअणाय जलेहिं ण्हाणं करेज्जहि ।
सुहिआ माणवा दुहिआणं पुरिसाणं भोअणं दिन्तु ।
सावय ! वारसविहं सावगधम्मं रक्खेज्जसु, जत्तो खिप्पं मुक्खो होउ ।

गामणी विज्जत्थिणो परिक्खउ ।
जणय ! मित्तं तिहुअणं पडिक्खेसु ।
साहूणं चलणाणं पूअणम्मि जुंजह ।
साहु ! मुक्खाय उट्ठ, पमायं नहि कर ।
भिच्च ! सेट्ठिणो मत्थयं कम्मसु ।
विसारय ! जिणाणं वयणम्मि असद्दहणं माइं कर ।
सिआवाए कहं संकेमो ?.
सुहिणो परत्थकरणाय जीविअं दिन्तु ।
खलपु ! खित्तं लुहसु ।

---

( तुं ) वहार आव अने भगवानने पूजवा माटे मणिलाल साथे मन्दिरमां जा.
( तमे ) वे जणा स्नान करो.
मणिलाल तुं गुरुने पूज, जेथी कल्याण जल्दी थाय.
( ते ) नोकर हजामत करे ?.
वल्दीआओ तथा पाडाओ घासने सारी रीते वागोले.
हे गुरु ! हुं स्याद्वादने भणुं ?.
(तमे) गरीवोने धन आपो.
सूर्य तुं शामाटे भमे छे ?.
भाइ ! धर्ममां शरीरसंबंधि दोषोने शामाटे करेछे ?.

विजयधर्मसूरि विद्यार्थिओना सुखने माटे जीवित आपो.
हे पिता ! अमे कल्याणने माटे जीवितनो त्याग करीए.
हरगोविन्द ! तुं गुरुना चरणने पूज.
(हुं) जिनमन्दिरमां जाउं.
हे राजन् ! तुं शत्रुओ साथे लड, डरे छे शामाटे ?
छोकराओ तमे भणो.
हे शंभु ! तुं कामदेवने तावे कर.
हे चोरो ! तमे सत्य वोलो, जेथी तमे सुख पामो.
(अमे) श्लोक वोलीए.
गुरु वधानुं कल्याण करो.

हे वीर ! लोभथी शुं कदापि लाभ थाय ?

हे त्रिभुवन ! तुं पंडितनुं अनुकरण कर.

हे इन्द्रो ! तमे वरसादने मोकलो, जेथी लोको सुखी थाय.

भाइ ! बिलाडाने दूध आप अने तेने पाळ.

(हुं) सादडीमां सूउं ?.

(ते) नीचे बेसे.

(तुं) जीवोने न मार.

---

## पाठ १२ मो.

### स्त्रीलिंग.

[ आकारान्त, इकारान्त, ईकारान्त, उकारान्त, ऊकारान्त. ]

### प्रथमा तथा द्वितीया.

प्रत्ययो—

| | एकवचन | बहुवचन | |
|---|---|---|---|
| १. | ०. | उ, ओ, ० | आकारान्त, इकारान्त, उकारान्त तथा ऊकारान्त. |
| २. | म्. | ,, ,, ,, | |
| १. | आ, ०. | उ, ओ, आ, ०. | दीर्घ ईकारान्तने माटे. |
| २. | म्. | ,, ,, ,, ,, | |

| | | |
|---|---|---|
| आकारान्त | रमा | रमाउ, रमाओ, रमा. |
| | रमं | ,, ,, ,, |
| इकारान्त | मई | मईउ, मईओ, मई. |
| | मइं | ,, ,, ,, |
| उकारान्त | धेणू. | धेणूउ, धेणूओ, धेणू. |
| | धेणुं. | ,, ,, ,, |

| | | |
|---|---|---|
| ऊकारान्त | वहू. | वहूउ, वहूओ, वहू. |
| | वहुं. | ” ” ” |
| ईकारान्त | सही, सहीआ. | सहीउ, सहीओ, सहीआ, सही. |
| | सहिं | ” ” ” ” |

---

१ ज्यारे 'म्' प्रत्यय पर होय त्यारे पूर्वनो स्वर ह्रस्व थायछे. जेम, 'रमं' इत्यादि.

२ 'उ,' 'ओ' प्रत्यय तथा तृतीया, चतुर्थी, पंचमी, षष्ठी तथा सप्तमी-ना प्रत्ययो स्त्रीलिंग नामो थकी पर होय त्यारे पूर्वनो स्वर दीर्घ थायछे. जेम. 'घेणूउ,' 'घेणूओ.'

३ आ स्त्रीलिंग नामोनी अंदर जे स्थळे कोइ प्रत्यय नथी लागतो त्यां नामनो अन्त्य स्वर ह्रस्व होय तो ते दीर्घ थायछे. जेमके प्रथमाना एकवचन तथा बहुवचन तथा द्वितीयाना बहुवचनमां "घेणू, मई" एवां रूपो थायछे.

---

## नाम (स्त्रीलिंग).

मरुदेवा—पहेला जिननी मातानुं नाम.

गंगा—गंगा.

तिसला—वीरनी मातानुं नाम.

रमा—लक्ष्मी.

अम्बा—माता.

माला—माला.

सोहा—शोभा.

मइ—बुद्धि.

धूलि—धूळ.

भूमि—जमीन.

पुढवि—पृथ्वी.

दित्ति—तेज, दीप्ति.

सत्ति—शक्ति.

पंति—हार, पंक्ति.

साडी—साडी, पहेरवानुं वस्त्र.

पमया—स्त्री, प्रमदा.
लज्जा—लाज.
अप्पविज्जा—आत्मविद्या, अध्यात्म.
धेणु—गाय.
रज्जु—दोरी.
चंचु—चांच.
तणु—शरीर.
वहू—स्त्री, वधू.
अज्जू—सासु.
अलाऊ, लाऊ—तुंबडी.
नई—नदी.
रयणी—रात.
मणंसिणी—पंडिता.
सही—मित्र.
सरस्सई—सरस्वती.
भिउडी—भ्रकुटी.
नारी—स्त्री.
नलिणी—कमलिनी.
बहिणी—बहेन.

## साधारण शब्दो.

वंछिअ, वि०—इच्छेलुं.
समण, पुं०—साधु.
विहंग, पुं०—पक्षी.
पक्ख, पुं०—पांख.
अणुराग, अणुराय पुं०—प्रीति.
सज्झाय, पुं०—स्वाध्याय.
हिअ, न०—सारुं.
दढव्वय, वि०—दृढ छे व्रत जेनुं.
अलिअ, न०—जूठ.
सुहुम (आर्ष); वि०—नानुं, सूक्ष्म.
अयल, वि०—अचल.
अरुअ, वि०—रोग वगरनुं.
चाइ, वि०—त्यागी.
अपुणराविति, न०—जेमां फरीने आववुं नथी ते स्थाननुं नाम.
कप्पपायव, पुं०—कल्पवृक्ष.
सिआल, पुं०—शियाल.
गिम्ह, पुं०—ग्रीष्म ऋतु.
सिणेह, पुं०—स्नेह.
भारह, न०—भरतक्षेत्र.

## धातु—

प+संस्—प्रशंसा करवी.
अणु+जाण्—आज्ञा आपवी.
प+दा—देवुं.
सह्—सहेवुं.

लह्—लाभ पामवो, मेळववुं.
खम्—क्षमा करवी.
अल्लिव्—आपवुं, अर्पण करवुं.
तर्—शकवुं.
साह्—साधवुं, कहेवुं.
हर्—हरवुं, लइ जवुं.

---

अव्यय—

संपइ—संप्रति, आजकाल.

---

वाक्यो—

अम्बा पुत्तं खीरेण रक्खेइ ।
समणो अप्पविज्जां पढइ ।
पुरिसा नारिं सिणेहा देक्खन्ति ।
विहंगो पक्खेण चलइ ।
माणू दित्तिं पदेइ ।
संपइ वट्टमाणे जिणे जणा पसंसन्ति ।
अज्जू वहुं साडिं अल्लिवइ ।
दहम्मि कमलेहिं सह नलिणी छज्जइ ।
मणंसिणी सामाइअम्मि सज्झायं करइ ।
धेणू खित्तम्मि तणाइं खाइ ।
मुणी तणुं तवेहिं रम्पइ ।
वहिणी सहोअरस्स मालं देइ ।
वीरस्स सत्तिं न जाणामि ।
गुरुणो अणुजाणह जत्तो उज्जाणम्मि गच्छेमु ।
पमया सुहं देइ ।
गुरुणो ! जणाणं हिअं करह ।
रिसिणो मुक्खं साहन्ति ।
अलाउं न भंजेज्जा ।

रयणी गच्छइ, दिअहो आगच्छइ ।
धूलीउ पडन्ति घरम्मि ।
दढव्वयो महावीरो तिसलम्बं पसंसेइ ।
माणवाणं मई तत्तं ढंढोलइ ।
नई वहइ ।
असुद्धो अणुरागो दुक्खं देइ ।
साडिं छिन्दइ अज्जो ।
साहुणो अणुरागेणं वि अलिअं न बोल्लन्ति ।
अज्जा डंभेणं धणाणि लहन्ति ।
साहु ! अवराहं खम ।
धेणू जणाणं दुद्धेणं रक्खेइ ।
कप्पपायवो समत्ताणं विबुहाणं जणाणं च वंछिअं देइ ।
संपइ कप्पपायवो जिणाणं धम्मो अत्थि ।
भारहम्मि खित्ते धणेणं समत्ता लोआ सुहिआ अत्थि ।

(हुं) लक्ष्मी महेनतवडे मेळवुं छुं.
स्त्री बहु दुःख आपेछे.
तेथी सासु लाकडी वडे वहुने हणेछे.
सरस्वती विद्यार्थीओने सुख आपेछे.
पानाचन्द जिनमंदिरमां नाचे छे.
पंखीनी चांच शोभेछे.
स्त्रीओ शरीरने आभूषणसहित करेछे.
पृथ्वी धान्य आपेछे जेथी अमे सुखी छीए.
वहू सासुने विनयथी नमे छे.
पण्डित स्त्री पाप करती नथी.
(अमे) सरस्वतीने देखता नथी.
स्त्री घरमांथी राजाओना सुखने जुए छे.
नदी समुद्रमां जाय छे.
लक्ष्मी लोकोना नेत्रोने शांत करेछे.
योगीओ रात्रिने इच्छेछे.
पंखीओनी पंक्तिने ब्राह्मण पाळे छे.
अरे ब्राह्मण! महादेवने शा सारु पूजतो नथी?
आत्मविद्या लोकोने सुख आपेछे.

पहेला जिननी मातानुं नाम मरुदेवी छे.
पंखीओ झाड उपर बेसे छे.
गंगा माता भलुं करो.
भरतक्षेत्रमां आज काल कल्पवृक्ष नथी.
धूळ पाणीमां पडे छे.
त्रिशला माता सौ जीवोनुं कल्याण करो.
लोको लक्ष्मीने पूजे छे.
शङ्कर गङ्गाने तथा चन्द्रने माथामां राखे छे.
तेओ बे रत्न माटे समुद्रमां डूबे छे.
हाथी नदी तरेछे.
गङ्गा अहीं वहे छे.
पण्डितो गङ्गाने पूजेछे.
बुद्धि घणां सारां कामो करे छे.
मदनथी पीडाएला लोको रात्रिने वखाणे छे.
पुत्र जन्मे छे.
कामदेव बधा जीवोने वश करेछे.

# पाठ १३ मो.

## स्त्रीलिंग—चालु.

### प्रत्ययो—

### तृतीया, चतुर्थी, पञ्चमी, षष्ठी तथा सप्तमी.

| | *एकवचन | बहुवचन |
|---|---|---|
| | अ, †आ, इ, ए. | (इकारांत पुल्लिङ्गनी जेवा) |
| आकारांत | रमाअ, रमाइ, रमाए. | रमाहिं. रमाहिँ, रमाहि. |
| | ,, ,, ,, | रमाण, रमाणं. |
| | ,, ,, ,, | रमत्तो, रमाउ, रमाओ, रमाहिंतो, रमासुंतो. |
| | ,, ,, ,, | रमाण, रमाणं. |
| | ,, ,, ,, | रमासु, रमासुं. |

इकारान्त—मईअ‡, मईआ, मईइ, मईए.

ईकारान्त—सहीअ, सहीआ, सहीइ, सहीए.

उकारान्त—धेणूअ, धेणूआ, धेणूइ, धेणूए.

ऊकारान्त—वहूअ, वहूआ, वहूइ, वहूए.

इकारान्त, ईकारान्त, उकारान्त तथा ऊकारान्त स्त्रीलिङ्ग नामोना बहुवचनना रूपो विद्यार्थीओए उपर प्रमाणे पोतानी मेळे बनाववा.

---

* आ स्त्रीलिङ्ग नामोथकी पूर्वोक्त इकारान्त पुंलिङ्गना पञ्चमीना एकवचनना "णो" सिवायना बाकीना प्रत्ययो पण पञ्चमीमां लागेछे. जेमके; मइत्तो, मईओ, मईउ, मईहिंतो; रमत्तो इत्यादि.

† आ 'आ' प्रत्यय आकारान्त नामोने लागतो नथी.

‡ ( जुओ पाठ १२ नियम बीजो.

## नाम—

अच्छरसा—अप्सरा.
कउहा—दिशा.
* छुहा } भूख.
(आर्ष)खुहा }
आसिसा—आशीष.
नणंदा—नणंद.
नावा—नाव.
बाहा—हाथ, बाहु.
पडंसुआ—पडघो.
वाया—वाचा.
पडिंवआ } पडवो.
पाडिवआ }
माउसिआ—मासी
सरिआ—सरित्, नदी.
चउवीसजिणविणिग्गयकहा—
चोवीश तीर्थंकरो ए कहेली वात.
भवसयसहस्समहणी लाख भवनो
नाश करनारी.
विवरीअपरूवणा—उलटुं कहेवुं.
मित्ती—मैत्री.
इत्थी—स्त्री.

सिद्धि—सिद्धि.
पिवासा—पीवानी इच्छा.
कित्ति—कीर्ति.
घंटिआ—झालर.
आणा—आज्ञा.
कहा—कथा.
चिरसंचिअपावपणासणी—
लांबा काळथी एकट्ठा करेल
पापने नाश करनारी.
वावी—वाव.
लज्जा—लाज.
कला—कळा.
थुइ—स्तुति.
किरिया } क्रिया.
किरिआ }
आराहणा—आराधना.
विराहणा—विराधना.
सिक्खा—शिक्षा, शिखामण.
नडी—सूत्रधारनी वहू, नटी.
संझा—संध्या.
संति—शांति.

---

* अहिंथी चार शब्दो (सरिआ पर्यंत) आकारान्त ज छे; पण आपन्त नथी.

## साधारण शब्दो.

अप्पकेर, वि०—आपणुं.
पारक्क, वि०—पारकुं.
गमण, न०—जवुं.
आगमण, न०—आववुं.
ठाण, न०—स्थान.
नाडय, न०—नाटक.
खासिअ, न०—उध स, खांसी.
अब्भुट्ठिअ, वि० उठेलुं.
विरअ,विरय वि०—विरमेलुं,त्रंध पडेलुं.
सड्ढ, पु०—श्राद्ध, श्रावक.
किच्च, न०—कर्तव्य, कृत्य.
सम्म, न०—सुख, शर्म.
अंतरिक्ख, न०—आकाश.
नह, न०—आकाश, नभ.
नह, पुं०—नख.
केवलि, पुं०—सर्वज्ञ.
पन्नत्त, वि०—कहेलुं.
दिवह, दिवस } पुं०—दिवस
आयर, पुं०—आदर.
भुवण, न०—जगत्.
विहल, वि०—विफल, फोकट.
पुर, न०—नगर.
पायाल, न०—पाताल.
नरय, पुं०—नरक.
तल, न०—तलीयुं.
पास, न०—पार्श्व, पडखुं.
झवेर, पुं०—विशेष नाम.

---

## धातु—

सेव्—सेववुं.
पहुप्प्—समर्थ थवुं.
णिव्वर्—दुःख कहेवुं.
सद्दह—श्रद्धा करवी.
दुगुंछ—निन्दा करवी, जुगुप्सा करवी.
वव (वि+अव) हर्—व्यवहार करवो.
अहिपच्चुअ—आववुं.
पच्छंद—पाछुं आववुं.
गुम्म्—मोह पामवो, मुग्ध थवुं.

---

## संख्यावाचक विशेषण.

एआरह—अगीआर.
बारह—बार.
पण्णरह—पंदर.
सोलस—सोळ.

तेरह—तेर.
चउद्दह, चउदह—चौद.
सत्तरह—सत्तर.
अट्ठारह—अढार.

## वाक्यो—

अच्छरसाउ जिणाण चेइअम्मि नच्चन्ति ।
गामम्मि संझाए घंटिआ बोल्लइ ।
चिरसंचिअपावपणासणीइ भवसयसहस्स महणीए चउवीसजिणविणिग्गयकहाइ बुहाणं जणाणं दिअहा रयणीओ अ गच्छन्तु ।
केवलिणा पन्नत्तस्स धम्मस्स आराहणाए अब्भुट्ठिओ म्हि, विराहणाए विरओ म्हि ।
सड्ढा अप्पकेरं किच्चं लज्जाए कुणन्ति ।
गुरुणो सीसाणं सिक्खं दिन्ति ।
जिणाणमाणा भुवणम्मि पसरइ ।
बम्हणो कहं कहेइ ।
खासिएण दुहिओ अत्थि ।
सरिआए ण्हाणाय जणा गच्छन्ति
गमणेण इत्थीणं पायम्मि दुहं होइ ।
वीरस्स कित्ती सव्वत्थ पसरउ ।
साहुणो खुहं सिणेहेण सहन्ति ।
भिच्चो नरवईणं मालमल्लिवइ ।
झवेरो आयरेण विजयधम्मसूरीणामाणं रक्खइ ।
नडी पुरम्मि नच्चइ ।
कउहासु चउसु चंदो रयणीए भुवणं पयासेइ ।
जीवेसु मित्तिं रक्ख, जत्तो सुहं अणुहव ।
नाणं विणा किरियाए विणा च सिविणे वि मुक्खो नत्थि* ।
सड्ढ! विवरीअपरूवणं माइं कुण ।
संतिं रक्खन्तु साहुणो ।
नडी नाडयं कुणइ ।
सरस्सइं साह नाणाय ।
नहत्तो भूमीए मेहो पडइ ।
कलाहिं चिय पुरिसा नारीओ य छज्जन्ति ।
सीस ! वीरस्स थुइं बोल्ल ।
मुक्खस्स अरुअं अपुणरावित्ति अयलं सम्मं लह ।
पारक्कं किच्चं सम्माय कर ।
वीरं मालाहिं अच्च ।

---

* जुओ पाठ बीजानो नियम बीजो.

तेओ वे वावनुं खारुं पाणी पीता नथी.
नदीओमां गंगा पहेली छे.
केवली समुद्रना तळने देखे छे.
पितानी शरमने लीधे ते चोरी करतो नथी.
क्रिया विनानुं ज्ञान फोकट छे.
माणसो नाटक जुए छे.
स्त्रीओ धीमे धीमे चाले छे.
सज्जनो आदरथी ज्ञान ग्रहण करे छे.
आभूषणनी शोभावडे स्त्रीओनुं शरीर शोभे छे.
आकाशमां दुंदुभि बोले छे.
ज्ञान विनयथी वधे छे.
दूध पीवानी इच्छाने लीधे ते गायने इच्छे छे.
स्त्रीओनुं स्नान कुंडमां थाय छे.
माला वडे हरिनुं शरीर मनोहरछे.
हे महावीर! तुं सिद्धि आप.
योगी स्त्रीओने इच्छतो नथी.
पक्षी स्त्रीनी पासे बेसे छे अने चांच वडे फल खाय छे.
राजा स्त्रीओनी साथे वनमां फरे छे.
कल्याणने माटे गुरुनी पासे रहे.
शा माटे मासीनी पासे जतो नथी.
देवो जमीनने अडकता नथी.
बृहस्पति बुद्धिनो दरियो छे.
पुत्रो माताने नमे छे.
राजा नगरनी परीक्षा करे छे.
हे भाइ, तुं उठ अने यत्न कर.
रात्री गइ हवे प्रमाद शासारु करे छे? जायछे
पुत्रो पितानो विनय करे छे.
विद्यार्थीओने तेओ वे इनाम आपे छे.

---

## स्त्रीलिङ्ग–संबोधन.

आकारान्त शब्दोना संबोधनना एकवचनमां अन्त्य स्वरनो 'ए' विकल्पे थायछे. तथा बहुवचन प्रथमानी जेवुंज थायछे. तथा मूळ आकारान्त नामोनां संबोधनमां रूपो तमाम प्रथमानी जेमज जाणवां.

इकारान्त तथा उकारान्त नामोना संबोधननुं एकवचन 'हरि तथा भाणु' नी माफक थायछे तेमज बहुवचन प्रथमानां जेवुंज छे.

ईकारान्त तथा ऊकारान्त नामोना संबोधन एकवचनमां कोइ पण प्रत्यय नहि जोडतां अन्त्य स्वर ह्रस्व थायछे. बहुवचन प्रथमा जेवुंज छे.

| एकवचन | बहुवचन |
| --- | --- |
| आबन्त—हे रमे, रमा. | हे रमाउ, रमाओ रमा. |
| आकारान्त—हे माउसिआ. | हे माउसिआउ, माउसिआओ, माउसिआ. |
| इकारान्त—हे मइ, मई. | हे मईउ, मईओ, मई. |
| उकारान्त—हे धेणु, धेणू. | हे धेणूउ, धेणूओ, धेणू. |
| ईकारान्त—हे सहि. | हे सहीउ, सहीओ, सहीआ, सही. |
| ऊकारान्त—हे वहु. | हे वहूउ, वहूओ, वहू. |

---

## सारांश तथा सवाल.

### तिसला.

| | एकवचन | बहुवचन |
| --- | --- | --- |
| १ | तिसला. | तिसलाओ, तिसलाउ, तिसला. |
| २ | तिसलं. | ,, ,, ,, |
| ३ | तिसलाए, तिसलाअ, तिसलाइ. | तिसलाहिं, तिसलाहिँ, तिसलाहि. |
| ४ | ,, | तिसलाण, तिसलाणं. |
| ५ | ,, तिसलत्तो, तिसलाउ, तिसलाओ, तिसलाहिंतो. | तिसलत्तो, तिसलाउ, तिसलाओ, तिसलाहिंतो, तिसलासुंतो. |
| ६ | तिसलाए, तिसलाअ, तिसलाइ. | तिसलाण, तिसलाणं. |
| ७ | ,, | तिसलासु, तिसलासुं. |
| सं० | हे तिसले, तिसला. | हे तिसलाओ, तिसलाउ, तिसला. |

---

मइ.

| | |
|---|---|
| १ मई. | मईओ, मईउ, मई. |
| २ मइं. | ,, ,, ,, |
| ३ मईआ, मईए, मईअ, मईइ, | मईहिं, मईहिँ, मईहि. |
| ४ ,, ,, ,, ,, | मईण, मईणं. |
| ५ ,, ,, ,, ,, | मइत्तो, मईओ, मईउ, |
| मइत्तो, मईओ, मईउ, मईहिंतो. | मईहिंतो, मईसुंतो |
| ६ मईआ, मईए, मईअ, मईइ. | मईण, मईणं. |
| ७ ,, ,, ,, ,, | मईसु, मईसुं. |
| सं०—हे मई, मइ. | हे मईओ, मईउ, मई. |

---

सही.

| | |
|---|---|
| १ सही, सहीआ. | सहीउ, सहीओ, सहीआ, सही. |

इत्यादि.

---

१ आज्ञार्थ तथा विध्यर्थमां धातुनां रूपोनी अंदर शो भेद छे ?.

२ अकारान्त धातुओनां आज्ञार्थ बीजा पुरुष एकवचनमां केटलां रूपो थाय छे ?

३ इकारान्त पुंलिंग तथा उकारान्त पुंलिंगना शब्दनां रूपोमां शो तफावत छे ?

४. " गोवा " ( आकारान्त पुंलिंग ) शब्दना पञ्चमी, सप्तमी, तृतीया, तथा द्वितीयामां रूपो लखो.

५ गयेला पाठोमां आकारान्त स्त्रीलिंग नामो केटलां छे.

६ ' माउसिआ तथा रमा ' शब्दनुं संबोधनमां रूप लखो.

७ सहिं, रमं; अहिं ह्रस्व क्या नियमथी थयो ?

८ 'सहिं विणा दुहिओ होमि' आ वाक्यनुं गुजराती करो, तथा 'वि-

णा ' ना योगमां 'सहि' शब्दने द्वितीया विभक्ति कया नियमथी आवी, ते नियम लखो.

९ "मणिलाल एक दिवसमां त्रण वार महावीरने पूजेछे, हरगोविन्द एक दिवसमां चार वार जमेछे, जयचंद रातमां पांच वार उठेछे" आ वाक्योनुं शुद्ध प्राकृत करो.

१० मोरउल्ला, इहरा, अप्पणो, पाडिक्कं, सह, अपि आटला अव्ययो लगाडीने जुदा जुदा वाक्यो प्राकृतमां बनावो.

११ हासेण व, कोहेण व, लोहेण व, भयेण व, मोसा माइ बोल्ल।
इत्थी सामिं, पुत्तं, णणयं, अम्बं च दुक्खं देइ।
अरिहन्तं विणा दुइओ धम्मसारही नत्थि।

दिवसे दिवसे लक्खं
देइ सुवण्णस्स माणवो एगो।
एगो पुण सामाइअं
करेइ न पहुप्पए तस्स (तस्य) ॥१॥

आ वाक्योनो अर्थ गुजरातीमां, तथा आ वाक्योमांथी जे कोइ रूपो महेताजी तमने साधवा आपे ते साधी आपो.

१२ कोइ पण दश क्रियापदो मोढे बोली जाओ.

---

## पाठ १४ मो.

### भूतकाल.

भूतकाल त्रण प्रकारनो छे–अद्यतन, ह्यस्तन अने परोक्ष. सामान्य रीते गइ रातना बार वाग्याथी मांडीने तेनी पछीनी रातना बार वाग्या सुधीनो काळ " अद्यतन " कहेवाय छे, तेटला काळनी अंदर गयेल काळमां 'कोइ क्रिया थइ गइ' एम कहेवुं होय तो अद्यतन भूतकाल कहेवाय छे) परंतु तेटला काळनी अगाउना कोइ पण रीते

गयेला काळमां ह्यस्तनी वपरायछे; ज्यारे परोक्ष काळ, ह्यस्तन काळमांज जे क्रिया न देखेली होय तेमां वापरी शकाय छे.

---

प्रत्ययो—

| | | |
|---|---|---|
| स्वरान्त धातुओने लगाडवाना एकवचन अने बहुवचन | १ पु० | सी, ही, हीअ. |
| | २ पु० | " " " |
| | ३ पु० | " " " |

उदाहरण-( धातु ) "का"-कासी, काही, काहीअ.

| | | |
|---|---|---|
| व्यंजनान्त धातुओने माटे. एकवचन अने बहुवचन | १ पु० | ईअ. |
| | २ पु० | " |
| | ३ पु० | " |

उदाहरण-( धातु ) 'हुव्'-हुवीअ.

ऋणे भूतकालनी अंदर दरेक पुरुष तथा वचनमां सरखांज रूप थायछे.

---

धातु—

| | |
|---|---|
| *का—करवुं. | अङ्गुम्—पूरवुं. |
| हुव्—थवुं. | ओह्—अवतरवुं, जन्मवुं. |
| ठा—रहेवुं. | घिस्—खावुं. |
| अल्ली—आलिंगन करवुं. | भिस्—शोभवुं. |
| भा—बीवुं. | गिज्झ्—ललचावुं. |
| कोक्क्—बोलवुं. | वोज्ज्—डरवुं. |
| परिवस्—रहेवुं. | कड्ढ—खेंचवुं, काढवुं. |
| प+आव्=पाव्—पामवुं. | निव्वल्—निपजवुं. |

---

* आ धातु केवल भूतकाल अने भविष्यकालमां ज वपराय छे.

अव+लंब्—आश्रय लेवो.
आ+राह्—आराधवुं.
मुण्—जाणवुं.
लज्ज्—लाजवुं.
जीह्—लाजवुं.
णीहर्—नीकळवुं.
पयल्ल्—शिथिल थवुं.
वावम्फ्—परिश्रम करवो.
कम्मव्—उपभोग करवो.
परी—फेंकवुं, भमवुं.
आ+रंभ्—आरंभवुं, शरु करवुं.
रिअ—प्रवेश करवो.
किलिकिञ्च्—रमवुं.
अब्भिड्—संगम करवो, मळवुं.
समणु+जाण्—सम्मति आपवी.
णिव्वड्—जूदुं थवुं.
उ+द्धुमा—संतापवुं, खूब धमवुं.
वय्—बोलवुं, वदवुं.
निज्झा—देखवुं.
पडिसा—शांत करवुं.
उत्थल्ल्—उछळवुं.
फरिस्—स्पर्श करवो.
चोप्पड्—चोपडवुं.
उ+व्विव्—उदास थवुं.
तुस्—तुष्ट थवुं.
चिइच्छ—रोगनो प्रतीकार करवो, चिकित्सा करवी.
छुन्द्—आक्रमण करवुं.
हुण्—हवन करवो, होमवुं.

---

## नाम—

देवत्तण, न०—देवपणुं.
आणा, स्त्री०—आज्ञा, हुकम.
खन्ति, स्त्री०—क्षमा.
महाविज्जा, स्त्री०—मोटी विद्या.
दुरिअ, न०—पाप.
निम्ब, पुं०—लींवडो.
कसण, वि०—काळो.
गेन्दुअ, पुं०—दडो.
सील, न०—शील.
कुलआहरण, न०—कुलनुं भूषण.
विड्डा, स्त्री०—लज्जा.
दाढा, स्त्री०—दाढ.
दिण, न०—दिवस.
सलाहा, स्त्री०—प्रशंसा.
रयण, न०—रत्न.
निहि, पुं०—भंडार.
उअर, न०—उदर, पेट.
नयरी, स्त्री०—नगरी.
जहुट्ठिल, पुं०—युधिष्ठिर, धर्मराजा.

गय, वि०—गयो.
अज्जा, स्त्री०—साध्वी.
थेर, वि०—स्थविर, वृद्ध.
कोसम्बी, स्त्री०—नगरीनुं नाम.
गयदसण, वि०—दांत वगरनो.
मच्चु, पुं०—मृत्यु, मरण.
सणिच्छर, पुं०—शनैश्चर.
लोहसिला, स्त्री०—लोढानी शिला.
लहुवी, स्त्री०—नानी.
घय, न०—घी.
मुरुक्ख, पुं०—मूर्ख.
चंडाल, पुं०—चंडाळ.
कण्ह, पुं०—कृष्ण, वासुदेव.
मण्डुक्क, पुं०—देडको.
बुहप्फइ, पुं०—बृहस्पति.
दुट्ठ, वि०—दुष्ट.
थोर, वि०—जाडो.
सुण्हा, स्त्री०—पुत्रवधू.
छुहा, स्त्री०—सुधा, अमृत.
चोर, न०—चोर.
असिविण, पुं०—अस्वप्न, देव.
भाण, न०—भाजन, भाणुं.
दलिद्द, वि०—दरिद्र, आळसु.
विसम / विसढ } वि०—वांकुं.
ओसह, ओसढ, न०—दवा, औषध.
केली, स्त्री०—केळ.
केल, न०—केळुं.
बहिर, वि०—बधिर, बहेरो.

वाक्य—

थेरो दुक्खम्मि खन्ति काही ।
वद्धमाणो कोसम्बीए समवसरीअ ।
बम्हणस्स घरम्मि दलिद्दो पुत्तो हुवीअ ।
पुरिसो रयणीए हत्थी अद्दीसी ।
लहुट्ठिलो वणे परिवसीअ ।
असिविणा समुद्दाओ छुहं पावीअ ।
दायम्मि दिवहे कसणो विसहरो णीहरीअ ।
चंडालो बम्हणं फरिसीअ ।
सरियाए जलम्मि लोहसिला बुड्डीअ ।
सुविही समत्तं निज्झाही ।
पुत्तो जणयाण पायम्मि घयं चोप्पडीअ ।
अन्धुणो जणं जणो कड्ढीअ ।
सहोअराउ सहोअरो णिव्वडीअ ।
डिम्भा गामम्मि किलिकिञ्चीअ ।
नईए मंडुक्का बोल्लीअ ।

जणाणां कुलआहरणं सीलं ।
वीरो कंदप्पाओ न डरीअ ।
मणीलालो गुणाण निही विजय-
धम्मसूरी अच्चीय ।
जयचन्दो दुरिएसुन्तो भाहीअ ।
सरिआए जलं उत्थल्लीअ ।
मुरुक्खो रयणं परीही ।
खन्ती दुरिअं डहीअ ।
भारवहो दिणम्मि वावंफीअ ।
माणवो सुहं पावीअ ।
विडुाए धम्मं कुणीअ ।
उयरं धन्नेहिं अङ्गुमीअ जणो ।
कण्हो भूमिं रक्खीअ ।
भाणं लुहीअ भिक्खो ।
मुरुक्खो न पढीअ ।
हरगोविन्दो रयणं गेण्हीअ ।
तिहुअणो सामाइयम्मि अच्छीअ ।
सुहं हवीअ ।

---

(तुं) गुरुनी पासे जूठुं बोल्यो.
(ते) क्रियामां शिथिल थयो.
(तमे) बेए भोजनमां घी खाधुं.
(ते) पाडो नदीमां पड्यो.
(तेओ) सबळा सिंहथी बीधा.
(तेणे) नगरमां प्रवेश कर्यो.
(तेणे) आकाशमां दडो फेंक्यो.
(तमे) बे घरमां रम्या.
ब्राह्मणना घरे चंडाळ अवतर्यो.
(तेणे) कूवामांथी पाणी खेंच्युं.
(तेणे) ज्ञान माटे श्रम कर्यो, पण
फोकट गयो.
महादेवे विषने ग्रहण कर्युं.
खेतरमां धान्य नीपज्युं.
मणीलाले स्त्रीने छोडी.
तिहुअण जयचन्दनी माताने नम्यो.
हरगोविन्दे आज अमृत पीधुं.
(तेणे) बे बोर खाधां.
सिंहे बे माणसने हण्या.
(ते) दुष्ट माणस पापथी लाज्यो नहि.
(हुं) संसारथी उदास थयो.
(ते) गाममां रह्यो.
(तेणे) स्याद्वादने जाण्यो.
गंगाए समुद्रनो संगम कर्यो.
(ते) वैद्य गरीबोने औषध आपतो
हतो.
हेमचन्द्र देवपणाने पाम्यो.
इन्द्रे भगवानने पूज्या.

गीतथी राजा संतुष्ट थयो.
(तेओ) बे स्त्रीथी ललचाया.
(तमे) आरंभ कर्यो.
वनमां बे सिंह अवतर्या.
(तेओ) बेए बे केरी खाधी.
समुद्रनुं पाणी पवनथी उछळ्युं.
(तें) पगमां घी चोपडयुं.
राजानुं घर शोभ्युं.
(तेणे) औषधमाटे लींबडो काप्यो.
(तेओ) बेए पाणीनो उपभोग कर्यो.

माणसो दुःखने लीधे मरणने इच्छता हता.
बे साध्वीओ विजयधर्म सूरिने नमी.
मावजिए केळां खाधां.
तेओ बेए मोक्षने माटे आत्मविद्यानो आश्रय कर्यो.
युधिष्ठिर कोइ वखत पण जूठुं बोलतो नहोतो.
(में) महावीरनी आज्ञा हमेशां पाळी.
सुविधि भगवाने लोकोनुं सारुं कर्युं.

## पाठ १५ मो.

### धातु—

निं+वड्—पडवुं.
सं+मिल्ल्—मळवुं, मेळाप करवो.
हर्—हरवुं, चोरवुं.
घुसल्—मथवुं.
जा—उत्पन्न थवुं.
वेल्ल्—रमवुं.
संभाव्—लोभावुं.
पचार्—ठपको आपवो, उपालंभ देवो.
कंख्—इच्छवुं.

लग्—लागवुं.
नट्ट्—नाचवुं.
चुम्ब्—चुम्बन करवुं.
उव+सम्—शांत थवुं.
धुण्—कंपवुं, धूणवुं.
घुण्—एकठुं करवुं.
ले—लेवुं, ग्रहण करवुं.
नि+हर्—हगवुं.

भूतकालमां 'अस्' धातुना बे रूपो थायछे; १ आसि, २ अहेसि. आ रूपो बधा पुरुषोमां तथा बधा वचनोमां वपरायछे.

## §ऋकारान्त तथा साधारण नाम—

| | |
|---|---|
| *भाया, ×भायर, ÷भाउ — पुं०—भाइ, भ्रातृ. | मय, पुं०—हरिण, मृग. |
| *जामाआ, ×जामाअर, ÷जामाउ — पुं०—जमाइ, जामातृ. | *पिआ, ×पिअर, ÷पिउ — पुं०—बाप, पितृ. |
| *कत्ता, कत्तार, ÷कत्तु — वि०—करनार, कर्तृ. | *भत्ता, भत्तार, ÷भत्तु — पुं०—स्वामी, भर्तृ. |
| *दाया, दायार, ÷दाउ — वि०—देनार, दातृ. | ‡माअरा, ×माउ, *माआ — स्त्री०—देवी. |
| ‡माआ, ÷माउ — स्त्री०—माता, मातृ. | ‡ससा, स्त्री०—बहेन. |
| रुण्ण, न०—रोवुं. | ‡दुहिआ, स्त्री०—दीकरी. |
| मुइंग, पुं०—मृदंग. | छाही, स्त्री०—छाया. |
| | हलद्दी, स्त्री०—हलदर. |
| | दसरह, पुं०—दशरथ, रामनो पिता. |
| | सर, पुं०—बाण. |

§ आ नामोमां आकारान्त, अकारान्त, उकारान्तना रूपो पूर्वोक्त आकारान्त, अकारान्त, उकारान्तनी माफकज जाणवा. अपवाद माटे नीचेनी नोटो उपर ध्यान देवुं.

* आ चिह्नवाळा शब्दो प्रथमाना एकवचनमांज वपरायछे, तेमज वळी संबोधनमां तेज रूपोनो अन्त्य स्वर ह्रस्व करीने बोलायछे.

× आवा चिह्नवाळा शब्दोना संबोधनमां एकवचनमां अन्ते अनुस्वार लगाडीने रूप थायछे.

÷ आ चिह्नवाळा शब्दोना रूपो प्रथमा तथा द्वितीया विभक्तिना एकवचनमां तथा ज्यां द्विवचनने बदले बहुवचन बोलातुं होय त्यां पण वपरातां नथी.

‡ आ चिह्नवाळा शब्दो मूलथीज आकारान्तछे.

दसमुह, पुं०—रावण.
सक्काल, पुं०—सत्कार, सन्मान.
मय, न०—मुडदुं.
डोला, स्त्री०—हिंडोळो.
दिअर, पुं०—देर.
सिन्न, न०—सैन्य.
विअण, न०—वींजणो, पंखो.
राम, पुं०—राम.
मरण, न०—मरण.
पारेवअ, न०—पारेवुं.
तुसखंडण, न०—फोफांनुं खांडवुं.
सुन्नरन्न, न०—निर्जन वन.
अणुट्ठाण, न०—विधि.
मयमंडण, न०—मुडदानुं आभूषण.
आणारहिअ, वि०—आज्ञा वगरनुं.

---

वाक्यो—

जह तुसखंडणं मयमंडणाइं सुन्नरन्नम्मि ।
विहलाणि, तह जाणसु आणारहियं अणुट्ठाणं ॥ १ ॥

पारेवओ हेट्ठं निवडीअ ।
राम ! दसरहं संमिलसु ।
दसमुहस्स मत्थयम्मि सरो लग्गीअ ।
जामाअरं दुहिअं देसु ।
दाऊणं सक्कालं कुरु ।
दिअरो डोलाए अच्छीअ ।
पिअरस्स पायेसु वन्दीअ ।
विअणं पवणं देइ ।
मयं डहइ ।
भत्ता इत्थिं लेइ ।
माया ससं कहेइ ।
मुइंगो बोल्लइ ।
सुन्नरन्नम्मि पुरिसा जलं विणा मच्चुं पावन्ति ।
माआ कल्लाणं होउ, एवं बोल्लेइ ।

---

[तुं] शान्त था.
[ते] आंबानी छाया नीचे नाच्यो.
[तमे] चेए हल्दर खाधी.
[तेणे] सत्कारने एकठो कर्यो.
[तुं] शत्रुना सैन्यने हण.
[लोको] [illegible]
माणसो रामने सेवेछे.
हुं सघळा कार्यमां समर्थ छुं.
रामनुं पण मरण थयुं, तेथी तुं धर्म कर.
[तेणे] दहीं मथ्युं.
[तुं] उपवास [illegible] — [illegible]

| | |
|---|---|
| दशरथ मोक्षने इच्छतो हतो. | पारेवा ! तुं नाच. |
| (ते) देवीने नम्यो. | (ते) हर्ष आपेछे. |
| पिताए पुत्रने चुम्बन कर्युं. | मणिलाले ठपको आप्यो. |
| (तेओ) बे देवीनी पासे घूण्या. | (ते) गाममां गयो. |
| (ते) सिंहे बे हरणने हण्या. | सौनुं सारुं थयुं. |

---

# पाठ, १६ मो.

## भविष्यकाल.

भविष्यकाळना बे प्रकार छे—श्वस्तन भविष्य तथा अद्यतन भविष्य.

पूर्वे कहेला अद्यतन काल ( गइ रातना बार वाग्याथी आवती रातना बार वाग्या सुधीनो २४ कलाकनो वखत ) नी अन्दर ' हवे पछी क्रिया थवानी छे ' एम कहेवुं होय तो अद्यतन भविष्य वपराय छे; तेमज त्यार पछीना काळमां ' अमुक क्रिया थशे ' एम कहेवुं होय तो श्वस्तन वपराय छे.

---

### प्रत्ययो—

| | एकवचन | बहुवचन |
|---|---|---|
| १ पु० | मि, स्सं. | मो, मु, म, हिस्सा, हित्था. |
| २ पु० | हिसे, हिसि. | हित्था, हिह. |
| ३ पु० | हिइ, हिए. | हिन्ति, हिन्ते, हिरे. |

१ पहेला पुरुषना 'म' थी शरु थता प्रत्ययो लगाडतां पहेलां धातुओने 'हि,' 'स्सा' अथवा 'हा' मांथी गमे ते कोई लगाडवामां आवे छे.

२ वळी पाठ पहेलाना चोथा नियममां कह्या प्रमाणे 'अकार'नो

'एकार' विकल्पे करवामां आवेछे, तो विकल्प पक्षमां 'अकार' नो 'इकार' करवो.

---

धातु—

| | |
|---|---|
| वोसट्ट्—विकसित थवुं. | सम्+आव् समास थवुं. |
| हस्—हसवुं. | लोट्ट्—सूवुं. |
| प+लीव्—दीपवुं. | सह्—शोभवुं. |
| डस्—डंखवुं. | वि+म्हर्—भूलवुं, विसरवुं. |
| अप्पाह्—कहेवुं, संदेशो आपवो. | अहीर्—उंघवुं. |
| विज्ज्—जाणवुं. | णिव्वर्—दुःख कहेवुं. |
| णिवह्—नाश थवो. | अवह्—रचवुं. |
| पास्—देखवुं. | वि+आव्=वाव्—व्यासथवुं. |
| ओ+वाह्—अवगाहवुं. | परि+अट्—भमवुं, पर्यटन करवुं. |
| उम्मत्थ्—सामे आववुं. | च्चव्—चववुं, नष्ट थवुं. |
| वलग्—चडवुं. | अक्खोड्—तलवार खेंचवी. |
| उव+सप्प्—पासे जवुं. | परि+गेण्ह्—ग्रहण करवुं. |

---

नाम ( पुंलिङ्ग )—

| | |
|---|---|
| पाउस—वर्षा ऋतु, प्रावृट्. | आणाल—हाथीने बांधवानो खीलो. |
| माण—मान, अहंकार. | छप्पय—भमरो, षट्पद. |
| आणाभंग—आज्ञानो भंग. | विण्हु—विष्णु. |
| निग्गह—निग्रह. | परोवयार—परोपकार. |
| पवेस—प्रवेश. | पडह—ढोल, पटह. |
| चक्कवट्टि—चक्रवर्ती राजा. | उच्छाह—उत्साह. |
| वइसाह—वैशाख मास. | छण—उत्सव, क्षण. |
| मुक्ख—मूर्ख. | उट्ट—ऊंट. |

अत्थं—धन, पैसो.
निप्फाव—वाल (प्रमाणनुं नाम).
गद्दह—गधेडो.
खग्ग—खड्ग, तलवार.

आ कैलाससागरसूरि ज्ञानमन्दिर
द्वारा सप्रेम भेंट ता

## स्त्रीलिंग—

पीइ—प्रीति, स्नेह.
माया—कपट.
चक्कवट्टिरिद्धि—चक्रवर्तीनी ऋद्धि.
जीआ—दोरी.
गरुवी—मोटी.
रत्ती—रात.
सेज्जा—शय्या.
जिब्भा } —जीभ.
जीहा }
रुप्पिणी—रुक्मिणी, कृष्णनी स्त्री.
जयणा—यतना.
गड्डा—खाडो.

## नपुंसक—

पुत्थय—ग्रंथ, पुस्तक.
उवलखंड—पाषाणनो टूकडो.
दासत्तण—दासपणुं, दासत्व.
छउम—कपट, छद्म.
दुवार—बारणुं, द्वार.
तित्थ } तीर्थ.
तूह }
अट्ठि—हाडकुं.
कुम्पल—कुंपळुं, फणगो.
नयर—नगर.

DELISTED
आ. कै. ग्रा. फोन्दा
दि........ए

## विशेषण—

सव्वविणासण—बधानो नाश करनार.
एआरिच्छ—एवो, एतादृश.
तुम्हारिच्छ—तमारा जेवा.
केरिच्छ—केवो.
अम्हारिच्छ—अमारा जेवो.
खलिअसील—स्खलित छे शील जेनुं.
सिणिद्ध—चीकणुं, स्निग्ध.
दुट्ठ—दुष्ट.

अन्नारिच्छ—बीजानी जेवो, अन्यादृश.

जारिच्छ—जेवो.

जिण्हु—जीतनार.

---

### * क्रियातिपत्ति.

ज्यारे शरत वाळां बे वाक्योनुं एक संयुक्त वाक्य बनेलुं होय, अने तेमां देखाती बन्ने क्रियाओनो कोइ पण प्रतिकूल सामग्रीथी नाश थतो जणाय त्यारेज आ 'क्रियातिपत्ति' वपरायछे.

---

### प्रत्ययो—

| | | | | | |
|---|---|---|---|---|---|
| एकवचन अने बहुवचन | १ पु० | ज्ज, | ज्जा, | †अन्त, | माण. |
| | २ पु० | " | " | " | " |
| | ३ पु० | " | " | " | " |

---

### वाक्य—

जइ मेहो होज्ज, तया तणं होज्जा।

जइ साहू होन्तो, तया मुक्खो होमाणो।

चक्कवट्टिणो वि मरणं अत्थि।

सिद्धसेणो मुक्खं गच्छिहिइ।

विण्हू जग्गिहिइ।

मणीलालो बुहो होहिइ।

पाउसम्मि मेहो वरिसिहिइ।

जइ पुत्तो न पढेज्ज, तया जणयो हणेज्जा।

जइ मणीलालो दिक्खं गेण्हिज्ज तया तिहुअणो वि दिक्खं गेण्हिज्जा।

साहुणो मायं न कुणिहिन्ति।

भिच्चा निवइणो आणाभंगं न काहिन्ति।

घोडयं वलग्गिहिए।

---

* आ काळने अमुक अंशमां 'संकेत भूतकाळ' गुजराती व्याकरण मुजब कही शकाय छ.

† धातुने क्रियातिपत्तिना आ 'अन्त अने माण' ए बे प्रत्ययो लाग्या पछी तैयार थएला रूपनुं नामनी माफक कार्य थायछे.

दिवसम्मि भाणू पलीविहिइ ।
भूमीए परोवयारं कुणिस्सामो ।
रुक्खस्स कुम्पलं अहिपच्चुएहिइ ।
तिहुअणो पुत्थयं अवहिहिए ।
तवेहिं मुक्खो वि बुहो होहिए ।
अप्पविज्जं विम्हरिहिस्सा ।
रयणीए लोट्टिहित्था ।
कसणो विसहरो डसिहिइ ।
नयरम्मि पडहो बोल्लिहिइ ।
अप्पाहेहिन्ति पुरिमा ।
णाणेणं पावाइं णिवहिहिंति ।
छप्पओ उज्जाणम्मि परिअट्टेहिए ।

गुरुमुवसप्पिहिइ ।
उवलखंडं भंजिहिइ ।
निवई थूणस्स निग्गहं काहिए ।
छणे इत्थीओ सहिहिन्ति ।
हसिहित्था विज्जत्थिणो ।
पुत्थयं पासिस्सं ।
रयणीए—ओहरिस्सं ।
चविहिमि जणो.
पुत्थयं समावेहिए ।
लोहं माणं च न कुणिहिइ ।
पाविणो नरयं गच्छिहिन्ति ।

---

(ते) प्रतिक्रमण करत तो पुण्य मेळवत.
(ते) दीवो करशे तो अंधकार जशे.
(हुं) भणीश तो ते गाम जशे.
(त) घोडाओ खाडामां पडशे.
(तेओ) बे भोजनमां वाल अने घी खाशे.
साधुओनी जीभ सारूं बोलशे.
धनथी उत्साह थशे.
बारणुं नीचे पडशे.
कूतरो हाडकाने खाशे.
(ते) कल्याण माटे तीर्थमां आवशे.
(ते) अमारा जेवो पंडित थशे.

(तमे) जशो तो तेओ जीवशे.
(तेओ) नमशे तो तुं साधु थइश.
देवताओ आवशे तो श्रावको जागशे.
(ते) ऊंट उपर चडशे.
(हुं) हरगोविंदनी साथे कोशाम्बी नगरीमां जइश.
(ते) मोढावडे हसशे.
स्त्रीओ पुरुषोने सुखमाटे जोशे.
राजाओ माणसोने आज्ञा वडे तावे करशे.
(ते) नगर माणसोथी शोभशे.
हाथी नदीनुं पाणी पीशे.

(अमे) तमारा जेवा साधु थशुं.
वैशाख मासमां ताप पडशे.
(तमे) बे नगरथी बहार नीकळशो.
(ते) वाणीओ पैसामाटे कपट करशे.
(ते) राजा तलवार खेंचशे.
मोटी पृथ्वीमां साधु पुरुषो जीतशे.
(हुं) महावीरने पूजीश.
रात्रीमां चन्द्रमा आवशे.
(ते) दासपणाने ग्रहण करशे.
(ते) मूर्ख चक्रवर्त्तीनी ऋद्धिनो त्याग करशे.

(तेओ) बे भाइ वस्त्रोनो उपभोग करशे.
(अमे) ज्ञानवडे अने क्रियावडे भवसमुद्रने तरीशुं.
(ते) रात्रीए शय्यामां सूशे.
दुष्ट माणसो पापना ढगलाने लीधे नरकमां जशे.
(तेओ) बे नहावा माटे नदीमां पडशे.
(ते) सौनुं कल्याण करशे.

## पाठ, १७ मो.

### धातु—

× सोच्छ्—सांभळवुं.
× गच्छ्—जवुं.
× रोच्छ्—रोवुं.
× वेच्छ्—जाणवुं.
× दच्छ्—जोवुं.

× मोच्छ्—मूकवुं.
× वोच्छ्—बोलवुं.
× छेच्छ्—छेदवुं.
× भेच्छ्—भेदवुं.
× भोच्छ्—जमवुं.

× आ चिह्नवाळा धातुओ फक्त भविष्यकाळमां ज वपराय छे. वळी ते धातुओने बीजा तथा त्रीजा पुरुषमां भविष्यकाळना प्रत्ययो लागे छे. तेमज वर्तमानकाळना पण प्रत्ययो लागे छे. तेमज आ धातुओनुं प्रथम पुरुषना एकवचनमां अन्तमां कोइ पण प्रत्यय लगाड्या विना केवल अनुस्वार लगाडीने पण रूप थाय छे. जेमके- सोच्छिइ, सोच्छिहिइ, सोच्छं.

हणू—सांभळवुं.
फुट्ट्—स्फुट थवुं.
चल्ल्—चालवुं.
निमिल्ल्—वींचावुं.
पंग्—ग्रहण करवुं.
निसेह्—निषेध करवो.
दंस्—वर्तवुं.
विट्ट्—वर्तवुं.
निम्मव्—करवुं, सरजवुं.
विहीर्—वाट जोवी.
घोस्—गोखवुं.
आढव्—आरंभ करवो.
गुणल्—सारी रीते करवुं.
णीलुक्क्—नीचे पडवुं.
सार्—प्रहार करवो, मारवुं.
रम्—रमवुं.
गुम्म्—मोह पामवो, गुम्म थवुं.
परिसाम्—शांत थवुं.
संतप्प्—तपी जवुं, संताप पामवो.
वि+क्किण्—विक्रय करवो.

---

नाम—

पच्चअ—पच्चय, पुं०—विश्वास.
पहा, स्त्री०—कान्ति.
वारण, न०—व्याकरण.
साला, स्त्री०—निशाळ.
आचारंग, न०—सूत्रनुं नाम.
पडिमा, स्त्री०—प्रतिमा, छबी.
गोवाल, पुं०—गोपाळ.
लच्छी, स्त्री०—धन.
नेह, पुं०—स्नेह.
छम्मुह, पुं०—एक यक्षनुं नाम.
नाअ, पुं०—न्याय.
विञ्छिअ, पुं०—विंछी.
चच्चर, न०—चोक.
थम्भ, पुं०—थांभलो.
लोअपिय, वि०—लोकोने वहालो.
पया, स्त्री०—प्रजा.
हिरी, स्त्री०—शरम लज्जा.
पक्ख, पुं०—पीपळो.
गरिहा, स्त्री०—निन्दा.
संसार, पुं०—संसार.
दीह, वि०—लांबुं, मोटुं.
भीरु, वि०—बीकण.
चिन्ध, न०—चिह्न.
इट्टा, स्त्री०—ईंट.
हिट्ठ, वि०—हृष्ट, हरखेलुं.
कडुअ, वि०—कडवुं.
कुमर, पुं०—कुमार.
विज्जु, स्त्री०—विजळी.
चन्दिमा, स्त्री०—चन्द्रिका, चंद्रनी कळा.

अलीअ, न०—जूठुं.
दाण, न०—दान.
दिक्खा, स्त्री०—दीक्षा.
वंचण, न० ठगवुं.
गब्भ, पुं० गर्भ.
तिअस, पुं०—देव.
पुच्छ, न०—पूछडुं.
संकला, स्त्री०—सांकळ.
कारण, न०—कारण.
भामिणी, स्त्री०—स्त्री.
मग्ग, पुं०—मार्ग.
छाल, पुं०—बकरो.
छाली, स्त्री०—बकरी.
दयालु, वि०—दयालु.

वाक्यो—

महावीरस्स पडिमा मुक्खं दाहिइ।
इट्टाहिं घराइं होहिन्ति।
विज्झिओ रयणीए डसिहिइ।
आयारंगं सोच्छं।
सियावायं वोच्छं।
धम्मो णीलुञ्छिहिइ।
जणयो पुत्तं संकलाहिं सारेहिइ।
चच्चरम्मि विज्जत्थिणो गुरूहिं सह गच्छिहिन्ति।
इत्थीओ नेत्ताइं निमिल्लेहिन्ति।
लोअपियो सड्ढो सोच्छिइ।
तिअसो मच्चूओ संतप्पिहिइ।
साहुं चिन्धेणं वेच्छिन्ति।
वाणरो दीहं पुच्छं णीलुञ्छिहिइ।
साहुणो दिक्खं दाहिन्ति।
दाणं दाहं* धणाणं।
तवं काहं* गुरूणमाणाए।
सिआलो वञ्चणं काहिइ।
अविज्जाए दुन्नि जणा गुम्मिहिन्ति।
विज्जत्थिणो घोसिहिन्ति रत्तीए।
तिहुअणस्स झवेरो विहीरिहिइ।
डिम्भो कारणं विणा रोच्छिइ।
पयावई भूमिं न निम्मवेहिइ।
भीरुणो जणा गुलन्ति।
जणा साहूणं गरिहं संसारे काहिन्ति।
महिमो मग्गम्मि चल्लिहिइ।
ससा सहोअराय आसिसं दाहिइ।
छम्मुहो जणे रक्खिहिइ।
भूमीए विज्जू पडिहिइ।
नणंदा नेहं पंगेहिइ।
जक्खो कुमरस्स कल्लाणं काहिइ।

*(जुओ पाठ १४ नी *टीप) वळी 'का' तथा 'दा' धातुने प्रथम पुरुष एकवचनमां 'हं' प्रत्यय पण लागेछे. जेमके काहं, दाहं, पक्षमां काहिमि, दाहिमि इत्यादि.

गोवाळनो छोकरो बकरां तथा बकरीओने पाळशे.
राजानो कुमार बे स्त्रीओने ग्रहण करशे.
मूर्ख माणस साधुना बोलश (वचन) थकी हसशे.
बे घडाओ फूटशे.
(ते) गामना चोकमां छोकराओ साथे रमशे.
राजाओ न्यायथी प्रजाने वश करशे.
(ते) भगवानने देखशे.
हे भाइ! तमे आसन उपर बेसशो ?
साधुओ देवपणानो अनुभव करशे.
(ते) निशाळमां व्याकरण भणशे.
(हुं) साधुओना उपदेशने सांभळीश.
(अमे) बे पिताना मृत्युथी रोइशुं.
(तेओ) बे साधुना पूजन माटे गाममां जशे.
इंधणाओथी अग्नि संतप्त थशे.
राजा बे चोरोने तलवारथी मारशे.
दीवो घीवडे घरने प्रकाशशे.
शुद्ध वचन व्याकरण विना थशे नहि.
(तें) घरमां बे पुस्तकोने मूकशे.
(हुं) गाममां लक्ष्मीने मूकीश.
(हुं) ब्राह्मणोनी साथे खीर जमीश.
योगी स्त्रीनुं मोढुं जोशे नहि.
वाणीओ आजे घी वेचशे.
त्रिभुवन शरम विना भगवान पासे नाचशे.
मणिलाल गुरुना पूजन विना खाशे नहि.
सूर्यना तापथी वृक्षो सूकाशे.
चन्द्रनी चन्द्रिकाथी लोको सुखी थशे.
लोको सांकळोथी पाडाओने (हणशे) मारशे.
सिंहो भोजनने माटे हरणोने मारशे.
माणसो हरगोविन्दनो विश्वास करशे.
केरीओ अने केळां वैशाख मासमां मळशे.

---

## केटलाएक सवालो.

१ ह्यस्तन, अद्यतन तथा परोक्षमां भेद बतावो ?.

२ श्वस्तन भविष्य तथा अद्यतन भविष्यमां शो तफावत ?.

३ वर्तमान काळना बीजा अने त्रीजा पुरुषना प्रत्ययोमां अने भविष्य

काळना तेज प्रत्ययोमां शो भेद छे ?.

४ हुं आपीश, हुं करीश, तेओ वे ऊंघशे, ते जमशे, अमे वे जम्या; आ वाक्योनुं प्राकृत करो ?.

५ अत्यार सुधीमां तमे भणी गयेला आर्ष शब्दो लखो ?.

६ 'पितृ' शब्दना प्राकृतमां बधी विभक्तिओनां रूपो लखो ?.

७ 'नणन्दा' अने 'रमा' आ बे शब्दोना रूपमां भेद बतावो ?.

८ हर्, जा, वेल्ल्, दुच्छ्, वेच्छ्, आटला धातुओना 'भूत' मां तथा 'भविष्य' मां रूपो लखो ?.

---

## पाठ १८ मो.

### * कर्मणि प्रयोग तथा भावे प्रयोग ( सह्यभेद ).

कोइ पण धातुनो ज्यारे असुक काळमां कर्मणि अथवा भावे प्रयोग बनाववो होय त्यारे पुरुषबोधक प्रत्ययो लगाडतां पहेलां धातु थकी 'ईअ', अथवा 'इज्ज' सामान्य रीते लगाडवामां आवेछे, अने त्यार बाद जे काळमां सह्यभेद बनाववो होय ते काळना पूर्वे (कर्तरि प्रयोगमां) कहेवाइ गयेला प्रत्ययो लगाडवाथी आ रूपो सिद्ध थायछे, जेमके-बोलिज्जइ, बोल्लीअइ.

+ धातु—

| | |
|---|---|
| दीस्-देखवुं. | हम्म्-हणवुं. |
| वुच्च्-कहेवुं. | खम्म्-खणवुं. |

---

* सकर्मक धातुओनो कर्मणि प्रयोग करवामां आवेछे. तथा मूल अकर्मक अथवा अविवक्षितकर्मक धातुओनो भावे प्रयोग थायछे.

\+ आ धातुओ थकी 'ईअ अने इज्ज' (कर्मणि अथवा भावेना) प्रत्ययो लागता नथी, कारणके आ धातुओ मूळ धातुओ उपरथी आदेश थइने कर्मणिमां अथवा भावेमां उपर प्रमाणे बनेला छे; तेथी तेने परभार्या विकरण तथा असुक असुक काळना प्रत्ययो लगाडी सह्यभेदना रूपो बनाववा; एटलेके आ धातुओ कर्तरि प्रयोगमां तो वपरायज नहि.

चिव्व् } एकठुं करवुं.
चिम्म् }
जिव्व्—जीतवुं.
सुव्व्—सांभळवुं.
हुव्व्—होमवुं.
पुव्व्—पवित्र करवुं.
थुव्व्—स्तुति करवी.
धुव्व्—कंपवुं.
कत्थ्—कहेवुं.
हीर्—हरवुं.
कीर्—करवुं.
तीर्—तरवुं.
जीर्—जीर्ण थवुं.
विढप्प्—पेदा करवुं, अर्जन करवुं.
सिप्प्—सिंचवुं, स्नेह करवो.
घेप्प्—ग्रहण करवुं.
छिप्प्—स्पर्श करवो.
डज्झ्—बळवुं.
वज्झ्—बांधवुं.

दुब्भ्—दोवुं.
लिब्भ्—चाटवुं.
वुब्भ्—वहन करवुं.
रुब्भ्—रोकवुं.
गम्म्—जवुं.
हस्स्—हसवुं.
भण्ण्—भणवुं.
छुप्प्—स्पर्श करवो.
रुव्व्—रोवुं.
लब्भ्—लाभ थवो.
णव्व् } जाणवुं.
णज्ज् }
वाहिप्प्—बोलवुं.
आढप्प्—आरंभवुं.
सं+रुज्झ्—तावे थवुं.
अणु+रुज्झ्—मानवुं, तावे थवुं.
उव+रुज्झ्—आग्रह करवो.
मुज्ज्—जमवुं.

---

## नाम (पुंलिंग).

कण्ण—कान.
भार—भार.
सद्द—शब्द.
वुंदारय—देव.

वुत्तन्त—वृत्तान्त, चरित्र.
कयण्णु—कृतज्ञपुरुष.
एरावण—इन्द्रनो हाथी.
उच्छव—उत्सव.

उसह—ऋषभदेव.
सुद्धोअणि—शौद्धोदनि, बुद्ध.
कुढार—कुहाडो, कुठार.
धअ—ध्वज.
साव—शाप.

## स्त्रीलिंग.

भुइ—नोकरी, भृति.
भज्जा—भार्या, स्त्री.
पडाया—पताका.
निण्णया—नदी, निम्नगा.
मज्जाया—मर्यादा.
वलहि—वलभीपुर.

## नपुंसक.

गउरव } मोटाइ.
गारव }
मुसल—सांबेलुं.
पट्टण—नगर.
वुन्द—समूह.
पायाल—पाताल.
ओसह } औषध.
ओसढ }

## विशेषण—

दुच्छ—डाह्युं.
टड्ढ—स्तब्ध, ठंडुं.
निण्ण—नीचुं, निम्न.

## वाक्यो—

घएणं चुलचुलिज्जइ ।
पुरिसेहिं घराइं बंधन्ति ।
गोवालेण धेणू दुब्भइ ।
भारवहेहिं भारो चिव्वइ ।
रुक्खेहिं धुणिज्जइ पवणेणं ।
भिच्चेहि कुढारेण भूमी खम्मइ ।
मित्तेण नयरं दीसए ।
जणाणं वुन्देण तत्तं जाणिज्जेहिइ ।
बम्हणेहिं भोअणं जेमिएहिए ।
जोगिणा संसारो तीरेहिइ ।
जणेण दोहिं कण्णेहिं सुव्वए ।
वेहिं थूणेहिं घणाइं हीरन्ति ।
महिसो संकलाहिं वन्धिज्जइ ।
इन्देण एरावणो चडीअए ।

तिहुअणेण सिआवायो पढिज्जइ ।
सारमेयेणं दुन्नि अत्थीइं लिब्भन्ति ।
मुरुक्खेणे महिसो दुहिज्जइ ।
मणीलालेण मुहत्तो वयणाइं वुच्चीअ ।
महावीरेणं वम्महो जिव्वीअ ।
कयण्णुणा जयचन्देण विजयधम्म-
सूरी थुव्वीअ ।
पुरिसेण वम्हणो हम्मीअ ।
जणेहिं रयणाइं चिम्मीअ ।
तिहुअणेण लच्छी चिव्वेहिइ ।
हरगोविन्देणं कत्थिहिए ।
भिच्चेण मुई कीरए ।
विज्जेण दीणाणं जणाणमोसहं
दाईअए ।
उसहो वुन्दारयाण वुन्देण वन्दिज्जइ ।
पिउणा पुत्तो हम्मए ।
माअराए दुहिआ लट्ठीए हणिज्जइ ।
इत्थीए भत्ता नविज्जइ ।
नणंदाए कुसलाय हुव्वए ।
रिसिणा सावो दाइज्जइ ।

---

( तेनावडे ) रोज महावीरनुं मुख
देखाय छे.
माणसोना कपडावडे जीर्ण थवायछे.
कुंभारना घडा वडे फूटाय छे.
बालको वडे घरमां रोवाय छे.
मूर्ख वडे अशुद्ध तत्त्व बोलायुं.
वहाण वडे समुद्र पण तराय छे.
पापी वडे नरकमां पडाय छे.
माणसोथी मोटाइ इच्छाय छे.
श्रावको वडे वीरनुं चरित्र बोलाशे.
योगीओथी मर्यादा मूकाती नथी.
मणीलालथी गाम जवाशे.
लोको वडे वलभी नगरी प्रशंसाइ.
शेठ वडे धन पेदा कराय छे.
सांबेला वडे धान्य शुद्ध थाय छे.
भरतथी राज्य एकठुं करायुं.
(तेनाथी) स्याद्वाद भूलायो.
त्रिभुवनथी हसाशे, तेथी ( तुं ) न
बोल.
मणिलालथी सुखनो समूह अनु-
भवाय छे.
विजयधर्मसूरिथी निशाळना विद्या-
र्थीओ ( नी परीक्षा लेवामां
आवी) परखाया, अने (तेओने)
इनाम आपवामां आव्यां.
माताथी आशीष अपाय छे.
जयचन्द वडे व्याकरण भणाय छे.
(ते) बे वडे बे घरमां रहेवायुं.

पुरुषोथी रातमां पथारीने विषे सूवाय छे.
सुख वडे थवाय छे.
(तेनाथी) आसनथी उठाय छे.
मुनिओ वडे क्षमा रखाय छे.
मेघ वडे वरसायुं.

---

## पाठ १९ मो.

### केटलाएक खास उपयोगी कृदन्त.

### (हेत्वर्थकृदन्त, संबन्धकभूतकृदन्त, वर्तमानकृदन्त तथा कर्मणि भूतकृदन्त विषे.)

१ कोइपण धातुने उं ( अथवा जवलेज तुं ) प्रत्यय लगाडवाथी हेत्वर्थ कृदन्त थाय छे. जेमके, वोल्लिउं, वोल्लिउं, वोलवाने, वोलवामाटे.

२ कोइपण धातुने उं, अ, ऊण, ऊणं, उआण, उआणं ( अथवा जवलेज तुं, तूण, तुआण, तूणं अने तुआणं ) प्रत्ययो लगाडवाथी संबन्धकभूतकृदन्त थाय छे. जेम, रमेउं, रमिअ, रमिऊण, रमिऊणं, रमिउआण, रमिउआणं; रमीने.

३ कोइपण धातुने 'न्त, माण' प्रत्ययो लगाडवाथी पुंलिंग तथा नपुंसकमां वर्त्तमान कृदन्तना रूपो थाय छे; तथा स्त्रीलिंगमां ई, न्ता, न्ती, माणा अने माणी प्रत्ययो लगाडवाथी स्त्रीलिंग वर्त्तमान कृदन्त थाय छे; जेम, * कहेन्तो, कहन्तो, कहमाणो, कहन्तं, कहमाणं, हसेई, हसन्ती, हसन्ता, हसेमाणा, हसेमाणी इत्यादि.

४ दरेक धातुओ थकी पुंलिंग तथा नपुंसकमां 'इअ' तथा स्त्रीलिंगमां 'इआ' तथा इई प्रत्ययो लगाडवाथी कर्मणिभूतकृदन्त थाय छे जेम, उंघिओ, उंघिअं, उंघिआ, उंघिई.

५ चालु पाटमां कहेला दरेक प्रत्ययो लगाडता पहेलां धातुथी विकरण 'अ' पण जोडाय छे अने हेत्वर्थकृदन्त तथा संबन्धकभूतकृदन्तना पूर्वना विकरणना 'अ' नो 'ए' अथवा 'इ' थाय छे.

---

* जुओ पाठ पहेलो नियम चोथो.

## केटलाएक अनियमित कृदन्तोनी यादी.

| | |
|---|---|
| अप्फुण्ण—घेराएलो. | विढत्त—पेदा करेल. |
| उक्कोस—उत्कृष्ट. | निमिअ—स्थापेलुं. |
| फुड—स्पष्ट. | चक्खिअ—चाखेलुं. |
| वोलीण—गयेल. | लुअ—कापेलुं. |
| वोसट्ट—फूलेल. | जढ—छोडेल. |
| निसुट्ट—नीचे पाडेल. | निच्छूढ—उंचे फंकेल. |
| लुग्ग—रोगी, भांगेल. | झोसिअ, पल्हत्थ, पलोट्ट } फेंकेल. |
| रुण्ण—रोएलुं. | हीसमण—घोडानुं हणहणवुं. |
| ल्हिक्क, पम्हुट्ठ } नासेल. | |

---

### *धातु—

| | |
|---|---|
| रोत्—रोवुं. | वोत्—बोलवुं. |
| मोत्—मूकवुं. | घेत्—ग्रहण करवुं. |
| भोत्—भोजन करवुं. | §दट्ठ—देखवुं. |

---

### नाम.

| | |
|---|---|
| आरंभ, पुं०—आरंभ. | गुज्झ, न०—गुह्य, गुप्त. |
| पल्लाण, न०—पलाण. | मुत्ताहल, न०—मुक्ताफल. |
| पायार, पुं०—किल्लो. | ‡पिउसिआ, स्त्री०—फइ. |

---

* आटला धातुओनो प्रयोग हेत्वर्थकृदन्तना तथा संबन्धकभूतकृदन्तना केवळ व्यञ्जनादि प्रत्ययोमां ज थाय छे (बीजे स्थले प्रयोग थाय ज नहि) वळी तेने विकरण पण लागतो नथी.

§ आ धातुनो हेत्वर्थकृदन्तना तथा संबन्धकभूत कृदन्तना स्वरादि प्रत्ययो मांज प्रयोग थाय छे (बीजे नहि)

‡ आ शब्द आकारान्त छे.

उम्बर, पुं०—झाडनुं नाम, उंबरो.
विग्घ, पुं०—विघ्न.
डक्क, वि०—डसायेल.
माह, पुं०—माघ मास.
दुवालसंग, (आर्ष) न०—बार अंग.
छिहा, स्त्री०—स्पृहा, इच्छा.
निप्पिह, वि०—निःस्पृह
कत्तिअ, पुं०—कार्त्तिक मास.
मच्छर, पुं०—अहंकार, मत्सर.
वत्ता, स्त्री०—वार्त्ता.
रोगिल्ल, वि०—रोगवाळो.
विम्हय, पुं०—विस्मय.
मसाण, न०—मसाण.
लोण, न०—मीठुं.
सोमाल, वि०—सुंवाळु.
पोप्फल, न०—सोपारी.
चिलाय, पुं०—भिल्ल
रवि, पुं०—सूर्य.
चविडा, स्त्री०—लापोट.
विअणा, स्त्री०—दुःख, वेदना.
अम्ब, न०—केरी.
आढिअ, वि०—आदर पामेलुं.
विहूण, वि०—रहित.
सणिच्छर, पुं०—शनैश्चर.
हरडई, स्त्री०—हरडे.
मेरा, स्त्री०—मर्यादा.

धातु—

गम्—जवुं.
खण्—खोदवुं.
दुह्—दोवुं.
वह्—वहन करवुं.
जर्—जीर्ण थवुं.
लिह्—चाटवुं.
बंध्—बान्धवुं.
भण्—भणवुं.
छुव्—स्पर्श करवो.

वाक्य—

मणीलालो हसन्तो गुरुं वन्दइ ।
हरगोविन्दो ण्हाउं चेइअम्मि गच्छइ।
उंघिओ तिहुअणो सिविणं देक्खइ।
कत्तिए मासम्मि वड्ढन्ताइं रुक्खाइं जणेहिं देक्खिज्जन्ति ।
जम्मन्तो डिम्भो विअणं सहए ।
सेट्ठी जेमेऊणं पोप्फलाइं भुञ्जइ ।
पयासन्तो रवी समुद्दम्मि पडए ।
हसेई पिउसिआ पुत्तं चुम्बइ ।

जणो अच्छिऊणं बोल्लइ ।
वइसाहम्मि मासे पसरन्तो अम्बो जणाणं अम्बं देइ ।
दुवालसंगं पढमाणो जणो मच्छरं न कुणइ ।
सोमालो कुमरो दुक्खमणुहवन्तो रोवइ ।
इन्देहिं वि आढिअं वीरं जणाणं वुन्दं नवए ।
विम्हयो होइ ।
मसाणम्मि आगच्छन्तो जणो डरइ ।
निप्पिहो विजयधम्मसूरी गामे गामे विहरेऊण तत्तमुवदिसइ ।
वणम्मि जलं पिज्जेमाणो उंवरो वड्ढए ।
बम्हणो धणस्स छिहाए वत्तं कहेइ ।
घरम्मि निमिअं घत्तं दिन्तो त्तिलायो पुण्णं बन्धइ ।
सुवण्णं चोरिअ गच्छन्ता थूणा निवेण हणिआ* ।
गोवालो धेणुं दुहन्तो खीरं पिज्जइ ।
आरंभम्मि सणिच्छरो विग्घं देइ ।
लोणं विणा भोअणं साउं न होइ ।
पण्डिओ पुरिसो उट्ठइ ।
निवई पयं रक्खन्तो पायारं बन्धइ ।
रोगिल्लो जणो हरडइं खाइ ।
बोन्डयस्सोवेरि पल्लाणं खिवइ ।
गुज्झमत्थि ।
पावं कुणिऊण नरयम्मि पडन्तं जीवं रक्खिउं तित्थयरो वि समत्थो नत्थि ।
तवं काउं मुक्खं पावीअ ।

---

( ते ) पाणी पीवा माटे कूवाने खोदतो हवो.
( ते ) जमीने नगरमां गयो.
( हुं ) न्हावा माटे नदीमां पडुंछुं.
( ते ) मीठुं लेवा माटे समुद्रनी पासे जायछे.
वनमां पडेलो साप मुनिनी पासे आवीने नमेछे.
( तेनाथी ) गुरुनी दयाथी तत्त्व जणाय छे.
देवनी पूजाने लीधे पापोथी जीर्ण थवायछे.
राजानी आज्ञाथी समुद्रमां पडीने रत्नोनो समूह ग्रहण करायछे.
मजूरोथी पेटने पूरवामाटे हमेशां भार वहेवामां आवेछे.

---

* जुओ पाठ नवमानी * टीप.
१ जुओ पाठ. ६ नियम—१ †.

(तेनाथी) निशाळमां जइने भणायछे.
पुरुपना मुखने देखीने हसती स्त्री
खाडामां पडी.
वाडीमां रमतो पुरुष फूलो लइने
घेरे जायछे.
नीचे पडेलुं दूध विलाडो चाटेछे.
सूंघेल फूलने माणसो सूंघता नथी.
कूतरो भसतो भसतो जायछे.
( ते ) राजानी हजामत करीने घेर
गयो.
दुःखने अनुभवतो माणस संसारथी
उदास रहेछे.
वागोळतां पाडो भारने वहेछे.
( तेनाथी ) वेसीने रोवायछे.
(तेनाथी) दीवाने अडकीने दझायुं.

( तेनाथी ) कार्य आरंभायुं.
गामथकी नीकळेलो माणस भोजन
करेछे.
संसारथी डरेल आदमी पाप नथी
करतो.
वीरनी प्रतिमाने पूजतो माणस
मोक्षने पामेछे तथा पामशे.
राजाने मर्दन करीने नोकरो खावा
माटे आवेछे.
उलसेलो माणस धनने पेदा करीने
धर्ममां वापरशे.
खळभळेलो समुद्र मर्यादाने मूकशे.
महावीरने वंदीने जमवाथी सुख थयुं.
परीक्षित (पारखेल) बाळको महा-
मासमां दडावडे रोज रमेछे.

---

## सवालो.

१. जे धातुओने 'ईअ' अने 'इज्ज' नथी लागता ते धातुओना थोडा एक रूपो लखो ?.

२. कर्मणिभूतकृदन्तनुं स्त्रीलींगमां रूप केवी रीते थाय ते उदाहरण पूर्वक बतावो ?.

३. कर्मणि रूप तथा भावे रूपने गुजरातीमां शुं कहेछे ?.

४. कर्मणिभूतकृदन्त, हेत्वर्थकृदन्त तथा संवंधकभूतकृदन्त करवामाटे शो उपाय छे ?.

५. संवंधकभूतकृदन्त तथा हेत्वर्थकृदन्तना प्रत्ययोनी पूर्वे विकरण 'अ' नुं शुं थायछे ?.

६. दीसू, भण्ण्, वुच्च्, हम्म्, खम्म्, आटला धातुओना कर्मणि अथवा भावे रूप कोइपण पुरुषनी अंदर बोलो ?.

७. तुं, तुआण, तूण, तथा हेत्वर्थ तुं, लागे एवा क्या धातुओ छे ते दाखला साथे लखो ?.

८. चाखेलुं, छोडेलुं, स्थापेलुं, नीचे पाडेलुं, गएलुं तेनुं प्राकृत करो?.

---

## पाठ, २० मो.

### प्रेरक भेद.

कोइ पण धातुने 'अ, ए, आव तथा आवे' प्रत्ययो जोडवाथी ते धातुनुं अंग प्रेरकमां तैयार थायछे, वळी जे धातुनो आद्यक्षर गुरु होय तेओनुं प्रेरक अंग बनाववामां एक 'अवि' प्रत्यय पण विशेष लागेछे. वळी ज्यारे कर्मणि अथवा भावे प्रयोगमां प्रेरक रूप करवुं होय त्यारे फक्त 'आवि' प्रत्यय विकल्पे जोडवो; त्यार बाद विवक्षित काळना पुरुषबोधक प्रत्ययो लगाडवाथी दरेक काळना रूपो तैयार थायछे उदाहरणो-कारइ, कारेइ, करावइ, करावेइ.

आद्यक्षर गुरु होय त्यारे, बोल्लविइ, बोल्लइ, बोल्लेइ, बोल्लावइ, इत्यादि ( कर्मणि तथा भावे ) हसावीअइ, हासीअइ, हसाविज्जइ, हासिज्जइ इत्यादि, खम्माविइ, खम्मइ.

१ 'अ' तथा 'ए' प्रत्यय पर छतां, तथा 'आवि' प्रत्ययना विकल्प पक्षमां कोइ पण प्रत्यय नहि लगाडता धातुना उपान्त्य 'अ'नो 'आ' थायछे. जेम, कारइ, कारेइ; हासीअइ, हासिज्जइ; (कर्मणि तथा भावेमां) हसावि-इज्जइ=हसाविज्जइ, हसावि-ईअइ=हसावीअइ. तथा कराव-इअं (भूतकृदन्त)=कराविअं, कराव-अन्तो ( वर्तमान कृदन्त )=करावन्तो. आ रूपो बनाववामां पाठ बीजानो बीजो नियम ध्यानमां राखवो.

---

## सामान्य सूचना.

मूळभेदमां क्रियापदनी अंदर जो कर्म न बोलायुं होय तो प्रेरकरूपवाळा क्रियापदनी अंदर मूळभेदना क्रियापदनो कर्ता, कर्म तरीके पण गणायछे, अथवा त्रीजी विभक्तिमां वपरायछे. जेम, मणीलालो वावरइ (मूळ) (वावरन्तं मणीलालं तिहुअणो पेरणं कुणइ-त्ति) तिहुअणो मणीलालं मणीलालेण वा वावरावेइ (प्रेरक)=त्रिभुवन मणीलालने वापरवानी प्रेरणा करेछे, अर्थात् त्रिभुवन मणीलाल पासे वपरावेछे.

---

## अपवाद.

( १ ) गत्यर्थक, आहारार्थक, ज्ञानार्थक, बोलवाना अर्थवाळा तथा जे धातुओनुं शब्दरूप कर्म होय एवा तथा नित्य अकर्मक धातुओनो मूळभेदनो कर्ता, प्रेरक रूपनी अंदर मात्र कर्मज थायछे.

### उदाहरण—

१. हरगोविन्दो जयचन्दं नयरं गच्छावइ.

२. झवेरो माअरं खीरं भुञ्जविइ.

३. तिहुअणो मणीलालं गीअं सुणावेइ.

४. पिआ पुत्तं पूअणाय बोल्लावेइ.

५. विजयधम्मसूरी सीसे आचारंगं सिक्खावेइ.

६. अम्बा डिम्भं उंघावेइ.

( २ ) 'भक्ख्', धातुनो अर्थ हिंसायुक्त भोजनार्थक होय त्यारे तथा 'वह्', धातुनो मूळ कर्ता, जेने वारंवार प्रेरणा करवी पडती होय तेवो होय त्यारेज तेओनो प्रेरक रूपमां मूळभेदनो कर्ता कर्म थायछे; अन्यथा नहिं. जेम=भिच्चो महीसं तणं भक्खावेइ, भिच्चा वइल्ले भारं वहावन्ति; जणयो पुत्तेण खीरं भक्खावेइ. अहिवई भिच्चेहिं भारं वहावेइ.

---

(३) 'हर् तथा कर्' धातुओनो मूळभेदनो कर्त्ता प्रेरक रूपमां कर्म गणाय छे, अथवा त्रीजी विभक्तिमां वपरायछे. रिवू थूणं (थूणेण वा) सुवण्णं हारेइ. अज्जोमित्तं ( मित्तेण वा ) कडं करावेइ.

(४) 'अहि–वय्, देक्ख्' आ बे धातुओनी अंदर मूळ भेदनुं कर्म पोते ज्यारे प्रेरकमां कर्ता थइ जाय त्यारे अथवा गमे ते कर्ता प्रेरक भेदमां होय परंतु ज्यारे ते कर्ताने कांइ लाभ जणातो होय त्यारे मूळभेदनो कर्ता कर्म थायछे, अथवा त्रीजी विभक्तिमां आवेछे.

उदाहरण—सीसो गुरुं अभिवयइ. ( मूळ ) ( १ ) गुरू सीसं ( सीसेण वा ) अभिवयावेइ. ( प्रेरक ), ( २ ) भिच्चो निवइं देक्खइ. ( मूळ ) निवई भिच्चं ( भिच्चेण वा ) देक्खावेइ. ( प्रेरक ), सुही गुरुं सीसं ( सीसेण वा ) अभिवयावेइ, सही भिच्चं ( भिच्चेण वा ) निवइं देक्खविइ.

---

## धातु—

| | |
|---|---|
| सिक्ख्—शीखवुं. | नि=णु+मज्ज्—बेसवुं. |
| रुण्ट्—रोवुं. | अ+क्खिव्—आक्षेप करवो. |
| उवेल्ल्—फेलावुं. | निरप्प्—ऊभा रहेवुं. |
| फल्—फळवुं. | फंस्—स्पर्श करवो. |
| सिम्प्—सींचवुं. | भक्ख्—खावुं. |
| निप्पज्ज्—नीपजवुं. | रुम्भ्—रोकवुं. |

## नाम—

| | |
|---|---|
| संझा, स्त्री०—संध्या. | नह, न०—आकाश. |
| वेरग्ग, न०—वैराग्य. | रसायल, न०—रसातल. |
| दास, पुं०—नोकर. | सई, स्त्री०—इंद्राणी, शची. |
| पउर, वि०—घणुं, प्रचुर. | सुई, स्त्री०—सोय, सूचि. |
| पउर, पुं०—नगरना लोको, पौर. | नय, पुं०—पहाड, नग. |

वञ्जर, पुं०—बिलाडो.
मुक्क, वि०—मुंगो.
थुल्ल, वि०—जाडो, स्थूल.
जीविअ, न०—जीवित; आयुष्य.
आअ, वि०—आवेलो.
हरिअन्द, पुं०—हरिश्चन्द्र, विशेपनाम.
अम्बादास, पुं०—विशेपनाम.
पवाह, पुं०—प्रवाह.
विंझ, पुं०—विन्ध्य पर्वत.
पुंछ, न०—पूंछडुं.
देव, न०—दैव, भाग्य.
किसाणु, पुं०—अग्नि.
पुट्ठ, वि०—अडकेलुं.
परिवार, पुं०—परिवार.
सत्तुञ्जय, पुं०—शत्रुंजय नामनो पहाड.
कलाव, पुं०—समूह, कलाप.
सवह, पुं०—सोगन, शपथ.
उवमा, स्त्री०—उपमा.
महिवाल, पुं०—राजा, महिपाल.
वहुत्त, वि०—घणुं, प्रभूत.
दिवायर, पुं०—सूर्य.
तेअ, पुं०—तेज.
जस, पुं०—यश, कीर्ति.
जम, पुं०—यम, जम.
विज्जु, पुं०—वीजळी.
मम्म, पुं०—मर्म.
उर, पुं०—छाती, हैयुं.
सिर, न०—माथुं.
कड, पुं०—सादडी, कट.

वाक्य—

गुरुणो सीसं सिआवायं सिक्खावन्ति।
सेट्ठी भिच्चे भोअणाय सोल्लविइ।
सामी गोवालेण धेणुं दुहावेइ।
समुद्दो मज्जायं मोत्तूण घराइं वुड्डावेइ।
निवई महीसे तहा वइल्ले तणाइं भक्खावेइ।
हरगोविन्दं विबुहो अम्बादासो नायं मणावइ।
नायपुत्तो बलेहिं मेरुं कम्पावीही।
दीणाणं जणाणं दाणं दावेसि।
सेट्ठी वत्थाणि सिव्वाविहिइ।
नडो नडिं गामम्मि नट्टावेइ।
तवेहिं पात्ताइं णिवहावेमि।
गुरुणो किवाए अवहावेह।
हे पहो! मुक्खस्स मग्गं देक्खाव।
पउरा पउरा नरवई भिच्चेण मरावेइ
इत्थी मुणिंपि हासेइ।

जणा पुण्णेहिं सुहाइं अणुहवन्ति ।
रिवू भिच्चेण निवइं हणावेइ ।
मणीलालो जयचन्दं गुरुणा सह संम्मिल्लावेइ ।
अम्बा पुत्तं जलेहिं ण्हावेइ ।
माहम्मि मासे अक्को रुक्खं फालेइ ।
मुणिं धम्मं कारेमि ।
पयासन्तो भाणू लोएं जग्गविइ ।
माणवा धन्नाइं निप्पज्जावन्ति ।
संझाए जणे वत्तं कहावेमु ।
पुत्तो जणयमासणम्मि णुमज्जावेइ ।
हेमचन्दस्स वारणं देक्खिऊणं विबुहा मत्थयं धुणावन्ति ।
हे जणय ! पुत्तं सालाए ठविऊणं समत्तं कलं पढावसु ।
पुरिसो जलेहिं रुक्खाइं दासेणं सिम्पावेइ ।
मणीलालो मायराए दिक्खं गिण्हावेइ ।
अन्तरिक्खाओ देवा पुप्फाइं वरिसावन्ति ।

---

भाइ बेनने दडावडे रमाडेछे.
(हुं) क्रोधथी तेने करडावुंछुं.
(ते) शास्त्र संभळावेछे.
(हुं) शब्द गोग्वावुंछुं.
ब्रह्मचर्य सर्व लोकोने स्वर्ग पमाडेछे.
( अमे बे ) राजाने तुष्ट करावीए छीए ( संतोषीए छीए )
बे स्त्रीओ केलनी छायामां बेसीने पतिने फूल सूंघाडेछे.
जीवित लेवाने आवेला यमने हणवा माटे योगीओ प्रयत्न करावेछे.
(तमे) बे सोगन अपावोछो.
(ते) माणसोने घोडा उपर चडावतो हतो.
हुं पुछावीश.
(ते) सघळुं भुलावशे.
(तेओ) घरमां पाडाओने तथा गायोने बंधावेछे.
(ते) वस्तुओने वेचावेछे.
(तुं) स्नेह वडे स्त्रीने शोभावेछे.
(अमे) शरीरे घी चोपडावीशुं.
राजाओ पाणीमाटे कूवा खोदावेछे.
(ते) विद्यार्थीओनी परीक्षा लेवडावशे.
माता बालकोने दूध पीवडावेछे.
(ते) लापोट सहन करतो छतो पण सारुं काम करावशे.
(ते) सोयवडे दुःख देवरावेछे.

माता पुत्रने भणवामाटे जगाडेछे.
(ते) क्षेत्रमां वधता धान्यने कपावशे.
(तमे) कूतराना बच्चाने पळावोछो.
महावीरना चरणमां देवो माथुं नमावेछे.
शूराओ यशने माटे माथां कपावेछे.
हरिश्चंद्रनी उपमा नथी.
(ते) छाती उपर हाथ मूकावेछे.
साधुओना खोटा मर्मने बोलावशो नहिं.

## पाठ, २१ मो.

### प्रेरक भेद, ( चालु )

अगाउ वीशमा पाठमां कहेल प्रेरकना 'ए, अ, आव, आवे, अवि, आवि' प्रत्ययो धातुओने लगाड्या पछी पाठ १९मामां कहेला वर्तमानकृदन्त, संबंधकभूतकृदन्त, हेत्वर्थकृदन्त तथा कर्मणिभूतकृदन्त, पण तेना तेना प्रत्ययो लगाडवाथी थइ शकेछे. जेम-करावन्तो, करावमाणो, कराविऊण, कराविउं, कारिअं, कराविअं, करावीअन्तो, करावीअमाणो, इत्यादि.

(१) शब्दार्थक धातुओ ( बोलवारूप अर्थवाळा तथा जेनुं कर्म शब्दस्वरूप होय एवा ), ज्ञानार्थक धातुओ, आहारार्थक धातुओ ज्यारे कर्म सहित होय अने तेओनो मूळ भेदनो कर्ता प्रेरकमां कर्म थायछे त्यारे तेओ द्विकर्मक थइ जायछे तो ते वखते तेनां कर्मणिरूप करवामां बे कर्ममांथी गमे ते एक कर्म प्रथमामां मूकाय छे; जेमके—

१—मणीलालेण घणं सही बोलिज्जइ, ( अथवा ) मणीलालेण घणं सहिं बोलिज्जइ ।

२—तिहुअणेण पुत्तो नमुक्कारं भाणीअइ, ( अथवा ) तिहुअणेण पुत्तं नमुक्कारो भाणीअइ ।

३—गुरुणा सीसं सिआवायो बोहाविज्जइ, ( अथवा ) गुरुणा सीसो सिआवायं बोहाविज्जइ ।

४—पुत्तेण जणयो भोयणं जेमावीअइ, ( अथवा ) पुत्तेण जणयं भोयणं जेमावीअइ ।

( २ ) गमनार्थक धातुओ ज्यारे प्रेरकमां द्विकर्मक होयछे त्यारे जो तेनुं कर्मणि रूप बनाववुं होय तो मूळभेद मांहेनो जे कर्ता कर्म थयो होयछे तेज कर्म प्रथमामां आवेछे जेम—जयचन्देण हरगोविन्दो नयरं गच्छाविज्जइ ।

## नाम—( पुंलिङ्ग ).

| | |
|---|---|
| आवण—बजार. | आयरिस—काच, आरीसो. |
| आस—घोडो. | आयंक—रोग, आतंक. |
| इब्भ—पैसादार, इभ्य. | रमण—स्वामी, वर. |
| विग्गह—शरीर. | कीणास—जम. |
| तरुण—जुवान पुरुष. | अक्खंडल—इन्द्र. |
| आमोअ—हर्ष, सुगंध. | गवक्ख—गोंखलो. |
| आयार—आकार. | तन्तुवाय—कपडां वणनार. |
| अणुअर—दास, अनुचर. | मऊह—किरण. |
| अब्भास—अभ्यास. | मायंद—आंबो. |
| अंस—भाग, अंश. | वेणु—वांसडो. |
| मग्गण—बाण, याचक, मांगण. | डोम्ब—चंडाळ. |

## स्त्रीलिङ्ग.

| | |
|---|---|
| कन्ना—कन्या. | बिराली—बिलाडी. |
| ईहा—इच्छा. | जुवइ—युवान स्त्री. |
| *गिरा—वाणी. | अग्गला—भोगळ अर्गला. |
| धुरा—धोंसरी. | धरा—पृथ्वी. |
| पुरा—नगरी. | बोरी—बोरडी. |
| घरिणी—स्त्री. | हरिणी—हरणी. |
| अम्बिलिआ—आंबली. | |

*अहिंथी त्रण शब्दो आकारान्त नथी, पण आकारान्त छे.

## नपुंसकलिङ्ग.

उत्तिमंग—माथुं.
चेल—वस्त्र.
रिक्ख—तारो, चांदरणुं.
केऊर—बाजूबंध.
नेउर—झांझर.
चाव—धनुष्य.
आहरण—घरेणुं, आभरण.
अगण—आंगणुं.
धंत—अंधकार, ध्वान्त.

## विशेषणो.

भव—थएलुं.
अल्ल—भीनुं.
अहम—नीच.
अवदाय—धोळुं, अवदात.
अगाह—अगाध.

## धातु—

सोह्—शोभवुं.
मेलव्—मेळववुं, मिश्रण करवुं.
ढक्क्—ढांकवुं.
उ+तर्—ऊतरवुं.
झि—क्षीण थवुं.
नि+द्दा—ऊंघवुं.
आ+दर्—सन्मान करवुं.
मज्ज्—शुद्ध करवुं.
अ+क्कन्द्—राडो पाडवी, पोकारवुं.
लिम्प्—लेपाववुं, लेप करवो.
विर्—व्याकुल थवुं.
अइच्छ्—जवुं.
आलुंख्—बळवुं.
उ+ग्घड्—उघडवुं.
वेव्—कंपवुं.
लक्ख्—जोवुं.

## वाक्य—

पुरिसा केऊरेहिं विग्गहं सोहान्ति।
इत्थीओ नेउरेहिं पाये छज्जावेन्ति।
भिच्चेणं भाणाइं मज्जावेमि।
आयंकेण जणा विराविज्जन्ति।
दुण्णि आयारेण अम्मं पुत्तं सुमरावेसु।

पई देवाणं गिरं बोल्लिउं घरिणिं ईहं कारेइ ।
आवणम्मि गमिऊणं अज्जो.
अणुअरेणं आयरिसे विक्किणावेइ ।
भाणू नहम्मि भमन्तो जणे अक्कन्दावेइ ।
वीरो चावं गवक्खम्मि मेल्लिऊण ओसहेण सरीरं लिम्पावेइ ।
रमणा रत्तीए आगच्छिअ इत्थीहिं दाराइं उग्घडावन्ति ।
इब्भो अल्लाइं चेलाणि खिवावेइ ।
निवइणो बइल्लाणं सरीरं चेलेहिं ढक्कावन्ति ।
नहत्तो उत्तरन्तं अक्खंडलं लक्खिऊण सारमेयो भुक्कइ ।
निसंसा वि जणा मुणीणं पासे उत्तमंगं निपाडन्ति ।
अहमेण डोम्बेण बिराली हणावीअइ ।
जयचन्देण मणीलालमम्बिलिआ भुञ्जाविज्जइ ।
सड्ढेण कन्ना न गेण्हावीअए ।
जुवई तरुणं न बोल्लाविहिइ ।
दारस्स पासम्मि अग्गला दाविज्जइ ।
अदिन्नादाणं गेण्हन्तं गेण्हावन्तं वा न समणुजाणइ जई ।
बुहं बोल्लाविउं आओ अत्थि ।
अंगणम्मि डिम्भा सारमेयं भमाडसी ।
जणेहिं अगाहम्मि संसारसमुद्दम्मि जीवो पावेहिं बुड्डाविज्जइ ।
भिच्चो अहिवइं निद्दावेइ ।
गयणम्मि रिक्खाइं भमडन्ति ।
जणो कोहा चित्तं आलुंखावेइ ।
गवक्खम्मि अच्छिआ इत्थी पुरिसं आदरइ ।
विअणाए झिज्जेमि ।
विज्जो ओसहं भिच्चेण मेलवावेइ ।
हे वीरजिण ! भवसमुद्दं साहुं उत्तराव ।

---

( तें ) रात्रिए खातो नथी अने माणसोने खवरावतो नथी.
साधु पुरुषो विघ्नोनो नाश करेछे.
लोकोने हसावतो नट आत्माने नरकमां पाडेछे.
शाळामां निमाएल ( स्थगाएल ) पंडित अंबादास घर बंधावेछे.
हे पिता ! विजयधर्मसूरिने घर पवित्र करवा माटे घरमां बोलावुं ?
पवन आकाशमां तृणना समूहने भमाडतो छतो आंगणामां सूतेलाने हर्ष करावेछे.
हे प्रभु ! देवपणामां अनुभवेल सुखने तमे एकवार देखाडो.

कन्याने अपावती माशी दुःखो नीपजावेछे.

(हुं) आरिसामां मोढुं जोतो लोकोने हसाडुंछुं.

(अमे) वे वाजूवन्धवडे बाह्य शरीर शोभावीए छीए.

(तमे) वे वजारमां जइने वात जणावोछो.

(अमारा वडे) वे विलाडीओने दूध पीवरावायछे.

(तेओ) तेवडे शरीर लेवा माटे आवतो जम मरावातो नथी.

(हुं) जूठुं वोलतो नथी, तथा भाइने वोलावतो नथी अने जूठुं वोलता मित्रने अनुमति आपतो नथी.

महावीरने पूजावतो माणस इंद्रोथी पण पूजायछे.

दंभने करतो माणस लोको वडे नीचे पाडवामां आवेछे.

शिवनी भक्ति धनने अपावेछे.

प्रभुनी प्रतिमाना पूजनवडे माणस लोकोना दुःख समूहने फेंकावेछे.

(तमे) शय्यामां सुवाडेला छोकराने नवरावो.

अधम माणस खावा माटे मांस पकावशे.

(हुं) दूध पीवामाटे गाय दोवरावीश.

कविना काव्योने देखीने राजा नोकरवडे इनाम अपावशे.

(तमे) वे पुस्तको लखीने जीवितने चलावता हता.

घरमां जमतो जमतो मित्रने जमवा माटे प्रवेश करावेछे.

(ते) साप तथा वींछीने रमाडतो (छतो) लोकोने पाछा हठावेछे.

(ते) दोडता माणसोने खाडामां पाडेछे.

काष्ठोने पातळा करतो सुतार कूतराने पाणी पीवरावेछे.

(ते) भाईने जमाडीने जमेछे.

पवन झाडोने कंपावेछे.

(ते) गुरुना हाथने माथा उपर मूकावेछे.

योगीओ अभिलापोने सिद्ध करावो.

---

## सवाल.

१. मूलभेदनो कर्ता प्रेरक भेदमां कर्म थाय तेनो उदाहरण साथे एक सर्व साधारण नियम आपो.

२. केटलाएक प्रेरक अर्थवाळा वर्तमानकृदन्त, भूतकृदन्त, हेत्वर्थ-कृदन्त तथा संबन्धकभूतकृदन्त लखो.

३. कर्मणि प्रयोगमां कर्तामां कइ विभक्ति तथा कर्ममां कइ विभक्ति आवे ?.

४. ज्ञानार्थक तथा गत्यर्थक धातुओना प्रेरकमां कर्मणि प्रयोगो लखो

---

# पाठ, २२ मो.

## थोडाएक परचूरण नियमो. (कृदन्त)

(१) कोइपण धातुने कर्त्तरि प्रयोगमां 'इर' प्रत्यय लगाडवाथी अमुक कृदन्त नाम बने छे; जेमके, 'बोल्लिरो, बोल्लिरं, * बोल्लिरी तथा * बोल्लिरा,' आवा कृदन्तोनो अर्थ " (बोलवा)ना स्वभाव वाळो, सारुं ( बोलवा ) वाळो, अथवा (बोलवा) ना धर्मवाळो थाय छे".

## तद्धित.

( १ ) हरकोइ नामने ' केर ' प्रत्यय लगाडवाथी " फलाणानुं आ " एवो अर्थ थायछे, जेमके, भाणुकेरो तेओ=भानुनुं तेज, + पारकेरं=पारकुं, रायकेरो करो=राजानो कर.

( २ ) हरकोइ नामथकी ' तेमां थएल ' एवा अर्थमां ' इल्ल अने उल्ल' प्रत्ययो लागी शकेछे. जेम-(नयरे भवो), नयरिल्लो, नयरिल्लं नयरिल्ला; नयरुल्लो-इत्यादि=नगरमां थएल.

( ३ ) हरकोइ नामथकी " पणुं " अर्थमां 'त्तण' प्रत्यय आवे-छे, जेम, जिणत्तणं, दासत्तणं, (दासपणुं) विगेरे.

---

* ज्यारे अकारान्त विशेषणोनुं स्त्रीलिंग करवुं होय त्यारे अन्तना अकारने बदले ' ई ' अथवा ' आ ' थायछे.

\+ 'केर' प्रत्यय पर छतां 'पर' शब्दनो 'पार' थाय छे.

( ४ ) दरेक नाम थकी ( पोतानाज अर्थमां ) 'अ' प्रत्यय लागेछे, जेम, घडओ=घडो, चन्द्ओ=चंद्रमा.

( ५ ) हरकोइ नाम थकी 'वाळुं' अर्थमां 'आलु, इल्ल, उल्ल, आल, वन्त, मन्त, इत्त, इर अने मण' प्रत्ययो जोडायछे, जेम, दयालू ( दयावाळो, दयावाळी ), सोहिल्लो ( शोभावाळो ), दप्पुल्लं ( अहंकार वाळुं ), जडालो ( जटावाळो ) धणवन्तो ( धनवाळो ), पुण्णमन्तो ( पुण्यवाळो ), माणइत्तो ( मानवाळो ), गव्विरा ( गर्व-वाळी ) धणमणो ( धनवाळो ).

---

## नाम, (पुंलिङ्ग).

पहिअ—वटेमार्गु, पथिक.
कंकोड—कंकोडा नामनुं शाक.
वयंस—मित्र, वयस्य.
मणंसि—मनस्वी.
आवणिअ—सोदागर, आपणिक.
कंटज, कंटय—कांटो, कंटक.
सास—श्वास.
ऊस—किरण.
पावासु, पवासु—मुसाफर, प्रवासी.
हीर, हर—महादेव, हर.
छन्द—छन्द.
कररुह—नख.
पण्ह—प्रश्न.
कासव—एक ऋषिनुं नाम.
वीसास—विश्वास.
दाहिण, दक्खिण—डाह्यो.
आगमण्णु—आगमनो जाणकार.
मणूस—मानवी.

---

## नपुंसक—

पत्तल—पांदडुं, पतरावली.
पीवल, पीअल—पीतळ.
वय—उमर.
सम्म—सुख, शर्म.
चम्म—चामडुं.

अंसु—आंसु.
गुंछ—गुच्छो.
किंसुअ—केसुडानुं फूल.
अन्तेउर—अन्तःपुर.
सेय—कल्याण, श्रेय.
छन्द—छन्द.
कररुह—नख.
चाउरन्त—चारगतिनुं नाश करनार.
पउम—कमळ, पद्म.
समरंगण—रणस्थळ, रणभूमि.

स्त्रीलिंग—

विज्जुला—वीजळी.
मणंसिणी—सारा मनवाली.
वीसा—वीश
पण्हा—प्रश्न.
पइट्ठा } प्रतिष्ठा.
परिट्ठा
सामिद्धि—समृद्धि.

विशेषण—

राइक्क—राजानुं.
पारक्क } पारकुं.
परक्क
तुम्हेच्चय—तमारुं.
अम्हेच्चय—अमारुं.
अप्पणय—पोतानुं, आपणुं.
एत्तिल—एटलुं.
केत्तिल—केटलुं.
जेत्तिल—जेटलुं.
तेत्तिल—तेटलुं.
एक्कल्ल } एकलुं.
एकल्ल
नवल्ल—नवुं.
दीहर—लांबुं, दीर्घ.
वंक—वांकुं.
तंस—त्रांसु, सीधुं नहि.
पडु—चतुर, पटु.
मंसल—पुष्ट.
संमुह—सामुं.
मज्झिम—मध्यम.
पक्क } पाकुं.
पिक्क
उत्तिम—उत्तम.
कइम—केटलुंक.

## धातु—

अप्प्—आपवुं.
वद्धाव्—वधावबुं.
सोव् } सूवुं.
सुव् }
पुञ्छ्—शुद्ध करवुं.
दुहाव्—दुभववुं, दुःख देवुं.
उत्थङ्घ्—रोध करवो, अटकाववुं.
वडवड्—विलाप करवो.

सिह्—इच्छवुं.
मण्—मानवुं.
अवह्—कृपा करवी.
तेअव्—दीपवुं.
ढुण्ढुल्ल्—गवेषवुं, शोधवुं.
तस्—बीवुं.
रेह्—शोभवुं.
मुर्—हसवाथी विकसवुं.

---

## वाक्य—

आवणिओ पीवलं पुञ्छइ ।
मणंसिणी अन्जू पइट्ठं अप्पावेइ ।
कवी छन्दाणि करेइ ।
पहिओ मग्गम्मि चलन्तो पउमाइं आइग्घावेइ ।
कासवो रिसी पण्हं पुच्छावेइ ।
मणंसी मणंसिणिं मणावउ ।
चिलाया किंसुएहिं अप्पाणं रेहावउ ।
दाहिणा मणूसा तत्तं सिक्खावन्तु ।
गुरो ! परिट्ठं इच्छसु ।
दीहरो कंटयो दुहावउ ।
सासो गेण्हेज्जइ ।
आगमण्णुणा उत्तिमो कररुहो तोडिज्जइ ।
निवो अन्तेउरं रक्खावेइ ।
मज्झिमो जणो पुप्फेणं वद्धाविज्जइ ।

अन्तिरिक्खाओ पडन्ती विज्जुला नवल्ले एकल्ले अ जणे दुहावावेइ ।
मग्गमलम्बिअ रमिउं चलन्ताणं जणाणं सम्मं होहिए ।
दक्खिणो मणूसो लहुत्तो वयत्तो चिय सेयाय धम्मं मणए ।
गुरुगा अप्पणयं कल्लाणं समत्ता लोआ कारन्ति ।
सूरा लोअम्मि अवहुआण जीवं दिन्ति ।
समरङ्गणम्मि तसन्ता जणा लोएहिं अहमा वुच्चन्ते ।
समरङ्गणे रेहन्ता पुरिसा भूमीए मज्झिमा वुच्चन्ति ।
ऊसे खिवन्तं माणुमञ्चासु ।

अम्हकेरं संमुहं दीवो तेअवइ।
जसस्स बोल्लिरा पडुणो पुरिसा हरिसं करावही।
केत्तिलं जलं पिज्जाविहिइ।
एत्तिलं घयं अत्थि।
जेत्तिलं धणं सिहइ तेत्तिलं दाहं।
तंसम्मि भाणम्मि भुञ्जाविमु।
वयंसं कङ्कोडं जेमावही।

मुक्खमहिलसमाणा जणा उत्तिमा बोल्लिज्जन्ति।
वीसासं दाऊण थूणा देक्खन्ताणं जणाणं घणं धणं चोरन्ति।
चक्कवट्टी चाउरन्तं धम्मं सुणिऊणं रज्जं चयइ।
वम्हणा परोप्परं पत्तलम्मि भुंजावंति।

---

(तेओ) वे घोडा उपर चढीने गाम जाय छे.
(हुं) तमारी चोपडी जोवामाटे लउं?.
चोरोए राजानुं धन हर्युं.
कूतराना पूछडानो गुच्छो लांबो हतो.
(ते) श्वास लेता माणसने हाथी उपर चडावे छे.
घर उपर रमती दीकरीने साप डस्यो.
राजा पोताना परिवार सहित मुनिने वांदवा माटे गयो.
भाइओ! स्नेह दुःखनुं कारण छे.
विजयधर्म्मसूरिने लोको मुक्ताफळथी वधावेछे.
स्त्रीए पोताना पतिने विष भरखाव्युं.
पारकी स्त्रीने इच्छता माणसो पोताना आत्माने नरकमां पाडेछे.

काश्यप ऋषिए लोको वडे धर्म पळाव्यो.
शिव शरीरने चामडा वडे ढांकेछे.
पतिने नहि देखीने ते स्त्री विलाप करती हती.
सिंहथी डरीने हुं घरमां पेसुंछुं.
एक समयमां स्त्रीनुं रोवुं सांभळी राजाए नोकरोवडे पूछाव्युं.
धनवाळा माणसो धननेमाटे अधंम कामो करावेछे.
(तेणे) कपटथी राजाने मराव्यो.
राजाना शरीरमां तेणे अमृत अडाड्युं.
हे माता! भाइने दीक्षा ग्रहण करावो, जेथी तमे अने भाइ सुखने अनुभवशो.
सामायिक करावतो श्रावक पुण्य एकठुं करेछे.

पंडितोवडे मोहमां मूंझाता पुरुषो वाळको कहेवामां आवेछे.
(तमे) तमारा शरीरने वैद्यो वडे पोपावो.
(हुं) मरीने पुण्यवडे देवपणाने पामीश.
(हुं) तमारुं कल्याण कराववा माटे ईश्वरने पूजीश.

वीरचन्द शेठ शाळामां भणनार विद्यार्थीओने रोज जमाडेछे.
संसारमां पडता प्राणीनुं रक्षण करवामाटे मुनिओ उपदेश आपी दीक्षा ग्रहण करावेछे.
अभिमानथी ज्ञान दूर नासेछे.
(ते) क्रोधवडे नरकनुं वारणुं उघाडेछे.
लाभ लोभने वधारेछे.

---

## पाठ २३ मो.

### संस्कृतमां जेने अन्ते 'अन्' होयछे एवा केटलाएक पुंलिंग नामोनां प्राकृतमां रूपाख्यान.

आवां नामो प्राकृतमां अकारान्त लेखायछे, जेमके(सं० राजन्) राय अथवा रायाण; (पूषन्) पूस अथवा पूसाण; (श्वन्) स अथवा साण विगेरे.

आ (अकारान्त तथा आणान्त) नामोनां रूपो अकारान्त नामोनी मांफकज छे; परंतु अकारान्त नामोमां ते उपरान्त नीचे मूजब प्रत्ययो वधारे लागेछे, तेथीज फक्त ते विशेषरूपो नीचे प्रमाणे जणावीए छीए.

---

विशेष प्रत्ययो—

| | एकवचन | बहुवचन |
|---|---|---|
| १. | आ | आणो, इणो. |
| सं. | " | " " |
| २. | इणं | " " |

| | |
|---|---|
| ३. इणा, ण्णा | ईहिं, ईहिँ, ईहि. |
| ४, ६. ण्णो, आणो, इणो | इणं, ईणं. |
| ५. " " " | इत्तो, ईओ, ईउ, |
| | ईहिंतो, ईसुंतो. |
| ७. इम्मि | ईसु. |

---

## राय.

| एकवचन | बहुवचन |
|---|---|
| १. राया | रायाणो, राइणो.* |
| सं. " | " " |
| २. राइणं | " " |
| ३. राइणा, रण्णा | राईहिं, राईहिँ, राईहि. |
| ४, ६. रण्णो, रायाणो, राइणो | राईणं, राइणं. |
| ५. " " " | राइत्तो, राईउ, राईओ, |
| ७. राइम्मि | राईहिंतो, राईसुंतो. |
| | राईसु. |

---

## पूस.

| | |
|---|---|
| १. पूसा | पूसाणो, पूसिणो. |
| सं. " | " " |
| २. पूसिणं | " " |
| ३. पूसिणा, पूसण्णा. | पूसीहिं, पूसीहिँ, पूसीहि. |
| ४, ६. पूसण्णो, पूसाणो, पूसिणो | पूसीणं, पूसिणं. |
| ५. " " " | पूसित्तो, पूसीउ, पूसीओ, |

---

* आ उपर कहेला प्रत्ययो मांहेला सघळा इकारादि तथा ईकारादि, तेमज 'ण्णा' तथा 'ण्णो' प्रत्ययो पर होय त्यारे फक्त 'राय' शब्दनो 'य' लोपाय छे.

| | |
|---|---|
| | पूसीहिंतो, पूसीसुंतो. |
| ७. पूसिम्मि | पूसीसु. |

## नाम–( पुंलिंग ).

अद्ध, अद्धाण ( सं०—अध्वन् )—रस्तो.

राय, रायाण ( सं०—राजन् )—राजा.

पूस, पूसाण ( सं०—पूषन् )—सूर्य.

बम्ह, बम्हाण ( सं०—ब्रह्मन् )—ब्रह्मा.

जुव, जुवाण ( सं०—युवन् )—जुवान.

तक्ख, तक्खाण ( सं०—तक्षन् )—सुतार.

उच्छ, उच्छाण ( सं०—उक्षन् )—बळद.

स, साण ( सं०—श्वन् ) कूतरो.

महव, महवाण ( सं०—मघवन् )—इन्द्र.

+अप्प, अप्पाण ( सं०—आत्मन् )—आत्मा, जीव.

सुकम्म, सुकम्माण ( सं०—सुकर्मन् )—सारां कर्मवाळो.

गाव, गावाण ( सं०—ग्रावन् )—पत्थर.

मुद्ध, मुद्धाण ( सं०—मूर्धन् )—माथुं.

---

कूव—कूवो.
इंगाल—अंगारो.
अबुह—अज्ञानी माणस.
बोह—ज्ञान.
खग—पक्षी.
नारइअ—नारकीनो जीव.
नीसास—नीसासो.

पंडव—पांडव.
नेरइअ—नारकीनो जीव.
विद्दुम—परवाळुं.
वणस्सइ—वनस्पति.
हरिआल—हडताल.
रसिन्द—पारो.
खल्लिड—टालवाळो.

---

+ आ शब्दनां पण रूपो पूर्वोक्त रीते छे, परन्तु ते उपरान्त तृतीयाना एकवचनमां 'अप्प' शब्दना 'अप्पणिआ, अप्पणइआ' ए बे रूपो विशेष थाय छे.

तस—चालवानी शक्तिवाळो जीव.
थावर—चालवानी शक्तिरहित जीव.
निण्णय—निश्चय, निर्णय.
दुआइ—ब्राह्मण.

## नपुंसक—

खइर—खेरनुं लाकडुं.
हिंगुल—हिंगळोक, हिंगुल.
अब्भय—अबरख.
वेरुलिअ—वैडूर्य रत्ननुं नाम.
थीण—थीणुं.
बार—बारणुं.
अंगुअ—फलविशेष.

## स्त्रीलिङ्ग—

उक्का—उल्का.
थी—स्त्री.
दिहि—धैर्य, संतोष.
उच्छु—शेलडी.
सुण्हा—गलकंबल.

## विशेषणो—

खुडिअ—तोडेलुं.
सन्त—थतो, होतो.
थुवअ—स्तुति करनार.
बिउण—बमणुं, द्विगुण.
नेअ—ज्ञेय, जाणवा लायक.

## संबंधक भूतकृदन्त—

णच्चा ( सं०—ज्ञात्वा ) जाणीने.
भोच्चा ( सं०—भुक्त्वा ) खाइने.
सोच्चा ( सं०—श्रुत्वा ) सांभळीने.
बुज्झा ( सं०—बुद्ध्वा ) जाणीने.

## धातु—

अणुप्प+विस्—प्रवेश करवो.
उव, आ=उवा+गच्छ्—आववुं.
लिह्—लखवुं.
सज्ज्—तैयार थवुं.
पडि+हा—प्रतिभान थवुं.
झर्—झरवुं, टपकवुं.

णि+गच्छ्-नीकळवुं.
कप्प्-करपवुं.
आ+हर्-खावुं.
उ+प्पड्-ऊडवुं.

जअड्-झट करवुं, त्वरा करवी.
अहिरेम्-पूरुं करवुं.
सम्+आव-समाप्त थवुं.

---

## वाक्य—

तित्थयराणं जम्मं णच्चा महवा उवागच्छइ।
गुरूणं आणं सोच्चा सीसा नयराओ णिग्गच्छन्ति।
वम्हणा अन्नं भोच्चा सिज्जाए पडन्ति।
वुहो तत्तं वुज्झा अवुहे जणे तत्तं जाणावेइ।
तसे जीवे सावगो न मारेइ, मारंतं पुण न समणुजाणेइ।
धम्मम्मि जअडन्ता जणा संसारं झत्ति तरन्ति।
थीणं घयं पूसस्स तावओ हेट्ठं झरइ।
थी विद्दुमे पासिअ नीसासे मेल्लइ।
उच्छाणा सइ भारं वहन्ति।
विज्जो रसिन्दं पिज्जावेइ।
वीरं अच्छरसाओ खुहभावेन्ति।
सिन्नं समरंगणम्मि जिणावेइ।

एत्थ नयरमहेसित्ति कप्पेसु।
अज्जा भोअणेण वम्हणे थिप्पावन्ति।
साहुणो परोप्परं न जुज्झेहिन्ति नवि जुज्झविहिन्ति।
अंगणम्मि आहारेसु।
खगा गयणम्मि उप्पडन्ति।
धणं अहिरेमावही।
रायाणो आउहाइं सज्जावेइ।
पूसाणो सूसाविइ जलाणं।
कूनत्तो वारीणि करिसावेइ इत्थीहिं।
पुत्थयं समावइ।
घडं घडावेइ।
इह सन्तो तत्थ सन्ताइं जिणाण विम्बाइं वन्दामि।
हेमचन्दस्स कव्वम्मि पढिहाइ घणं तत्तं।

---

गायनी गलकंवल जमीनने अडकेछे.

जुवान सुतार लाकडांने पातळां करेछे.

(तेओ) चोकमां जइने नाचती
स्त्रीने जोवा माटे ऊभा छे.
हिंगुलमां अने हडतालमां जीव छे.
पृथ्वी उपर पडेली उल्काए
कूतराने बाळ्यो.
राजाना मुकुटमां वैडूर्य रत्न छे.
नारकीनो जीव बहु रोवेछे.
स्तुति करनार धन मेळवेछे.
पंडितो तत्त्वनो निर्णय करेछे.
शेत्रुंजाना दर्शनथी बमणुं पुण्य थायछे.
अबरख अने पत्थर माटे लोकोवडे
जमीन खोदायछे.
पांडवो पण वनमां गया हता.
ब्राह्मणो शेलडी खायछे.
(ते) गुरुनी सामे जवा माटे घरथी
बहार नीकळ्यो.
(तेणे) रस्तामां प्रशंसा करावी.

(तेओ) दडो गंठावेछे.
(तमे) वेए वीरनुं स्मरण कराव्युं.
(तेओ) वेए स्त्रीने हसावी.
रस्तामां जतो छतो ते पडी गयो.
प्रभुनी मूर्तिने जोइने तमारुं मन
उलस्युं.
(तेवडे) घडो माथामां मूकायो.
वधा लोको सारा कर्मवाळाने जुएछे.
(हुं) अज्ञानीने पूजावीश नहि.
हुं मणीलालने घोडा उपर
चडावीश.
घोडा उपरथी उतरीने नीचे पडेलो
माणस नीसासो मूकेछे.
फूलनो गंध फेलायछे.
एक वणकरे पट कर्यो.
कल्याण थाओ.

---

## सवाल.

१. 'इअ, अने केर' आ वे प्रत्यय मांहेलो क्यो प्रत्यय नामने लागेछे अने क्यो धातुने लागेछे ?, वळी तेना अर्थ सहित उदाहरण आपो.

२. 'घटपणुं' तेनुं प्राकृत शुं थाय ?.

३. 'जुव' शब्दनां रूपो लखो.

४. राय. अथवा रायाण ( राजन् शब्दनुं प्राकृत ) शब्दोनां रूपो लखो.

५, 'अप्प' शब्दना तृतीयाना एकवचनमां रूपो लखो.

# पाठ २४ मो.

## केटलाएक सर्वनाम ( पुलिंग ).

सव्व ( सर्व ), अण्ण ( अन्य ), अण्णयर ( अन्यतर ), इअर ( इतर ), कइम ( कतम ), नेम ( अर्ध ), इक्क, एग ( एक ), सम ( सघळुं ), सिम ( सघळुं ), पुव्व ( पूर्व ), उत्तर ( उत्तर ), अवर ( अपर ), दाहिण, दक्खिण ( दक्षिण ), अहर ( अधर ), अन्तर ( अन्तर ), आ सर्वादि शब्दोनां रूप अकारान्त पुंलिंग नामोनी माफक करवां, परन्तु जे स्थळे विशेषता छे ते विभक्तिना प्रत्ययो बतावीए छीए-

प्रथमा बहुवचन, ए. जेमके- सव्वे

चतुर्थी तथा षष्ठी बहुव०, एसिं, ण. जेमके-सव्वेसिं, सव्वाण.

सप्तमी एकवचन, स्सिं, म्मि, त्थ, हिं, जेमके-सव्वस्सिं, सव्वम्मि, सव्वत्थ, सव्वहिं.

बाकीनी विभक्तीओनां रूपो जिनशब्दनी जेम जाणवां.

---

## स्त्रीलिंग—

आ उपर कहेलां सर्वनामोनां आकारान्त तथा ईकारान्त स्त्रीलिंगनां सघळां रूपो आकारान्त स्त्रीलिंग ' तिसला ' तथा ईकारान्त स्त्रीलिंग ' सही ' नी जेवां थाय छे.

---

## नपुंसक—

वळी उपर कहेलां सर्वनामोनां नपुंसक लिंगनां प्रथमा, संबोधन तथा द्वितीया विभक्तिनां रूपो अकारान्त नपुंसकलिंग ' वण ' नामनी जेम बनाववां, तथा बाकीनां रूपो ' सव्व ' पुंलिंगनी माफक जाणी लेवां.

## नाम-( पुंलिङ्ग ).

निसिअर—चंद्रमा.
मिलिच्छ—म्लेच्छ, यवन.
नरिन्द—राजा.
ईसर—ईश्वर.
बहेडअ, बहेडय—बहेडुं.
मूसअ—उंदर.
तित्तिर—तेतर.
जहिट्ठिल—युधिष्ठिर.
ओज्झर—झरो.
करीस—छाणुं.
सिरीस—एकजातनुं फूल.
वम्मिअ—राफडो.
मोग्गर—मुद्गर.
कोन्त—भालूं.
पोत्थय—पुस्तक.
ठम्भ—स्तम्भ.
छुर—छुरो, अस्तरो.
छार—खारो.
दच्छ—डाह्यो.

---

## नपुंसक—

सिन्दूर—सिंदूर.
दोवयण—द्विवचन.
नेड—माळो.
तोंड—मोढुं.
मोंड—मुंडो.
पोक्खर—पाणी.
पोग्गल—शरीर.
कोऊहल, कोउहल्ल, कुऊहल—कुतूहल.
दुऊल, दुअल्ल, दुगुल्ल (आर्ष)—वस्त्र, दुकूल.
वच्छ—छाती.
नाम—नाम.

---

## स्त्रीलिङ्ग—

गलोई—गळो.
मोत्था—मोथ.
मच्छिआ—माखी.
कच्छा—काख.

---

## विशेषणो.

| | |
|---|---|
| जिण्ण—जीर्ण. | सण्ह / सुण्ह } सूक्ष्म. |
| कोंढ—कुंठ. | छय—तूटेल. |

## अव्यय—

किंचि—कांइ पण.

## धातु—

| | |
|---|---|
| आ+ड्डू—वापरवुं. | णिल्लस्—उल्लसवुं. |
| वोल्—जवुं. | विरमाल्—वाटजोवी. |
| आ+यर्—आचरवुं. | |

## वाक्य—

सव्वे मिलिच्छा मंसं आअड्डन्ति ।
नरिन्दा कोन्ताइं खिवन्ति ।
आयंकवन्ता जणा गलोइं पिज्जन्ति ।
सव्वेसिं निसिअराणं तेअेहि समुद्दो णिल्लसइ ।
एगा मच्छिआ छुरस्मावरि चिट्ठइ ।
सव्वाइं पोग्गलाइं जिण्णाइं अत्थि ।
अण्णे मुणिणो अद्धाणम्मि वोलन्ति ।
रयणीए सव्वहिं नेडम्मि पक्खिणो उंघन्ति ।
इअरे अहिणो वम्मिअेहिन्तो णिग्गच्छन्ति ।
कोंढो जणो ठम्भस्स सम्मुहं परीइ ।

ईसरस्स नामं गेण्हिमो ।
मूसआ बहेडअे आहरिस्सन्ति ।
तित्तिरा खित्तम्मि धावन्ति ।
पोक्खराउ ओज्झरो झरइ ।
मोग्गरेहिन्तो तसा तसन्ति ।
करीमाणमग्गिणा मोत्था डहइ ।
वच्छम्मि सिरीमस्स हारो छज्जइ ।
दच्छा किंचि वि कोऊहलं न देक्खन्ति ।
इत्थीओ सुण्हेहिं दुअल्लेहि तोण्डं ढक्कन्ति ।
बहुणो बाला कच्छाए पोत्थयं खिविअ सालाअ जन्ति ।

| | |
|---|---|
| दुण्णि असिविणा जहिट्ठिलं वन्दन्ति। हत्थीणं मत्थयम्मि सिन्दूरसमूहो मिसीअ। | दुहिआणं नराणं छयम्मि सरीरे छारो पडइ। सुहायारं आयरन्तु। |

| | |
|---|---|
| केटलाएक उंदरो रात्रिए घरमां दोडेछे अने नाचेछे. | म्लेच्छो झाडो कापवा माटे वनमां गया. |
| भाइ भाइनी वाट जोशे. | ब्राह्मणो मुद्गरोवडे वहेडाने भांगेछे. |
| बाणोवडे राजाए पोताना जीवितनुं रक्षण कर्युं. | थांभला उपर राखेलि पुतलिओ गीत गायछे. |
| गरीब माणसो जाडा वस्त्रोवडे शरीर ढांकेछे. | संसारना सुख भोगवीने राजा युधिष्ठिरे साधुपणुं लीधुं. |
| ईश्वरना गुणोने सांभळीने भक्तोनुं मन आनंदवाळुं थायछे. | सिन्दूरवडे उंदरोनां मोढा लाल थायछे. |
| वैद्यो गळोने पाणी पायछे. | माणसो नदीमां पडीने तरेछे. |
| माणसो तेतरने लडावेछे. | बालको खावा माटे रोज सवारे रोवेछे. |
| लोको झरामांथी निर्मळ पाणीने घरे लइ जायछे. | सारां पुत्रो पिता अने मातानी सेवा करेछे. |
| | ऋषिओ द्विवचनने वापरता नहता. |

## पाठ, २५ मो.

### सर्वनाम–चालु.

### 'क' (पुंलिंग).

'क' ( किं )=कोण, शुं.

आ शब्दना तमाम रूप 'सव्व' शब्दनी माफक छे परन्तु जे कांइ विशेषछे ते बतावीए छीए—

तृतीया एकवचन–इणा, इण. जेम–किणा, केण.

पञ्चमी „ –म्हा, इणो, ईस; ( वीजा प्रत्ययो ' सव्व ' शब्द माफक )

जेम–कम्हा, किणो, कीस ( वीजा ' सव्व ' माफक )

षष्ठी एकवचन–आस, स्स, जेम–कास, कस्स,

„ वहुवचन–आस, एसिं, ण, जेम–कास, केसिं, काण.

सप्तमी एकवचन–आहे, आला, इआ; ( वीजा ' सव्व ' माफक )

जेम–काहे, काला, कइआ; ( वीजा ' सव्व ' माफक )

## स्त्रीलिङ्ग.

' का, की ' आ सर्वनामनां रूप ' आकारान्त तथा ईकारान्त ' स्त्रीलिंग नामोनी जेवांज छे; पण विशेषछे ते कहीए छीए—

' की ' शब्दनां प्रथमा तथा द्वितीयाना एकवचनमां तथा षष्ठीना वहुवचनमां रूपो थतांज नथी वळी 'की' शब्द थकी षष्ठीना एकवचनमां 'स्सा, से, आस' आ त्रण प्रत्ययो वधारे लागेछे जेम–किस्सा, कीसे, कास (वीजां 'सही' प्रमाणे )

## नपुंसक—

नपुंसकमां ' क ' शब्दनुं रूप प्रथमाना तथा द्वितीयाना एकवचनमां ' किं ' थाय छे. अने वाकीनां वधां रूपो ' सव्व ' नपुंसक लिंगनी माफक समजवां.

---

### ' क '–(नपुंसकलिङ्ग).

| एकवचन | वहुवचन |
|---|---|
| १–किं | काइं, काइँ, काणि. |
| २–„ | „ „ „ |
| ३–किणा, केण | केहिं, केहिँ, केहि. |

| | |
|---|---|
| ४–६–कास, कस्स | कास, काण. |
| ५–कम्हा, किणो, कीस, | कत्तो, काउ, काओ, |
| कत्तो, काओ, काउ, काहि, | काहि, केहि, काहिंतो, केहिंतो, |
| काहिंतो, का | कासुंतो, केसुंतो. |
| ७–कस्सिं, कम्मि, कत्थ, कहिं | केसु. |

---

## नाम–( पुंलिङ्ग ).

| | |
|---|---|
| थव–स्तुति. | मिच्चु–मृत्यु. |
| सिलिम्ह–श्लेष्म. | जामाउअ–जमाई. |
| हणूमन्त–हनूमान. | वुन्दारय–देव. |
| वाऊल–पवननो समूह. | भइरव–देवविशेष, भैरव. |
| सिंगार–शृंगार. | मंगलविजय } विशेषनाम. |
| कोट्टवाल–कोटवाल. | मयिन्दविजय } विशेषनाम. |

---

## नपुंसक–

| | |
|---|---|
| तम्ब–तांबु. | मोल्ल–किंमत. |
| तूर–वाजीत्र. | कलत्त–स्त्री. |
| तोणीर–भाथुं. | माउक्क–नरमाश. |
| तम्बोल–तंबोल, पान. | घुसिण–चन्दन. |
| वुन्दावण–वृन्दावन. | सइन्न–सैन्य. |
| मुणाल–हंसने खावानो तंतु. | दइअव–दैवत. |
| केसर–केशर. | पम्ह–पांख. |
| सिन्धव–सैन्धव, मीठुं. | वज्ज, वइर } वज्र. |
| दइन्न–दैन्य, गरीबाइ. | इन्दिअ–इन्द्रिय. |

---

## स्त्रीलिङ्ग—

| | |
|---|---|
| सण्णा—संज्ञा. | पउत्ति—प्रवृत्ति. |
| जरा—घडपण. | पुत्तलिआ—पुतळी. |
| किसरा—खीचडी. | सड्ढा, सद्धा } श्रद्धा. |
| रिद्धि—धन, ऋद्धि. | दिट्ठिआ—आनंद. |
| कइ—क्रिया, कृति. | |

## विशेषण—

| | |
|---|---|
| ठड्ढ—स्तब्ध. | वाहित्त—बोलेल. |
| दिण्ण—दीधेलुं. | पर—बीजुं. |
| उब्भ, उद्ध } ऊंचुं. | उक्किट्ठ—उत्कृष्ट, ऊंचुं. |
| घट्ठ—घसेलुं. | धिट्ठ—धीठुं, धृष्ट. |
| तत्त, तविअ } तपेलुं, गरम थएलुं. | भविअ—भव्य, सुंदर. |
| मउ—नरम. | वन्दणिज्ज—वांदवायोग्य. |
| | कास, किस } कृश. |

## धातु—

| | |
|---|---|
| कोआस्—विकसवुं. | सामग्ग्—चोंटवुं. |
| वि+वह्—विवाह करवो. | घोट्ट—पीवुं. |
| तच्छ्—पातळुं करवुं. | |

## वाक्य—

मट्टिआए वि बहुं मोल्लमहोसि ।

किसा इत्थीए मणम्मि माउक्कमत्थि ? ।

भविआ सड्ढा ! जिणधम्मे उक्किट्ठा रिद्धी अत्थि ।

हणूमन्तो वइरेण पव्वयं तोडीअ ।

किणा मिच्चू जिणिज्जइ ? ।
सइन्नं काला गच्छिहिइ ।
समणो पिव सावयो हवइ जम्हा ।
घुसिणं वि अग्गिणा तविअं होइ ।
विइण्हा जणा सव्वे मणुस्से संसाराओ तारन्ति ।
किसरा सोहिज्जइ ।
जामाउआ तम्बोलं दिन्ति ।
उब्भो कोट्टवालो भइरवस्स पासे थवं बोल्लइ ।
जणा जराए जिण्णा तवहि आसाए न जुण्णा ।

जह सिलिम्हम्मि मच्छिआ सामग्गइ, तेहेव संसारे जणो सामग्गइ।
किसराए सिन्धवं खिवन्ति ।
वुन्दारया छुहं घोट्टन्ति ।
भविआइ कईइ पउत्ती करणिज्जा ।
को वि नरो मऊ नत्थि, अवि सव्वे धिट्ठा अत्थि ।
न विब्रहिहिमि ।
तोणीरा बाणे करिसिअ, भूमीए खिविऊण, काउसग्गम्मि अच्छइ ।
इन्दिआइं जिणिउं वन्दणिज्जो वीरो समत्थो आसि ।

---

वाजांओना शब्दो कानमां भराया.
गरीब माणसो सांजे खीचडीने जमशे.
मुखनो शृंगार तंबोळ छे.
पर्वतमांथी तांबु निकळे छे.
हनूमान वांदरा न हता पण साधु पुरुष हता.
जेम मुखथी कहेलुं तेम करनारा माणसो जगतमां थोडा छे.
स्त्रीओ जगतने दुःख देवा जन्मे छे.
धिठो माणस गरीबाईथी पीडायो.
खारा पाणीथी मीठुं थायछे.
बे पांखोवडे पृथ्वी उपर चालतो हंस मृणालने खायछे.
जिनेश्वरे धर्मने संभळाव्यो.

मंगलविजयमुनि अने मयिंद (मृगेन्द्र) विजयमुनि विजयधर्मसूरिगुरु पासेथी पच्चक्खाण लेछे.
घडपण मृत्युनुं पहेलुं चिह्नछे.
खेतरमां केसरना झाडो विकसशे.
पवनना समूहो वायछे.
जीवनी कोइ पण संज्ञा कर्मथीज थायछे.
स्तब्ध माणसो कांई पण काम करी शकता नथी.
सोनुं माटीमांथीज नीकळयुं.
साधु पुरुषो पोतानी स्तुति करता नथी.
दीधेल दाननुं बमणुं फल थशे.
ऋषिओए पापने पातळुं कर्युं.

# पाठ, २६ मो.

## सर्वनाम–चालु.

### ज. त. पुंलिंग.

ज ( यत् )=जे, *म, त, + ण ( तद् )=ते, आ बेउ शब्दनां रूपो पुंलिंग मां 'क' सर्वनामनी माफक थायछे. परंतु विशेष एटलुंज के'क'ने लागता इणो तथा ईस, प्रत्यय आ बन्ने शब्दोने लागता नथी.

'त' ( तद् ) शब्दना षष्ठीना एकवचनमां 'से' तथा 'बहुवचनमां 'सिं' तथा पञ्चमीना एकवचनमां 'तो' एटलां रूपो वधारे वपरायछे.

---

### स्त्रीलिंग.

जा, जी ( यत् ) § सा, ता, ती § णा ( तत ) आ शब्दनां वधां रूपो 'का तथा की 'नी माफक यथायोग्य जाणी लेवां.

### नपुंसक.

'ज तथा त' शब्दनां तमाम रूपो नपुंसक 'सव्व' शब्दनी माफक थायछे.

### नाम–पुंलिंग.

वइदब्भ–वैदर्भ.

चइत्त, चेत्त–चैत्रनामनो मास.

केलास } पहाडनुं नाम.
कइलास }

निहस–कसोटी.

जडिल–जटावाळो.

लिम्ब–लींबडो.

उवसग्ग–उपसर्ग, धातुनी पूर्वमां जोडातो शब्द.

---

* आ शब्द केवळ प्रथमाना एकवचनमां पुंलिंगमां ज वपरायछे.

+ आ शब्दनां रूपो क्वचित् ज वपरायछे.

§ 'सा' शब्द केवल प्रथमाना एकवचनमांज तथा 'णा' जवलेज वपरायछे.

कोञ्च—पक्षीनी जाति विशेष.

सीमर } चिहु.
सीहर }

नाह—नाथ.

पिसल्ल—पिशाच.

पईव—दीवो.

फणस—फणस.

कमन्ध—धडवगरनुं शरीर.

इन्दविजय—विशेषनाम.

परिसह—दुःख.

नपुंसक—

अइसरिअ—ऐश्वर्य.

कइअव—कपट.

वेर—वैर.

सरुह—कमळ.

आवज्ज—वाजुं.

जोव्वण—यौवन.

सउह—घर.

मउण—मौन.

पउरिस—पौरुष.

सयड—गाडुं, शकट.

मरगय—मरकत, रत्ननुं नाम.

जहण—साथळ.

मडय—मुडदुं.

रयय—रूप्.

कवाल—कपाल.

स्त्रीलिङ्ग—

पुलोमी—इन्द्राणी.

जंउणा—यमुना.

पइण्णा—प्रतिज्ञा.

सहा—सभा.

कंथा—गोदडी.

विशेषण—

समागय } पासे गएलुं.
उवगय }

काहल—बीकण, कातर.

पेज्ज—पीवा योग्य.

कइवाह—केटलुं.

अव्यय—

| | |
|---|---|
| अन्नुन्नं } परस्पर.<br>अन्नन्नं } | पुधं<br>पिधं<br>पिहं } नूदं.<br>पुहं |

धातु—

| | |
|---|---|
| कील्—रमवुं. | वंच्—ठगवुं. |
| लिह्—लखवुं. | सं+मिल्ल्—मळवुं. |
| तव्—तपवुं. | समा+चर्—आचरण करवुं. |
| हा—हीन थवुं. | उव+इ—पामवुं. |
| पीड्—पीडवुं. | पाल्—पालवुं. |

तम्मि केलासे जडिलो संभू तवं तवीअ ।

तलायम्मि सररुहेहिं पुलोमीओ कीलन्ति ।

पुत्तलिआ पईवं हत्थम्मि धरइ ।

चेत्ते मासे लिम्बो थाणू पिव दीसइ ।

उवसग्गास वहुणो अत्था होन्ति ।

कवालं कमन्धो च पिहं हवीअ ।

काहलो पुरिसो सउहम्मि वि भयं पावइ ।

जंउणाए सरिआअ मडयं तरइ ।

जोव्वणे वि सो मउणं पालेइ ।

पउरिस्सवन्ता जणा कइअवेण सव्वे वञ्चन्ति ।

अइसरिअवन्तो नाहो पोत्थयं लिहावइ ।

फणसस्स फलं संमिल्लीअ ।

रययम्मि मरगयं छज्जइ ।

नाहो निहसेणं सुवण्णं परिक्खइ ।

परिसहा साहुणो सरीरं पीडन्ति ।

जहणे जलस्स सीहरं समागयं ।

सयढं जणे गामं गमावेइ ।

कंथाए सा सव्वा सभा लोट्टिहिइ ।

अन्नुन्नं केण वि वेरं न करणिज्जं ।

तेण जा पइण्णा चित्ते कया तं तहेव सो पालिअ ।

पावं हाहिइ ।

શ્રી તારાબાઇ આર્યાજી સિદ્ધાન્ત ૮૨૮
( ૧૨૩ત્રૈ.થી સપ્રેમ ભેટ.

वीर त्रिशलाना उदरथी अवतर्यो.
कपालमां नानुं तिलक शोभशे.
पूर्वकालमां बधा माणसोए अन्योऽन्य प्रीति राखी हती.
ते नदी पीवा योग्य छे.
क्रौंचने बचाववामाटे ते माणस दोड्यो.
माथा विनाना धडथी लोही नीकळेछे.
रात्रीए भमता पिशाचो माणसोने पीडेछे.
ते पुरुष सभामां गोदडीवडे शरीर ढांकीने सारुं बोलशे.
केटलाएक बीकण माणसो कोइनुं पण भलुं करता नथी.
वाणिआनुं पहेलुं काम कपट छे.
जे जीव साधु पुरुषोने ठगशे तेज जीव दुःख अनुभवशे.
ते गाडाने माणसोए यमुनामांथी खेंच्युं.
लींबडो गाममां अने जंगलमां पण उगेछे.
पौरुष विना कर्म कांइ पण करतुं नथी.
इन्द्राणीने घरे वाजां वाग्यां.
मौन धरीने बेठेला विजयधर्मसूरि राजा साथे पण बोल्या नहिं.
स्त्रीना साथळ केळनी सरखा होयछे.
वैदर्भे दमयन्तीने बोलावी.
इन्द्रविजयमुनि घणी विद्या पामीने पण अभिमान नथी करता.
कोण मरणने नथी पामतो ?
तलावथी पाणिना बिन्दु निकळेछे.

## पाठ, २७ मो.

### सर्वनाम—चालु.

### अमु ( अदस् ) =आ, पेलुं.

आ शब्दनां रूप पुंलिंगमां ' भाणु ' जेवां, स्त्रीलिंगमां ' धेणु ' जेवां तथा नपुंसकलिंगमां ' महु ' जेवां थायछे; परंतु ते उपरान्त प्रथमाना एकवचनमां ' अह ' एवुं एक रूप त्रणे लिंगमां विशेष थायछे, तथा सप्तमीना एकवचनमां ' अयम्मि तथा इअम्मि ' एवां बे रूप त्रणे लिंगनी अंदर विशेष थाय छे.

## अमु–पुंलिंग.

| एकवचन. | बहुवचन. |
|---|---|
| १ अमू, अह. | अमुणो, अमवो, अमओ, अमउ, अमू. |
| ७ अयम्मि, इअम्मि, अमुम्मि. | अमूसु, अमूसुं. इत्यादि. |

---

## नाम–( पुंलिङ्ग ).

वंस–वंश.
दहमुह–रावण.
पार–किल्लो.
गिम्ह–ग्रीष्म ऋतु.
अन्तप्पाय–मध्यमां पडवुं.
मग्गसिर–मासनुं नाम.
मेल–मेळो, सभा.
मज्झन्ह–मध्याह्न.
वग्घ–वाघ.
परामरिस–विचार.
कम–परिश्रम.
पिलोस–दाह.
चारण–चारण.

---

## नपुंसक—

राउल–राजकुल.
उण्हीस–पाघडी.
कम्मस–पाप.
आणवण–जणावनुं.
वरिह–पीछुं.
कोडिअ–कोडीयुं, दीपक राखवानुं पात्र.

---

## स्त्रीलिङ्ग—

कुल्हा–धोरीयो, नीक.
आणत्ति–जणावनुं.
मेइणी–जमीन, मेदिनी.
सासू–सासू.

हिरी—लज्जा. | मामी—मामी.
सिप्पी—छीप. | सलाहा—श्लाघा.

## विशेषणो—

निच्चल—निश्चळ.
सेर—विकसित.
तिक्ख—तीखुं.
मणोज्ज—सुंदर.
अप्पज्ज—आत्मज्ञ.
अम्बिल—खाटुं.
किलिट्ठ—कठण.
पुरिम—पूर्व.
रम्म—सुंदर.
दइवज्ज—दैवने जाणनारो.
इंगिअज्ज—इंगितने जाणनार.

## अव्यय—

एण्हि, एत्ताहे — हमणां.

एक्कसिअं, एक्कसि, एक्कइआ — कोइ दिवस.

## धातु—

अव+लम्ब्—अवलंबवुं, आशरो लेवो.
अलं+कुण्—शणगारवुं.
वि+रम्—अटकवुं.
अव+मण्—तिरस्कारवुं.
कील्—रमवुं.

## वाक्य—

गिम्हे उउम्मि मज्झन्ने वि साहुणो उण्हीसं न धरन्ति ।

एक्कसि राउलं मग्गसिरे मेले कीलिहिइ ।

बहुणा कमेण सिप्पीए मोत्तिआइं पाविज्जन्ति ।

दइवज्जा णरा कज्जं समावन्ति, अवि अन्तप्पायं ण कुणन्ति ।

चारणा पुरिसस्स वंसस्स मणोज्जे गुणे गाअन्ति ।
दहमुहो पारमवलम्बीअ ।
सासू कोडिएसु दीवे काऊणं घरं अलंकुणइ ।
अप्पज्जा किलिट्ठाणि कम्मसाइं न करन्ति ।
आयरिसम्मि सासूए मुहं देक्खिज्जइ ।
कुल्लाए जलं नीहरिऊण रुक्खाण मूलम्मि गच्छइ ।
इंगिअज्जा एण्हिं थोक्का अत्थि ।
सो तं परामरिसं करावेइ ।

मामी सेराइं रम्माइं पुप्फाइं मेइणीअ चिणिहिइ ।
पिलोसो सव्वमालुंखइ ।
चिज्जत्थीहिं वहुं तिक्खं तह अम्बिलं वत्थुं न जेमीअइ ।
मोरो वरिहाइं चान्नन्नं छज्जन्ति ।
साहुणो सलाहं पि अवमणन्ति ।
दहमुहस्स वि दहाइं मुहाइं समरे रामस्स वन्धू छिन्दीअ ।
चारणा हिरीए रहिआ हवन्ति ।
वग्घो सव्वे जीवे डरावेइ ।
कम्मसाउ विरम ।

---

रावणना मुकुटमां पींछां देखातां हतां.
निश्चल माणसो एकज काम पुरुं करे छे.
'धर्मनुं जणाववुं' ए काम पृथ्वीमां उत्तम छे.
वाघथी शूरा माणसो थोडुं पण डरता नथी.
सारा माणसो पापने तिरस्कारे छे.
(हुं) कोइनी साथे रमीश नहिं.
तेणे मने शणगार्यो.
ते माथेथी पाघडी फेंकतो हवो.

पोतानी प्रतिज्ञामां निश्चल माणसो कार्यमां जय पामेछे.
ते चारण शरम विना जेम तेम बोल्यो.
ज्यारे त्यारे माणसोज भूले छे.
विजयधर्मसूरिए मुनि इन्द्रविजय नामना इंगितज्ञ शिष्यने भणावी पोतानी पासे राख्या.
मागशर मासमां पर्वतो उपर बरफ होयछे.
मध्याह्नमां पण साधुओ नदीकांठे सूता हता.

जे पाणिनुं टीपुं छीपमां मोती थाय छे, तेज पाणिनुं टीपुं सर्पनां मुखमां विष थायछे.

गुण अने दोषोनुं कारण पात्र छे.

ते विचार विना काम करीने रोयो.

कोइ दिवस महावीरदेवे आ देश पवित्र कर्यो हतो.

आ मेळामां घणां माणसो मळ्या हता.

तेनी मामी धर्मने आराधीने स्वर्गे गइ.

---

# पाठ, २८ मो.

## सर्वनाम–चालु.

### *अ, §ण, इम (इदम्)= आ.

### पुंलिंग.

'इम' शब्दनां रूपो सामान्य रीते 'सव्व' नी जेवां छे, परंतु विशेष ए छे के प्रथमाना एकवचनमां 'अयं,' द्वितीयाना एकवचनमां 'इणं,' सप्तमीना एकवचनमां 'इह' षष्ठीना एकवचनमां 'से' तथा बहुवचनमां 'सिं' आटला रूपो वधारे थायछे तेमज सप्तमीना एकवचन मांहेना "त्थ, हिं" आ बे प्रत्ययो लागता नथी.

### स्त्रीलिङ्ग—इमा, इमी.

आ शब्दोनां रूप आकारान्त तथा ईकारान्त स्त्रीलिंग जेवांज छे परंतु विशेष ए के प्रथमाना एकवचनमां इमिआ, तथा तृतीयाना बहुवचनना 'हिं' प्रत्ययमां 'आहिं' आ बे रूपो वधारे थायछे. जेमके–

प्रथमा एकवचन–इमिआ, इमा, इमी, इमीआ.

तृतीया बहुवचन–आहिं, इमाहिं, इमीहिं, इमाहिं विगेरे.

---

* 'अ' शब्द पुंलिंग तथा नपुंसकलिंगमां तृतीयाना बहुवचनना 'हिं' प्रत्यय पर छतां, सप्तमीना एकवचनना 'स्सि' प्रत्यय पर छतां, तथा षष्ठीना एकवचनना 'स्स' प्रत्यय पर छतांज फक्त वपराय छे, जेम एहिं, अस्सिं, अस्स.

§ 'ण' शब्दनां रूप फक्त द्वितीया तथा तृतीयामांज त्रणे लिंगमां थायछे.

### नपुंसक—

| एकवचन. | बहुवचन. |
|---|---|
| १. इणं, इदं, इणमो. | इमाइं, इमाइँ, इमाणि. |
| २. ,, ,, ,, | ,, ,, ,, |

शेष रूपो पुंल्गि प्रमाणे.

### नाम—( पुंलिङ्ग ).

| | |
|---|---|
| मत्तंड—सूर्य. | विवाह—विवाह. |
| कुक्कुड—कूकडो. | उवल—पाणो, पत्थर. |
| वासर—वार. | आमय—रोग. |
| सत्त—जीव. | सेअ—परसेवो. |
| वसन्त—वसन्त. | केस—वाळ. |
| कप्पूर—कपूर. | खल—लुच्चो. |
| पंक—गारो, कचरो. | दुम—झाड. |
| थण—स्तन. | हंस—हंस. |
| दन्त—दांत. | दाणव—राक्षस. |
| उअन्त—समाचार. | मूढ—मूर्ख. |
| अवसर—समय. | अमच्च—अमात्य, मंत्री. |
| अन्तेवासि—शिष्य. | अहीसर—तीर्थंकर. |

---

### नपुंसक.

| | |
|---|---|
| गोउल—गोकुल. | तवणिज्ज—सोनुं, सुवर्ण. |
| तिमिर—अंधकार. | छत्त—छत्र. |
| वित्त—धन. | |

---

### स्त्रीलिंग—

करिणी—हाथणी.
वीणा—वीणा.
गोआवरी—गोदावरी.
तिसा—तरस, तृषा.
छल्ली—छाल.
तुलसी—तुलसीनुं झाड.
गुहा—गुफा.
लीला—क्रीडा.
कत्थूरी—कस्तूरी.
तणया—छोकरी, पुत्री.
वसहि—घर.
चूला—चोटली.
सिहा—चोटली, शिखा.
बाला—बालकी.
इच्छा—इच्छा.
तरंगिणी—नदी.

---

### विशेषण—

घोर—भयंकर.
दुट्ठ—दुष्ट.
कढिण—कठण.
चउर—चतुर, होशियार.
जडिअ—जडेलुं, संबद्ध.
सिअ—धोळुं.

---

### धातु—

नि+वट्ट्—पाछुं फरवुं.
प+दा—देवुं.
परि+णे—परणवुं.
णे—लइ जवुं.
सं+वड्ढ्—वधवुं.
पार्—शकवुं.

---

### वाक्य—

कुक्कुडो इमं जणाण समूहं जग्गावेइ।
गोआवरीए सेअवन्ता सत्ता ण्हाअन्ति।
तुलसीए छल्ली बम्हणेहिं पवित्ता कहीअइ।
चउरो इमो हंसो समाचारं पदेइ।
तवणिज्जं पीअं सिआ।
पंकाउ नीहरिउं अपारन्तं हत्थिं हत्थिणी आकरिसइ।
इणं गोउलं तेण पालिज्जइ।

तवं तवन्ता इसिणो गुहाअ चिअ निवसन्ति ।

मत्तण्डस्स पडमाणे तावम्मि अयं दीणो जणो तिसाए पीडीअइ ।

इमाए वसहीए वसन्तो इमो पुरिसो वीणं वयावेइ ।

वसन्तम्मि उउम्मि इमिआ तणया परिणेइ ।

दुट्ठो मणुओ वासरे वि अलंकारे चोरेइ ।

कत्थूरीए कप्पूरस्स च गंधो भुवणम्मि वित्थरइ ।

जहोवलो जले बुड्डइ, तह धम्मेणं रहिओ जणो संसारम्मि बुड्डइ ।

इमे मूढा अन्तेवासउ तिमिराउ निवट्टीअ ।

गीवाए थणाणं दन्ताणं चोवरि इत्थीहि अलंकारा जडिआ ।

खलो अवसरं चुक्किहिइ ।

अमच्चो रण्णो धणं णेइ ।

केण वि सुहमहिलसन्तेण विवाहो न करणिज्जो ।

चउरा णिच्चं जिणन्तु ।

---

कस्तूरी मृगनी नाभिमां उत्पन्न थायछे.

ब्राह्मणो माथामां मोटी चोटली राखेछे.

धोळुं छत्र हाथमां धरिने आ नगरनो राजा वनमां जायछे.

'झाडमां जीव छे' ए प्रमाणे ब्राह्मणो पण मानेछे.

रोगवाळो पुरुष शान्तिनेमाटे कुदेवने पण पूजे.

राक्षसो पण देवनी जातिमां कहेवायछे.

झवेर अने वेचर बन्ने सहोदरो छे.

गोदावरी नदीमां न्हाएला माणसोनुं पण पाप जतुं नथी.

धनने माटे माणसो दुःखने पण जोता नथी.

काळी कस्तूरी पण गुणवाळी छे.

आंबानुं झाड ग्रीष्मऋतुमां फल आपशे.

सघळा हंसो दूधमांथी पाणी जुदुं करी (जुदुं करवामाटे) शकेछे.

आ बालिकाए स्तनमांथी आवता दूधने पीधुं.

कपूर पाणिमां पण वळेछे.

ते झाडनी छाल उतरावेछे.

आ मुनिनुं नाम वल्लभ (वल्लह) विजयछे.

आ छोकराओनी चोटली वधीछे.

| | |
|---|---|
| ऊंटनी डोक लांबी छे. | पानाचन्द ! आ संसारमां एक |
| हाथणीना दांत धोळा अने नाना | पण सुख कोइ पण जीवे अनु- |
| होयछे. | भव्युं नथी. |

## पाठ, २९ मो.

### सर्वनाम–चालु.

### एअ ( एतद् )=आ.

#### पुंलिङ्ग.

आ शब्दनां सघळां रूप ' सव्व ' शब्दनी जेम थायछे. परंतु आटलां नीचेनां रूपो वधारे थायछे—

| | |
|---|---|
| प्रथमा एकवचन— | एस, इणं, इणमो, एसो. |
| तृतीया ,, | एदिणा, एदेण. |
| पञ्चमी ,, | एत्तो, एत्ताहे. |
| सप्तमी ,, | एत्थ, अयम्मि, ईअम्मि. |
| षष्ठी ,, | से. |
| ,, बहुवचन— | सिं. |

वळी आ ' एअ ' शब्दने सप्तमीना एकवचन मांहेना ' त्थ ' तथा 'हिं' प्रत्ययो लागता नथी, तेमज प्रथमाना एकवचनना ' ओ ' प्रत्ययनुं रूप पण थतुं नथी.

---

#### स्त्रीलिंग. एआ, एई.

आ शब्दनां रूपो आकारान्त तथा ईकारान्त स्त्रीलिंग नामो जेवां छे, परंतु प्रथमाना एकवचनमां ' एसा, एस, इणं, इणमो' आ चार रूपज थायछे.

---

## नपुंसक.

'एअ' शब्दनां नपुंसक लिंगनां प्रथमानां रूपो 'एअ' चालु पुंलिंगनी माफक अने पूर्वोक्त अकारान्त नपुंसकनी माफक थायछे, तथा द्वितीयानां रूपो अकारान्त नपुंसकलिंग नामोनीज माफक थायछे. तथा बाकीनां रूपो चालु पुंलिंगनी माफक जाणवां.

---

## अम्ह ( अस्मद् )= हुं. ( त्रणे लिंगमां सरखां )

| | एकवचन— | बहुवचन— |
|---|---|---|
| १. | हं, अहं, अहयं, म्मि, अम्हि, अम्मि. | अम्ह, अम्हे, अम्हो, मो, वयं, भे. |
| २. | णे, णं, मि, अम्मि, अम्ह, मम्ह, मं, ममं, मिमं, अहं. | अम्हे, अम्हो, अम्ह, णे. |
| ३. | मि, मे, ममं, ममए, ममाइ, मइ, मए, मयाइ, णे. | अम्हेहि, अम्हाहि, अम्ह, अम्हे, णे. |
| ४-६. | मे, मइ, मम, मह, महं, मज्झ, मज्झं, अम्ह, अम्हं. | णे, णो, मज्झ, अम्ह, अम्हं, अम्हे, अम्हो, अम्हाण, अम्हाणं, ममाण, ममाणं, महाण, महाणं, मज्झाण, मज्झाणं. |
| ५. | *मम, *मह, *मज्झ, *मइ. | *मम, *अम्ह. |
| ७. | *अम्ह, *मम, *मह, *मज्झ, मि, मइ, ममाइ, मए, मे. | *अम्ह, *मम, *मह, *मज्झ. |

---

* पंचमी तथा सप्तमीमां 'अम्ह' शब्दनां आ प्रमाणे आदेशो थायछे ते लक्ष्याछे तथा तेनां रूपो दरेकने अकारान्त पुंलिंगना प्रत्ययो लगाडवाथी थायछे जेम– ममत्तो, ममाउ, ममाहि, ममाओ, ममाहिंतो, ममा, मइत्तो, विगेरे. ममम्मि, ममेसु विगेरे.

## तुम्ह ( युष्मद् ) = तुं, ( त्रणे लिंगमां सरखां )

| | | |
|---|---|---|
| १. | तं, तुं, तुवं, तुहं, तुमं. | भे, तुब्भे, तुम्हे, तुज्झे, तुज्झ, तुम्ह, तुय्हे, उय्हे. |
| २. | तं, तुं, तुमं, तुवं, तुह, तुमे, तुए. | वो, तुज्झ, तुब्भे, तुम्हे, तुज्झे, तुय्हे, उय्हे, भे. |
| ३. | भे, दि, दे, ते, तइ, तए, तुमं, तुमइ, तुमऐ, तुमे, तुमाइ. | भे, तुब्भेहिं, तुज्झेहिं, तुम्हेहिं, उज्झेहिं, उम्हेहिं, तुय्हेहिं, उय्हेहिं. |
| ४-६. | तइ, तु, ते, तुम्हं, तुह, तुहं, तुव, तुम, तुमे, तुमो, तुमाइ, दि, दे, इ, ए, तुब्भ, तुज्झ, तुम्ह, उब्भ, उज्झ, उम्ह, उय्ह. | तु, वो, भे, तुज्झ, तुम्ह, तुब्भ, तुज्झं, तुम्हं, तुब्भं, तुब्भाण, तुवाण, तुज्झाण, तुम्हाण, तुमाण, तुहाण, उम्हाण, तुब्माणं, तुवाणं, तुज्झाणं, तुम्हाणं, तुमाणं, तुहाणं, उम्हाणं. |
| ५. | *तइ, *तुव, *तुम, *तुह, *तुब्भ, *तुज्झ, *तुम्ह, तुय्ह, तुब्भ, तुज्झ, तुम्ह, तहिंतो. | *तुब्भ, *तुज्झ, *तुम्ह, *तुय्ह, *उय्ह, *उम्ह. |
| ७. | तु,* तुव,* तुम,* तुह,* तुब्भ, तुज्झ,* तुम्ह,* तुमे, तुमए, तुमाइ, तइ, तए. | तु,* तुव,* तुम,* तुह, *तुब्भ, *तुज्झ, *तुम्ह. |

---

* पञ्चमी तथा सप्तमीमां 'तुम्ह' शब्दना आ प्रमाणे आदेशो थायछे, तेने अकारान्त पुंलिंगना ते ते विभक्तिना प्रत्ययो लगाडवाथी तेनां रूपो बनेछे, जेम— तइत्तो, तईओ, तईउ, तईहि, तईहिंतो, तईं, तुवत्तो विगेरे. तुम्मि, तुवे, तुवम्मि विगेरे. तूसु, तुवेसु विगेरे.

## नाम—पुंलिंग.

| | |
|---|---|
| भूअ—जीव. | उविन्द—उपेन्द्र. |
| गहत्थि—किरण. | पास—पासो. |
| चउमुह—ब्रह्मा. | मोर—मोर. |
| सरअ—शरदऋतु. | संदोह—समूह. |
| वित्थर—विस्तार. | ण्हाविअ—हजाम. |
| महीरुह—झाड, वृक्ष. | तड—कांठो. |
| मंथण—रवैयो. | पयर—समूह. |
| कलस—कळश्यो, लोटो. | कडक्ख—कटाक्ष. |
| वप्पीह—बपैयो, चातक. | वच्छ—वत्स, छोकरो, वृक्ष, झाड. |
| फग्गुण—फाल्गुन (मासनुं नाम) | लउड—लाकडी. |
| तुरंगम—घोडो. | वेअ—वेग. |
| वड—वड. | संदण—रथ. |
| सलह—शलभ, पतंग. | सवण—कान. |

---

## नपुंसक.

| | |
|---|---|
| उअर—पेट. | सप्पि—घी. |
| वअण—मों, वदन. | नवणीअ—माखण. |
| रहस्स—रहस्य. | नंदण—इन्द्रनुं वन. |
| वास—क्षेत्र. | तप्प—शय्या. |
| माणस—मन. | जूअ—द्यूत. |
| कुंडल—कुंडल. | पडिविम्ब—पडछायो. |
| पाहिज्ज—भातुं. | विआण—चंदरवो. |
| रंध—काणु. | |

---

## स्त्रीलिंग—

रमणी—स्त्री.
गंती—गाडुं.
चिल्ला—चकली.
सव्वरी—रात्री.
सारिआ—मेना.
वंछा—वांछा.
सिवा—दुर्गादेवी.
कुमरी—कुमारी.
सेणा—सेना.
विवणी—बजार.
वसुंधरा—पृथ्वी.
तडिआ—विजळी.
निसा—रात्रि.
अवत्था—अवस्था.
पुप्फिआ—फुइ.

## विशेषण—

सोण—लाल.
साम—काळुं.
विअड—विकट.
रुइर—सुंदर.
संकिण्ण—संकडाएल, सांकडुं.
थरहरिअ—कंपेल, थरथरेल.

## अव्यय—

मिच्छा—खोटुं.
सहसा—वगर विचार्ये.
दिआ—दिवस.

## धातु—

प+अत्थ्=पत्थ्—प्रार्थना करवी.
थक्क्—नीचे जवुं.
पडिसा—शांत थवुं.
वेल्ल्—रमवुं.
अग्घाड्—पूरवुं.
निअ—जोवुं.
फंस्—अडकवुं.
उवसम्—शांत थवुं.
उड्डे—उडवुं.
कुप्प्—कोपवुं.
नस्स्—नाश थवो.
खम्—खमवुं.
सलह्—प्रशंसवुं.

वाक्य—

*तो हुं तुं च जिणं नविमो ।
हियो तुं हं च इन्दविजयं मुणिन्दं वन्दिस्सामो ।
संदणाओ उत्तरिउं सो हं च संकिण्णे मग्गे चलिमो ।
सो तुं च जलेण घडमग्घाडित्था ।
तुहोअरं सोणमत्थि ।
पाहिज्जेण सहिओ जणो इमिआअ गन्तीए गामं गच्छइ ।
उविन्दस्स सेणा समरम्मि वेल्लइ ।
तुह पुप्फिआ ममं खमावेइ ।
तुं विवणीए रमिउं गच्छ ।
मे मोरो वेएण उड्डेइ ।
सव्वरीए सव्वत्थ सामं तमं निआमि ।
सारिआ गीअं गासी ।
मइ रमणीए सवणेसु कुंडलाइं सलहीअन्ति ।
तुं मंथणेण नवणीअं कड्ढ ।
इमस्सि महीरुहे रंधाइं अत्थि ।
फग्गुणचउद्दसीए तिहीए मुरुक्खा माणवा अन्नुन्नं गालिं दिन्ति ।
इन्दस्स नंदणं वणमत्थि ।
दिआ चिल्ला सद्दं कुणेइ ।
मत्तंडस्स गहत्थओ निसाए नस्सीअ ।
सरए उउम्मि तडिआ सरिआए तडे पडइ ।
ण्हाविआ कम्मवन्ति ।

---

मारा मोटा भाइ भगवान मने सारां कामो करावशे.
कारीगरो लाकडानो घोडो अने लोटो बनावेछे.
बपैये मेघनी साथे प्रीति करी.
आ कुमारी पथारीमां कंपेछे.
ब्रह्माए अमने कर्या नथी पण अमे अमारा कर्मथी थया छीए.
पृथिवीमां वसता शान्त पुरुषोने पण स्त्रीओनां कटाक्षो संसारमां भमावेछे.
स्त्रीओ पासे हुं रहस्य नहि कहीश.

---

* जे वाक्यमां त्रणे पुरुष साथे वपरायेला होय यातो पेला पुरुषनी साथे बाकीना कोइ पण पुरुप प्रयोजायेल होय तो ते वाक्यना क्रियापदथी पेला पुरुषनुं बहुवचन ज आवेछे, वळी जे वाक्यमां पेला पुरुप सिवायना बाकीना बे पुरुषो आवेला होय तो ते वाक्यना क्रियापदथी बीजा पुरुषनुं बहुवचन ज वपरायछे. उदाहरणो उपरना वाक्यो ज छे.

जीवोना रक्षणमाटे घरमां माणसो
चंदरवा बांधेछे.
कूतरानो पडछायो पाणिमां पडेछे
अने तेथी ते भसेछे.
स्नेहथी पतंग दीवामां पडीने
मरेछे.
हुं संसारना पासथी क्यारे छूटीश.
हुं हर्षचन्द्र अने भगवान नामना
मारा बे मोटा बंधुओने सदा
प्रणमीश.
मारो नानो सहोदर झवेर आज-
काल अभ्यास करेछे.
हरगोविन्द-त्रिभुवन-मणिलाल
जयचंद अने पानाचंद नामना
मारा सघळा मित्रो मने प्रत्येक
धर्मकार्यमां याद करशे तथा प्रेरशे.
मारा उपर दलीचन्द प्रीतिवाळो
विद्यार्थी छे.

पाठशाळामां रहेता सघळा छात्रोने
हुं भाइ तुल्य मानुंछुं.
जीवराज नामना मारा पिताए मने
केटलीएक सारी क्रियाओ कर-
वामाटे बाळपणमां शिखव्युं.
उत्तमा नामनी मारी माताए मने
घणा स्नेहथी पोते कष्ट सहीने
पण मोटो कर्यो.
जगजीवन (ण) नामना शिक्षके मने
भाषानुं ज्ञान आप्युं.
विजयधर्म सूरि नामना गुरुए मने
सर्वत्र सुखने आपनार धर्मने
शिखडाव्यो.
हुं तेओ सघळानो उपकार कदी
पण भूलीश नहि.
हुं सघळाने प्रार्थुंछुं के आ पुस्तक
भणवाना समये सौए हंस
तुल्य थवुं जोइए.
सज्जनो मारा उपर प्रसन्न थाओ.

---

## पाठ ३० मो.

### संस्कृत ( शब्दो ) उपरथी प्राकृत ( शब्दो ) बनाववाना सामान्य नियमो.

(१) बे स्वरोनी वच्चे आवेला 'क्, ग्, च्, ज्, त्, द्, प्, य्, व्,'

व्यञ्जनोनो लोप थायछे. जेम-सं०- प्रा०    सं०- प्रा०-

| | | |
|---|---|---|
| अपवाद- अ अथवा आ थकी पर 'प्' नो लोप थतो नथी जेम- सं०-शापः- सावो. | लोकः- लोओ. | गदा- गया. |
| | नगरम्- नयरं | रिपुः-रिऊ(रिवू). |
| | कचः- कयो. | प्रियः- पिओ. |
| | गजः गयो. | लावण्यं-लायण्णं. |
| | वितानं-विआणं. | |

(२) पूर्वना नियम प्रमाणे क् विगेरे व्यञ्जनोनो लोप कर्या बाद तेना पछीनो 'अ अथवा आ' जो 'अ अथवा आ' थकी पर आवतो होय तो तेने ठेकाणे अनुक्रमे 'य के या' मूकाय छे. जेम- गजः- गयो; पादः- पायो; गदा- गया; वाचा- वाया.

(३) बे स्वरनी वच्चे आवेला 'ख्, घ्, थ्, ध्, भ्,' नो 'ह्', थायछे. जेम- मुखं- मुहं; मेघः- मेहो; नाथः- नाहो; बधिरः- बहिरो; क्षोभः- खोहो.

(४) बे स्वर वच्चे आवेला ट्, ठ्, ड्, न्, प्, फ्, ब्, नो अनुक्रमे ड्, ढ्, ल्. ण्, व्, भ्, * (अथवा ह्), तथा व्, थाय छे. जेम- घटः- घडो; पीठं- पीढं; गरुडः- गरुलो, मदनः- मयणो; कूपः- कूवो, रेफः- रेभो; मुक्ताफलं- मुत्ताहलं; अलाबूः- अलावू.

(५) शब्दनी आदिमां आवेला 'न्' नो 'ण्' विकल्पे थायछे जेम- नरः- णरो, नरो.

(६) शब्दनी आदिमां आवेला 'य' नो 'ज्,' अनुस्वारथी पर आवेला 'ह्' नो 'घ्' अने ह्रस्व स्वर थकी पर आवेला थ्य्, प्स्, श्च्, त्स् नो 'छ्' थायछे. जेम- यमः- जमो; संहारः- संघारो; पथ्यं- पच्छं; अप्सराः- अच्छरा; पश्चात्- पच्छा; उत्साहः- उच्छाहो.

---

* 'फ्' नो कोइ कोइ प्रयोगोमां 'भ्' थायछे; अमुकमां 'ह्' थायछे. अने अमुक अमुक प्रयोगोमां भ् अथवा ह् बन्ने थायछे. माटे आ कार्य करती वखते प्रयोगो उपर ध्यान राखवुं.

(७) प्राकृतमां क्ष्नो ख्; श्, ष्नो स्; द्य्, र्य्, य्य्नो ज्; स्त् नो थ्; ष्प्, स्प्नो फ्; म्न्, ज्ञ्नो ण्; न्म्नो म्; ड्म्, क्म्नो प् अने ष्ट्नो ठ् थायछे. जेम- क्षयः–खयो; शब्दः— सद्दो; कषायः– कसायो; मद्यं – मज्जं; भार्या– भज्जा; जय्यः– जज्जो; स्तुतिः– थुई; निष्पावः– निप्फावो; बृहस्पतिः– बुहप्फई; निम्नं– निण्णं; ज्ञानं– णाणं; मन्मथः– वम्महो; कुड्मलं– कुंपलं; रुक्मिणी – रुप्पिणी; कष्टं – कट्ठं.

अपवादः—

(१) समस्त, तथा स्तम्ब शब्दनी अन्दर स्त्नो थ् थतो नथी; जेम- समत्तो, तम्बो.

(२) उष्ट्र, इष्टा तथा संदिष्ट; फक्त आ त्रण शब्दोनी अन्दर ष्ट्नो ठ् थतो नथी. जेम- उट्टो, इट्टा, संदिट्टो.

(८) ग्म्नो म् तथा ह्वनो भ् विकल्पे थायछे; जेम- युग्मं- जुम्मं, जुग्गं; विह्वलः– विब्भलो, विहलो.

(९) श्न्, ष्ण्, स्न्, ह्न्, ह्ण्, क्ष्ण्नो ण्ह् थायछे; जेम—प्रश्नः– पण्हो; विष्णुः–विण्हू; स्नातः–ण्हाओ; वह्निः–वण्ही; पूर्वाह्णः– पुव्वण्हो; तीक्ष्णं– तिण्हं.

(१०) श्म्, ष्म्, स्म्, ह्म्नो म्ह् थायछे, तेमज ह्ल्नो ल्ह् थायछे. जेम- कुश्मानः– कुम्हाणो; ग्रीष्मः– गिम्हो; विस्मयः–विम्हयो; ब्रह्मा–बम्हा; आह्लादः–आल्हायो.

(११) (अ) कोइपण व्यञ्जननी पूर्वमां जोडायेला क्, ग्, ट्, ड्, त्, द्, प्, श्, ष्, स्, जिह्वामूलीय (ᳵ), तथा उपध्मानीय (ᳶ) नो लोप थायछे. जेम- भुक्तं- भुत्तं; दुग्धं–दुद्धं; कट्फलं–कप्फलं; खड्गः– खग्गो; उत्पलं – उप्पलं; मुद्गरः– मुग्गरो;

सुप्तः– सुत्तो ; निश्चलः–* निच्चलो; निष्ठुरः– निट्ठुरो; स्खलितः– खलिओ; दुःखं – दुक्खं; अन्तःपातः–अन्तप्पाओ.

( ब ) कोइपण व्यञ्जन थकी पर जोडायेला म्, न्, य् लोपायछे. जेम– युग्मं– जुग्गं; नग्नः– नग्गो; श्यामा– सामा.

( क ) जोडाक्षर मांहेला ' ल्, व, (ब्) तथा र् ' सर्वत्र लोपायछे. जेम– उल्का– उक्का; श्लक्ष्णं– सण्हं; शब्दः– सद्दो; उल्वणं– उल्लणं; पक्वं– पक्कं; वर्गः– वग्गो; चक्रं– चक्कं.

( ड ) ' द्र ' मां रहेलो ' र् ' विकल्पे लोपायछे समुद्रः–समुद्दो, समुद्रो. तेमज ' ज्ञ ' ( ञ्‌ ) नी अंदर ञ्‌नो लोप विकल्पे थायछे, जेम– जाणं, णाणं.

(१२) ( अ ) दीर्घ स्वर तथा अनुस्वार सिवाय बाकीना स्वर तथा व्यञ्जन पछी आवेला र् तथा ह् सिवायना शेष ( संयुक्त व्यंजन मांहेना एकनो लोप थइ जवाथी जे एक व्यंजन बाकी रहे ते ) व्यंजननो तथा आदेश ( अमुक एक व्यंजनना स्थानमां कोइ बीजो व्यंजन थाय ते ) व्यंजननो द्विर्भाव थायछे. उदाहरण– शब्दः– सद्दो; पुष्पं– पुप्फं. प्रत्युदाहरण– स्पर्शः– फासो; सिंहः–सिंघो. ब्रह्मचर्यं– बम्हचेरं; विह्वलः– विहलो.

( ब ) आ नियम समासनी अंदर विकल्पे लागे छे; जेम— कुसुमप्रकरः– कुसुमप्पयरो, कुसुमपयरो; देवस्तुतिः– देवत्थुई, देवथुई.

( क ) '(अ)' नियम प्रमाणे द्विर्भावथी थएला " ख्ख्, छ्छ्, ठ्ठ्, थ्थ्, फ्फ्, घ्घ्, झ्झ्, ढ्ढ्, ध्ध्, भ्भ्‌ना स्थानमां अनुक्रमे क्ख्, च्छ्, ट्ठ्, त्थ्, प्फ्, ग्घ्, ज्झ्, ड्ढ्, द्ध्, तथा ब्भ्, थायछे. जेम–व्याख्यानं–वक्खाणं; मूर्छा–मुच्छा; कष्टं–कट्ठं:

---

* अहिं चालु पाठनो नियम ६ ट्ठो लागतो नथी.

तीर्थ- तित्थं; पुष्पं- पुप्फं; व्याघ्रः- वग्घो; निर्झरः- निज्झरो; वृद्धः- वुड्ढो; निर्धनः- निद्धणो; निर्भरः- निब्भरो.

(१३) दरेक ( संस्कृत ) शब्दना अन्तनो व्यंजन ( प्राकृतमां ) लोपायछे. जेम- यशस्-जसो.

अपवाद- व्यंजनान्तस्त्रीलिङ्ग नामोना अन्तनो 'आ' अथवा 'या' तथा रकारान्त स्त्रीलिंगनामोना अन्तनो 'रा' थायछे. अने त्यारबाद तैयार थयेलो शब्द आवन्त नहि पण आकारान्त गणाय छे. जेम- सरित्-सरिआ, सरिया; गिर्-गिरा.

(१४) दामन्, शर्मन्, चर्मन्, शिरस्, नभस्, श्रेयस्, वचस्, सुमनस्, सिवायना नकारान्त तथा सकारान्त नामो पुंलिंगमां थायछे. जन्मन्-जम्मो; मर्मन्-मम्मो; तमस्-तमो.

(१५) र्श्, र्षनी अंदर, 'श्' तथा र्षनी पूर्वे 'इ' आवेछे. जेम- परामर्शः-परामरिसो; वर्ष-वरिसं.

(१६) र्ह्, तथा संयुक्त ल् ( लनी पूर्वमां व्यंजन होय त्यारे ) नी अंदर ह्, तथा ल्नी पूर्वमां 'इ' मूकायछे; गर्हा-गरिहा; प्लोषः-पिलोसो.

---

## पाठ ३१ मो.

### समास.

समास एटले संक्षेप अर्थात् घणां पदोनुं जे एकपद करवुं ते.

### बहुव्रीही ( बहुव्रीहि ).

जे समासमां समास करातां पदोना वाच्य सिवाय अन्य कोइ अर्थ प्रधान होय तेनुं नाम बहुव्रीहि समास कहेवामां आवे छे. जेमके—

चडिओ आसो जेण सो चडिआसो.

चडिओ सुंदरो आसो जेण सो चडिअसुंदरासो.

पावेण सह जो सो सपावो*.

---

* बहुव्रीहि समासमां आवेला 'सह' शब्दनो 'स' आदेश पण थायछे.

## तप्पुरिसो ( तत्पुरुष ).

जे समासमां समास करातां बे पदमांनुं पाछलुं पद प्रायः करीने प्रधान होय तेनुं नाम तप्पुरिस समास कहेवाय छे जेमके–

रायस्स नयरं–रायनयरं; * न धम्मो अधम्मो, न इसी अनिसी; विगेरे. वळी आ तत्पुरुष समास दरेक विभक्ति साथे थायछे.

## कम्मधारय ( कर्मधारय ).

आ समासमां समास करातां बे पदो विशेष्य अने विशेषण होवां जोइए. जेमके—गुरू च विजयधम्मसूरी च गुरुविजयधम्मसूरी, मित्तं च पानाचन्दो च मित्तपानाचन्दो.

## दंद ( द्वन्द्व ).

आ समासमां समास करातां पदोनी सहोक्ति होवी जोइए, वळी आज समासमां चकार वधारे वपराय छे. जेमके—

वडा अ लिम्बा अ वडलिम्बा इत्यादि.

आ समासो माटे वधारे वधारे वातो ( पूर्वनिपात–एकशेषादि ) श्रीहैमसंस्कृतशब्दानुशासनथी जाणवा जिज्ञासुओने भलामण छे.

## शब्दो.

| | |
|---|---|
| पंगुल–वि–पांगळो. | भागि–वि–भागवाळो. |
| सीलड्ढ–वि–शीलाढ्य, शीलयुक्त. | खर–पुं–गधेडो. |
| पाणिवह–पुं–प्राणिवध. | सुग्गइ–स्त्री–सारी गति. |
| सेअम्बर–पुं–श्वेताम्बर. | दारिद्द–न–दारिद्र्य. |
| आसंबर–पुं–दिगम्बर. | निम्ब–पुं–लींवडो. |
| बुद्ध–पुं–बुद्ध. | एगंतसुहावह–वि–एकलुं सुख देनार. |
| समभावभाविअप्प–वि–शांतात्मा. | पहुअत्तण–न–ऐश्वर्य. |
| संदेह–पुं–शंका. | |

* आ 'न' पछी जो व्यंजनादि नाम आवे तो 'न' नो 'अ' करवो अने स्वरादि नाम आवे तो 'न' नो 'अन्' करवो.

भगवई—स्त्री—भगवती.
अहिंसा—स्त्री—अहिंसा.
पंथ—पुं—रस्तो.
पराभव—पुं—पराजय.
जणणी—स्त्री—माता.
जइधम्म—पुं—साधुनो धर्म.
रक्खण—न—रक्षण.
पवेस—पुं—प्रवेश.
सम्मदिट्ठि—पुं—सारी दृष्टिवाळो.
गहिअव्वयभंग-पुं-लीधेल व्रतनो भंग.
खन्ति—स्त्री—क्षमा.
महाविज्जा—स्त्री—मोटी विद्या.
दुरिअ—न—पाप.
विकहा—स्त्री—विकथा.
पञ्चमी-स्त्री मी.
किया—स्त्री—क्रिया.
चन्दणभारवाहि—वि—चदननो भार वहनार.
परोवयारकरणिक्कतल्लिच्छ—वि—परोपकारमांज तत्पर.
जम्बूदीव—पुं—जम्बूद्वीप.
दीव—पुं—बेट.
विदेह—पुं—क्षेत्रनुं नाम.
खेत्त—न—क्षेत्र.
अपरिमिअ-(भूत-कृ)वि-नहि मापेल.
निहाण—न—निधान.
अणुगारि—वि—अनुकरण करनार.

नवरि—अ—किन्तु.
परयण—पुं—पर माणस.
पलालपूल—पुं—घासनो पूळो.
निग्गह—पुं—दंड.
भव—पुं—संसार.
कणअकोडि—स्त्री—सोनानी क्रोड.
बंभव्वय—न—ब्रह्मचर्य.
फलविवाअ—पुं—फल परिणाम.
सया—अ—हमेशा.
पंडित्त—न—पांडित्य.
निमित्तमित्त—अ—निमित्तमात्र.
धाराहय—वि—धाराथी हणायेल.
पलोअन्त—(वर्त—कृ) वि—जोतो.
विहिकय—वि—कर्मथी करेल.
सयण—पुं—स्वजन.
मच्छ—पुं—माछलुं.
उच्छलिअ—(भूत-कृ)वि-उच्छळेलुं.
आरत्त—वि—खूब लाल.
समर—न—युद्ध स्थळ.
उसभदत्त—पुं—विशेषनाम.
सिरीकन्ता—स्त्री—विशेषनाम.
निरुवम—वि—अनुपमेय.
चन्दाणणविमाण—न—चन्द्रानन नामनुं देवघर.
आउअ—न—आवरदा.
चुअ—(भूत—कृ)वि—च्युत, चवेल,
सुद्द—पुं—शूद्र.

भूअ—(भूत—कृ) वि—भूत, थयेलुं.
जयउर—न—ते नामनुं नगर.
भाअ—पुं—भाग.
सुरूव—वि—सारा रूपवाळुं.
नेवत्थ—न—नेपथ्य.
दार—पुं—स्त्री. (बहुवचनांत).
किलीव—पुं—क्लीब, नपुंसक.
अववाय—पुं—अपवाद, निन्दा.
भासण—न—बोलवुं.
अवहरण—न—चोरवुं.
संकुचिअ-(भूत-कृ)वि—संकोचवाळुं.
वग्ग—पुं—समूह.
निसिअ—(भूत—कृ) वि—तीक्ष्ण.
निद्दलिअ-(भूत-कृ)वि-तोडी नांखेल.
दरिअ—(भूत—कृ) वि—मानी.

केसर—पुं—केसरा.
सडा—स्त्री—सटा.
आपिंगल—वि—थोडुं पीळुं.
लेहा—स्त्री—रेखा.
पिहुल—वि—पृथुल, पहोळुं.
महिलायण—पुं—स्त्री समूह.
सुवट्टिअ—(भूत—कृ) वि—सुवृत्त.
कटिअड—पुं-कटितट, कडनो भाग.
आवलिअ—(भूत-कृ)वि-वळेलुं.
सुपइट्ठिअ-(भूत-कृ)वि-सुप्रतिष्ठित.
संठाण—न—संस्थान.
किसोरग—पुं—बच्चुं.
अहिराम—पुं—सुन्दर.
बोहि—न—सम्यक्त्व.

## पाठ ३२ मो.

अलसो होइ अकज्जे पाणिवहे पंगुलो सया होइ ।
परनिन्दासु य बहिरो जं चान्धो परकलत्तेसु ॥ १ ॥
ते कहं न वंदणिज्जा रूवं दट्ठूण परकलत्ताणं ? ।
धाराहयव्व वसहा वच्चन्ति मही पलोअन्ता ॥ २ ॥
सेअंबरो य आसंबरो य बुद्धो अ अहव अन्नो वा ।
समभावभाविअप्पा लहेइ मुक्खं न संदेहो ॥ ३ ॥
सव्वाओ वि नईओ कमेण जह सायरम्मि निवडन्ति ।
तह भगवइ अहिंसं सव्वे धम्मा संमिल्लन्ति ॥ ४ ॥

जाव जरा न पीडइ वाही जाव न वड्ढइ ।
जाव इंदिआ न हाअन्ति ताव धम्मं समाचर ॥ ५ ॥
पंथसमा नत्थि जरा खुहासमा वेअणा नत्थि ।
मरणसमं नत्थि भयं दारिद्दसमो पराभवो नत्थि ॥ ६ ॥
मूलं धम्मस्स दयाऽसेसजीवाणं सा होइ जणणी ।
जं तसथावरजीवाणं रक्खणं जइधम्मो होइ ॥ ७ ॥
वरमग्गिम्मि पवेसो वरं विसुद्धेण कम्मणा मरणं ।
मा गहिअव्वयभंगो मा जीविअं खलिअसीलस्स ॥ ८ ॥
को चक्कवट्टिरिद्धिं चयिउं दासत्तणं समभिलसइ ? ।
को व रयणाइं मोत्तुं परिगेण्हइ उवलखंडाइं ? ॥ ९ ॥
लब्भइ सुरसामित्तं लब्भइ पहुअत्तणं न संदेहो ।
एगं नवरि न लब्भइ दुल्लहरयणं च सम्मत्तं ॥ १० ॥
निन्दपसंसासु समो समो अ माणावमाणकारीसु ।
समसयणपरयणमणो सामाइअसंगओ जीवो ॥ ११ ॥
आणाइ तवो आणाइ संजमो तह य दाणमाणाए ।
आणारहिओ धम्मो पलालपूलुव्व पडिहाइ ॥ १२ ॥
रण्णो आणाभंगे इक्कुच्चिय होइ निग्गहो लोए ।
सवण्णुआणाभंगे अणंतसो निग्गहो होइ ॥ १३ ॥
सव्वो पुव्वकयाणं कम्मणां पावअे फलविवायं ।
अवराहेसु गुणेसु अ निमित्तमित्तं परो होइ ॥ १४ ॥

जहा खरो चंदणभारवाही
भारस्स भागी न हु चन्दणस्स ।
एवं खु नाणी चरणेण हीणो
भारस्स भागी न हु सुग्गईए ॥ १५ ॥

को कस्स इत्थ सयणो ?
को वा परो भवसमुद्दभमणम्मि ? ।
मच्छुव्व भमन्ति जीवा
मिलन्ति पुण जन्ति अइदूरं ॥ १६ ॥

---

## पाठ ३२ मो.

### कहा*

अत्थि इहेव जम्बूदीवे दीवे, अवरविदेहे खेत्ते, अपरिमिअगुण-निहाणं, तिअसपुरवराणुगारिं उज्जाणारामभूसिअं, समत्तमेइणितिलय-भूअं, जयउरं नाम नगरं ति । जत्थ सुरूवो, उज्जलनेवत्थो, कला-विअक्खणो, लज्जालुओ महिलायणो । जत्थ य परदारपरिभोअम्मि किलीबो, परच्छिद्दावलोअणम्मि अन्धो, पराववायभासणम्मि मूओ, परदव्वावहरणम्मि संकुचिअहत्थो. परोवयारकरणिक्कतल्लिच्छो पुरिस-वग्गो । तत्थ य निसिअनिक्कड्ढिआऽसिनिद्दलिअदरिअरिवुहत्थिमत्थ-उच्छलिअबहलरुहिराऽऽरत्तसमरभूमिभाओ राया नामेण पुरिसदत्तोत्ति । देवी य से सयलन्तेउरप्पहाणा सिरीकन्ता नाम ।

सो इमाए सह निरुवमे भोए भुञ्जीअ । इओ अ सो चन्दाण-णविमाणाहिवई देवो अह आउसं पालिऊणं तओ चुओ सिरीकन्ताए गब्भे उववन्नो त्ति । दिट्ठो य णाए सुविणयम्मि तीए चेव रयणीए निद्धूमसिहिसिहाजालसरिसकेसरसडाभारभासुरो, विमलफलिहमणिसि-लानिहसंहसहारधवलो, आपिंगलसुपसन्नलोअणो, मिअंकसरिसनिग्गय-दाढो, पिहुलमणहरवच्छत्थलो, अइतणुअमज्झभाओ, सुवट्टिअकढि-

---

* तित्थयरकप्पेण भगवया गुरुगुरुणा सिरीहारिभद्दसूरिणा विरइआए समरा-इच्चकहाए आदिन्नं ।

णकडिअडो, आवलिअदीहलंगूलो, सुपट्ठिओसंठाणो, किं बहुणा ? सव्वंगसुंदराहिरामो सीहकिसोरगो वयणेण उअरं पवि.माणोत्ति ।

---

इअ बुद्धीए बुहप्फईणं पिव **समत्तसत्थविसारद–जइणायरिआणं गुरुसिरीविजयधम्मसूरीणं** सावगसीसेण, तहय नाणाऽऽदाणनिआणाणं अभयसाहुवयणाणं पूअणिज्जपायपउमजुगलाणं **सिरीहरिसचन्द-भगवन्तबन्धूणं** लहुसहोअरेण, तह य वलहीनयरनिवासिसयलसेट्ठिसेट्ठि-**जीवरायपुत्तेणं**, तह य सीलालंकारधारिणीए **उत्तमाए** उत्तमामायाए उयरजायेण **वेचरेण** कासीए पुरीए विक्कमसुणि–रस–निहिभूमि–१९६७ वासे जिट्ठमासम्मि पुण्णिमादिणे सुक्कवासरे अप्पपरोवयारत्थमिणं पुत्थयं समत्थिअं ।

सिद्धाणं बुद्धाणं पारगयाणं परंपरगयाणं ।
लोअग्गमुवगयाणं नमो सया सव्वसिद्धाणं ॥ १ ॥
मम मंगलमरिहन्ता सिद्धा साहू सुअं च धम्मो य ।
सम्मद्दिट्ठी जीवा दिन्तु समाहिं च बोहिं च ॥ २ ॥
खामेमि सव्वजीवे सव्वे जीवा खमन्तु मे ।
मित्ती मे सव्वभूएसु वेरं मज्झं न केणइ ॥ ३ ॥
अज्जिअं मइ पुण्णं जं गंथस्सेमस्स किईए ।
जिणाणं गयदोसाणं तेण णेहोत्थु सासणे ॥ ४ ॥

इअ पत्थेइ–
वेचरो ।

---

# कोश: ।

अ

अ-अ-अने.

अइआर-पुं-अतीचार.

अइच्छ्-जवुं.

अइसरिअ-न-ऐश्वर्य.

अंगण-न-आंगणुं.

अंगि-पुं-शरीरवाळो.

अंगुअ-न-फळविशेप.

अंगुम्-पूरवुं.

अंतप्पाय-पुं-अन्तःपात.

अंतर-त्रि-बीजुं.

अंतेउर-न-अंतःपुर.

अंतेवासि-पुं-शिष्य.

अंधु-पुं-कुवो.

अंब-पुं-आंबो.

अंब-न-केरी.

अंबा-स्त्री-माता.

अंबादास-पुं-विशेपनाम.

अंबिल-वि-खाटुं.

अंबिलिआ-स्त्री-आंबली.

अंस-पुं-भाग.

अंसु-न-आंसु.

अ+कंद्-रोवुं.

अ+क्खिव्-फेंकवुं.

अक्खोड्-तलवार खेंचवी.

अक्खंडल-पुं-इन्द्र.

अगणि-पुं-अग्नि.

अगाह-वि-उंडुं.

अग्गला-स्त्री-अर्गला.

अग्घाड्-पूरवुं.

अच्च्-पूजवुं.

अच्छ्-बेसवुं.

अच्छरसा-स्त्री-अप्सरा.

अच्छि-न-आंख.

अज्ज-पुं-वैश्य, आर्य.

अज्ज-अ-आजे.

अज्जा-स्त्री-साध्वी.

अज्जू-स्त्री-सासू.

अट्ठ-वि-आठ.

अट्ठारह-वि-अढार.

अट्ठावयसंठविअरूव-वि-अष्टापदमां छे मूर्ति जेनी.

अट्ठि-न-हाडकुं.

अणंग-पुं-कामदेव.

अणुअर-पुं-सेवक.

अणु+कुण्-अनुकरण करवुं.
अणुगारि-वि-अनुकरण करनारुं.
अणु+जाण्-आज्ञा आपवी.
अणुट्ठाण-न-विधि.
अणु+प्प+विस्-प्रवेश करवो.
अणुराग-पुं-प्रीति.
अणुराय-पुं-स्नेह.
अणु+रुंध-तावे थवुं.
अणु+हव्-अनुभववुं.
अण्ण-वि-बीजुं.
अण्णण्णं-क्रियावि-परस्पर.
अण्णयर-वि-बेमांथी एक.
अण्णहा-अ-अन्यथा.
अण्णारिच्छ-वि-बीजा जेवुं.
अण्णुण्णं-क्रियावि-परस्पर.
अत्तो-अ-अहिंथी.
अत्थ-पुं-पैसो.
अत्थ-अ-अहिं.
अदिन्नादाण-न-अदत्तादान.
अद्ध-पुं-मार्ग.
अद्धाण-पुं-मार्ग.
अपरिमिअ-वि-माप वगरनुं.
अपुणराविति-न-ज्यांथी फरीथी न अवाय ते.
अप्प-पुं-आत्मा.
अप्प-वि-अल्प.
अप्पकेर-वि-आपणुं.
अप्पज्ज-वि-आत्मज्ञ.
अप्पडिहयसासण-वि-अनुल्लंघ्य छे शासन जेनुं.
अप्पणय-वि-आपणुं.
अप्पणो-अ-पोतानी मेळे.
अप्पविज्जा-स्त्री-आत्मविद्या.
अप्प्-आपवुं.
अप्पाह्-संदेशो आपवो.
अप्फुण्ण-वि-(भू-कृ)घेरायेलुं.
अबुह-पुं-मूर्ख.
अब्भय-पुं-अवरख.
अब्भास-पुं-अभ्यास.
अब्भिड्-मळवुं.
अब्भुट्ठिअ-वि-उठेलुं.
अब्भुत्त्-न्हावुं.
अमच्च-पुं-मन्त्री.
अमय-न-मोक्ष, अमृत.
अम्मो-अ-आश्चर्य.
अम्हारिच्छ-वि-अमारा जेवुं.
अम्हेच्चय-वि-अमारुं.
अयल-वि-अचल.
अरि-न-कपाट.
अरहन्त-पुं-जिनदेव.

अरिहन्त-पुं-जिनदेव.
अरुअ-वि-रोगवगरनुं.
अरुहन्त-पुं-जिनदेव.
अलं+कुण्-शणगारवुं.
अलाऊ-स्त्री-तुंबडी.
अलि-पुं-भ्रमर.
अलिअ-न-जूठुं, मृषा.
अल्ल-वि-भीनुं.
अल्लिय्-आपवुं.
अल्ली-आलिंगवुं.
अव+इक्ख्-अपेक्षवुं.
अवत्था-स्त्री-अवस्था.
अवदाय-वि-धोळुं.
अव+मण्-अपमान करवुं.
अवर-वि-बीजु.
अवराह-पुं-अपराध.
अव+लंब्-आश्रय लेवो.
अववाय-पुं-अपवाद.
अवसर-पुं-समय.
अवह्-कृपा करवी.
अवह्-रचवुं.
अवहरण-न-हरवुं.
अस्-थवुं, होवुं.
असणि-पुं-वज्र.
असद्दहण-न-अश्रद्धा.
असि-पुं-तरवार.
असिविण-पुं-देव.
असुद्ध-वि-अशुद्ध.
अहम-वि-नीच.
अहर-वि-बीजुं.
अहिपच्चुअ-आववुं.
अहिराम-वि-सुंदर.
अहिरेम्-पूरवुं.
अहिवइ-पुं-अधिपति.
अहिंसा-स्त्री-अहिंसा.
अहीसर-पुं-तीर्थंकर.
अहुणा-अ-हमणां.
अहो-अ-नीचे.

—×—

## आ

आअ-वि-(भू-कृ) आवेलो.
आअड्-वापरवुं.
आइग्घ्-सूंघवुं.
आइच्च-पुं-सूर्य.
आइरिअ-पुं-आचार्य.
आउअ-न-आवरदा.
आ+गच्छ्-आववुं.
आगमण-न-आववुं.
आगमण्णु-पुं-आगमनो जाणनार.
आचारंग-न-सूत्रनुं नाम.

आढव्-आरंभवुं.
आढिअं-वि-(भू-कृ) आदरेलुं.
आणत्ति-स्त्री-जणाववुं.
आणवण-न-जणाववुं.
आणा-स्त्री-आज्ञा
आणाभंग-पुं-आज्ञाभंग.
आणारहिअ-वि-आज्ञारहित.
आणाल-पुं-हाथीने बांधवानो खीलो.
आतव-पुं-तडको.
आ+दर्-सम्मान आपवुं.
आपिंगल-वि-पीळुं.
आमय-पुं-रोग.
आमोअ-पुं-हर्ष.
आयंव्-कंपवुं.
आयंक-पुं-रोग.
आ+यर्-आचरवुं.
आयर-पुं-आदर.
आयरिअ-पुं-आचार्य.
आयरिस-पुं-आरिसो.
आयार-पुं-आचार, आकार.
आ+रंभ्-शरू करवुं.
आरंभ-पुं-आरंभ.
आरत्त-वि-लाल.
आ+राह्-आराधवुं.
आराहणा-स्त्री-आराधना.
आलुंख्-बळवुं.
आवज्ज-न-वाजुं.
आवण-पुं-बजार.
आवणिअ-पुं-सोदागर.
आवलिअ-वि-वळेलुं.
आस-पुं-घोडो.
आसण-न-आसन.
आसम्बर-पुं-दिगंबर, नागो.
आसिसा-स्त्री-आशिष.
आ+हर्-आहार करवो.
आहरण-न-आभरण, घरेणुं.

—×—

इ

इअ-अ-ए प्रमाणे.
इअर-वि-बीजुं.
इइ-अ-ए प्रमाणे.
इंगाल-पुं-अंगारो.
इंगिअज्ज-वि-इंगित जाणनार.
इंद-पुं-इन्द्र.
इंदविजय-पुं-विशेष नाम.
इंदिअ-न-इन्द्रिय.
इंदु-पुं-चन्द्र.
इक्क-वि-एक.
इच्छ्-इच्छवुं.
इच्छा-स्त्री-इच्छा.

इट्टा-स्त्री-इंट.
इत्थी-स्त्री-स्त्री.
इब्भ-पुं-पैसादार.
इसि-पुं-ऋषि.
इहरा-अ-इतरथा.

—×—

ई

ईसर-पुं-ईश्वर.
ईहा-स्त्री-इच्छा.

—×—

उ

उअर-न-पेट.
उअंत-पुं-समाचार.
उउ-पुं-ऋतु.
उक्का-स्त्री-उल्का.
उक्किट्ठ-वि-उत्कृष्ट.
उक्कोस-वि-उत्कृष्ट.
उ+ग्घड्-उघाडवुं.
उङ्घ्-ऊंघवुं.
उच्छ-पुं-बळद.
उच्छलिअ-वि-उछळेलुं.
उच्छव-पुं-उत्सव.
उच्छाण-पुं-बळद.
उच्छाह-पुं-उत्साह.
उच्छु-पुं-शेरडी.
उज्जाण-न-वाडी.
उज्जोअगर-वि-प्रकाशक.
उट्ट-पुं-ऊंट.
उ+ट्ठा-उठवुं.
उड्डु-उडवुं.
उण-अ-फरीने.
उण्हीस-न-पाघडी.
उत्तर्-उतरवुं.
उत्तर-वि-उत्तर.
उत्थंघ्-अटकाववुं.
उत्थल्ल्-उछळवुं.
उत्तिम-वि-उत्तम.
उत्तिमंग-न-माथुं.
उद्ध-वि-ऊंचुं.
उ+द्धुमा-खूब धमवुं.
उ+प्पड्-उडवुं.
उब्भ-वि-ऊंचुं.
उम्बर-पुं-उंबरानुं झाड.
उम्मत्थ्-सामे आववुं.
उम्मिल्-विकसवुं.
उर-न-छाती.
उरु-न-साथळ.
उल्लूर्-कापवुं.
उव+इ-पामवुं.
उवएस-पुं-उपदेश.
उव+गच्छ्-पासे जवुं.

उवज्झाय-पुं-उपाध्याय.
उव+दिस्-उपदेश देवो.
उवमा-स्त्री-उपमा.
उवरि-अ-उपर.
उवल-पुं-पाषाण.
उवलखंड-न-पाषाणनो टुकडो.
उव+सप्प्-पासे जवुं.
उव+सम्-शांत थवुं.
उवसाम-पुं-उपशाम.
उवहार-पुं-भेट.
उविंद-पुं-उपेन्द्र.
उवेल्ल्-फेलावुं.
उ+व्विव्-उदास थवुं.
उसभदत्त-पुं-विशेष नाम.
उसह-पुं-वृषभ.

—×—

ऊ

ऊज्झाय-पुं-उपाध्याय.
ऊस-पुं-किरण.
ऊसल्-उल्लास.

—×—

ए

एआरह-वि-अगीआर.
एआरिच्छ-वि-एवो.
एक्कइआ-अ-कोइ दिवस.
एकल्ल-वि-एकलुं.
एक्कल्ल-वि-एकलुं.
एक्कसरिअं-चालु कालमां.
एक्कसि-कोई दिवस.
एक्कसिअं-कोई दिवस.
एग-वि-एक.
एगंत-पुं-एकान्त.
एगहुत्तं-अ-एकवार.
एण्हिं-अ-हमणां.
एत्ताहे-अ-हमणां.
एत्तिल-वि-एटलुं.
एत्थ-अ-अहिं.
एरावण-पुं-ऐरावण हाथी.
एवं-अ-एवी रीते.

—×—

ओ

ओग्गाल्-वागोळवुं.
ओज्झर-पुं-झरो.
ओज्झाय-पुं-उपाध्याय.
ओ+वाह्-अवगाहवुं.
ओसढ-न-औषध.
ओसह-न-औषध.
ओहरिअभर-वि-भार वगरनुं.
ओहीर्-ऊंघवुं.

—×—

## क

क-वि-शुं.
कइ-स्त्री-क्रिया.
कइअव-न-कपट.
कइम-वि-केटलामुं.
कइलास-पुं-एक पहाडनुं नाम.
कइवाह-वि-केटलुं.
कउहा-स्त्री-दिशा.
कंकोड-पुं-कंकोडानुं झाड.
कंख्-इच्छवुं.
कंटय-पुं-कांटो.
कंथा-स्त्री-गोदडी.
कंदप्प-पुं-कामदेव.
कंबु-पुं-शंख.
कच्छा-स्त्री-काख.
कड्ढ्-काढवुं, खेंचवुं.
कड-पुं-सादडी.
कडक्ख-पुं-कटाक्ष.
कडिअड-पुं-केडनो भाग.
कडुअ-वि-कडवुं.
कणअकोडि-स्त्री-कोडसोनैया.
कण्ण-पुं-कान.
कण्ह-पुं-कृष्ण.
कत्ता-पुं-करनार.
कत्तार-करनार.
कत्तिअ-पुं-कार्तिकमासः
कत्तु-पुं-करनार.
कत्तो-अ-क्यांथी.
कत्थूरी-स्त्री-कस्तूरी.
कन्ना-स्त्री-कन्या.
कप्प्-कल्पवुं.
कप्पपायव-पुं-कल्पवृक्ष.
कप्पूर-पुं-कपूर.
कम-पुं-परिश्रम.
कमंडलु-पुं-कमंडळ.
कमन्ध-पुं-धड रहित शरीर.
कमल-न-कमल.
कम्म्-हजामत करवी.
कम्म-न-कर्म.
कम्मक्खय-पुं-कर्मनो क्षय.
कम्मव्-उपभोग करवो.
कम्मस-न-पाप.
कयण्णु-पुं-कृतज्ञ.
कयपाव-वि-कर्युं छे पाप जेणे.
कया-अ-क्यारे.
कर्-करवुं.
कररुह-पुं-नख.
करिणी-स्त्री-हाथणी.
करिस्-खेंचवुं.
करीस-न-छाणुं.

करेणु-पुं-हाथी.
कलत्त-न-स्त्री.
कलस-पुं-घडो, कलश्यो.
कला-स्त्री-कळा.
कलाव-पुं-समूह.
कलि-पुं-क्लेश.
कल्लाण-न-कल्याण.
कवाल-न-कपाल.
कवि-पुं-कवि.
कव्व-न-काव्य.
कसण-वि-काळो.
कह्-कहेवुं.
कह-अ-केम.
कहं-अ-केम.
कहा-स्त्री-कथा.
कहि-अ-क्यां.
काइअ-वि-शरीर संबंधी.
काउसग्ग-पुं-कायोत्सर्ग.
कारण-न-कारण.
कास-वि-कृश.
कासव-पुं-एक ऋषिनुं नाम.
काहल-वीकण.
किंचि-अ-कांइपण.
किच्च-न-कृत्य.
किणो-अ-प्रश्नसूचक अव्यय.
कित्ति-स्त्री-कीर्ति.
किया-स्त्री-क्रिया.
किर-अ-निश्चय.
किरिआ-स्त्री-क्रिया.
किरिया-स्त्री-क्रिया.
किलिकिंच्-रमवुं.
किलिट्ठ-वि-क्लिष्ट.
किलीव-पुं-क्लीब, नपुंसक.
किस-वि-दुर्बळ.
किसरा-स्त्री-खीचडी.
किसाणु-पुं-अग्नि.
किसोरग-पुं-वच्चुं.
कीणास-पुं-जम.
कील्-रमवुं.
कुउहल-न-कुतूहल.
कुंडल-न-कुंडल.
कुंपल-न-कळी.
कुंभार-पुं-कुंभार.
कुक्कुड-पुं-कूकडो.
कुज्झ्-क्रोध करवो.
कुढार-पुं-कुठार.
कुण्-करवुं.
कुप्प्-क्रोध करवो.
कुमर-पुं-कुमार.
कुमरी-स्त्री-कुमारी.

कुलआभरण-न-कुळनुं आभूषण.
कुलिंगि-पुं-मिथ्यात्वी.
कुल्ला-स्त्री-धोरीयो.
कूव-पुं-कूवो.
केऊर-न-बाजूबंध.
केत्तिल-वि-केटलुं.
केरिच्छ-वि-केवुं.
केल-न-केळुं.
केलास-पुं-कैलास पर्वत.
केलि-स्त्री-क्रीडा.
केवलि-पुं-सर्वज्ञ.
केस-पुं-वाळ.
केसर-पुं-केशर.
केसरा-स्त्री-केसरा (सिंहनो गुच्छो)
कोआस्-विकसवुं.
कोउहल्ल-न-कुतूहल.
कोऊहल-न-कुतूहल.
कोंच-पुं-क्रौंच पक्षी.
कोंढ-वि-कुंठ, लंगडो.
कोंत-पुं-भालो.
कोकृक्-बोलवुं.
कोट्टवाल-पुं-कोटवाल.
कोडिअ-न-कोडियुं.
कोसंबी-स्त्री-कौशाम्बी नगरी.
कोह-पुं-क्रोध.

—×—

ख

खइर-न-खेरनुं लाकडुं.
खंड्-तोडवुं.
खग-पुं-पक्षी.
खग्ग-पुं-तरवार.
खन्ति-स्त्री-क्षमा.
खम्-खमवुं.
खमासमण-पुं-साधु.
खल-पुं-लुच्चो.
खलपु-वि-खळुं साफ करनार.
खलिअसील-वि-स्खलितशील.
खल्लिड-पुं-टालवाळो.
खा-खावुं.
खाणु-न-खीलो.
खार-पुं-क्षार.
खासिअ-न-उधरस.
खित्त-न-खेतर, शरीर.
खिप्पं-अ-जलदी.
खिर्-खरवुं, झरवुं.
खिव्-फेंकवुं.
खीर-न-दूध.
खुडिअ-वि-खंडित.
खुब्भ्-खळभळवुं.
खुहा-(आर्ष) स्त्री-भूख.
खेड्ड्-रमवुं.

—×—

ग

गउरव-न-गौरव.

गंगा-स्त्री-गंगा.

गंती-स्त्री-शकट, गाडुं.

गच्छ्-जवुं.

गज्ज्-गाजवुं.

गण्ठ्-गूंथवुं.

गड्डा-स्त्री-खाडो.

गद्दह-पुं-गधेडो.

गब्भ-पुं-गर्भ.

गम्-जवुं.

गमण-न-जवुं.

गय-वि-(भू-क्त) गयेलुं.

गयण-न-आकाश.

गयदसण-वि-दांतवगरनो.

गरल-न-विष.

गरिह्-निंदवुं.

गरिहा-स्त्री-निंदा.

गरुवी-स्त्री-मोटी.

गलोई-स्त्री-गलो.

गवक्ख-पुं-गोखलो.

गहवइ-पुं-गृहपति.

गा-गावुं.

गामणि-वि-गामनो नायक.

गारव-न-मोटाइ.

गाव-पुं-पत्थर.

गावाण-पुं-पत्थर.

गिज्झ्-ललचावुं.

गिम्ह-पुं-ग्रीष्म ऋतु

गिरा-स्त्री-वाणी.

गीअ-न-गीत.

गुंछ-पुं-गुच्छो.

गुंज्-हसवुं.

गुज्झ-न-गुह्य.

गुम्म्-मूंझावुं.

गुरु-वि-भारे, मोटुं.

गुलल्-सारुं करवुं.

गेंदुअ-पुं-दडो.

गेज्झ-न-ग्राह्य.

गेण्ह्-ग्रहण करवुं.

गोउल-न-गोकुल.

गोखीर-न-गायनुं दूध.

गोवा-पुं-गोवाल.

गोवाल-पुं-गोवाल.

—×—

घ

घंटिआ-स्त्री-झालर.

घट्ठ-वि-घसेलुं.

घड्-घडवुं.

घड-पुं-घडो.

घय-न-घी.

घर-न-घर.

घरिणी-स्त्री-स्त्री.

घुम्म्-कंपवुं.

घुसल्-मथवुं.

घुसिण-न-चंदन.

घोट्ट्-पीवुं.

घोडअ-(य) पुं-घोडो.

घोर-वि-भयंकर.

घोस्-गोखवुं.

—×—

च

च-अ-अने.

च्च-अ-निश्चय.

चइत्त-पुं-चैत्रमास.

चउ-वि-चार.

चउत्थ-वि-चोथुं.

चउद्दह-वि-चौद.

चउवीस-वि-चोवीस.

चंचु-पुं-चांच.

चंडाल-पुं-चंडाल.

चंद-पुं-चंद्र.

चक्क-न-चक्र, पैडुं.

चक्कवट्टि-पुं-चक्रवर्ती.

चक्खिअ-वि-चाखेलुं.

चच्चर-न-चोक.

चड्-चडवुं

चन्दिमा-स्त्री-चंद्रिका.

चम्म-न-चामडुं.

चय्-छोडवुं.

चरण-पुं-पग.

चरण-न-चारित्र.

चल्-चालवुं.

चलन-पुं-पग.

चल्ल्-चालवुं.

चव्-चववुं.

चविडा-स्त्री-लपोट.

चाइ-पुं-त्यागी.

चाउरन्त-न-चारगतिनुं नाशक.

चारण-पुं-चारण, भाट.

चाव-पुं-धनुष.

चिइच्छ्-रोगनो प्रतीकार करवो.

चिण्-एकठुं करवुं.

चिन्ध-न-चिह्न.

चिरं-अ-लांबो वखत.

चिलाय-पुं-भिल्ल.

चुण्-एकठुं करवुं.

चुम्ब्-चुंबवुं.

चुलुचुल्-फरकवुं.

चेइअ-न-चैत्य, मंदिर.

चेल-न-वस्त्र.
चोप्पड्-चोपडवुं.
चोर्-चोरवुं.

—×—

छ

छ-वि-छ.
छउम-न-कपट.
छंद्-पुं-छंद.
छज्ज्-शोभवुं, छाजवुं.
छण-पुं-उत्सव.
छत्त-न-छत्र.
छप्पय-पुं-भमरो.
छम्मुह-पुं-यक्षनुं नाम.
छय-वि-तूटेल.
छल्ली-स्त्री-छाल.
छार-वि-खार.
छाल-पुं-बकरो.
छाली-स्त्री-बकरी.
छाव-पुं-बाळक.
छाही-स्त्री-छाया.
छिंद-कापवुं, छेदवुं.
छिअ-न-छींक.
छिहा-स्त्री-स्पृहा.
छीर-न-दूध.
छुंद्-आक्रमण करवुं.
छुर-पुं-अस्तरो, छरो.
छुव्-स्पर्श करवो.
छुहा-स्त्री-भूख.
छुहा-स्त्री-अमृत, सुधा.

—×—

ज

ज-वि-जे.
जअड्-उतावळ करवी.
जइ-पुं-साधु.
जउ-न-लाख.
जंत-न-यंत्र.
जंतु-पुं-जीव.
जंबूदीव-पुं-जम्बूद्वीप.
जँउणा-स्त्री-यमुना नदी.
जक्ख-पुं-यक्ष.
जग-न-जगत्.
जग्ग्-जागवुं.
जडिअ-वि-संबद्ध.
जडिल-वि-जटावाळो.
जढ-वि-(भू-कृ) छोडेल.
जढर-न-पेट.
जणय-पुं-पिता.
जत्त-पुं-यत्न.
जम-पुं-यम.
जम्म्-जन्मवुं.

जयउर-न-नगरनुं नाम, जयपुर.
जयणा-पुं-यतना.
जर्-जीर्ण थवुं.
जरा-स्त्री-घडपण.
जल-न-पाणी.
जलण-पुं-अग्नि.
जलहर-पुं-वरसाद.
जलहि-पुं-समुद्र.
जव-पुं-यव.
जस-पुं-यश.
जह-अ-जेम.
जहण-न-साथळ.
जहा-अ-जेम.
जहि-अ-ज्यां.
जहिट्ठिल-पुं-युधिष्ठिर.
जहुट्ठिल-पुं-युधिष्ठिर.
जा-जवुं.
जा-पेदा थवुं.
जाण्-जाणवुं.
जाणु-न-साथळ.
जामाअर-पुं-जमाइ.
जामाआ-पुं-जमाइ.
जामाउ-पुं-जमाइ.
जामाउअ-पुं-जमाइ.
जावय-पुं-जीतावनार.
जारिच्छ-वि-जेवो.
जिट्ठ-वि-मोटुं.
जिण्-जीतवुं.
जिण-पुं-जिन.
जिणंद-पुं-जिनेन्द्र.
जिणवरवसह-पुं-जिनोमां उत्तम.
जिणहर-न-जिनमन्दिर.
जिण्ण-वि-जीर्ण.
जिण्हु-पुं-जीतनार.
जिब्भा-स्त्री-जिह्वा.
जिव्-जीववुं.
जीआ-स्त्री-दोरी.
जीव्-जीववुं.
जीव-पुं-जीव.
जीवाउ-न-जीवनौषध.
जीविअ-न-जीवित.
जीह्-लाजवुं.
जीहा-स्त्री-जिह्वा.
जुन्झ्-लडवुं.
जुट्ठ-वि-सेवित.
जुव-पुं-युवान.
जुवइ-स्त्री-युवति.
जुवाण-पुं-युवान.
जूअ-न-द्यूत.
जूर्-जूरवुं.

जूह-न-यूथ, जथ्थो.

जेत्तिल-वि-जेटलुं.

जेम्-जमवुं.

जोअण-न-योजन, चार गाउ.

जोइसवासि-ज्योतिष्कदेव. ( सूर्यादि )

जोगि-योगी.

जोव्वण-न-यौवन.

ज्झोसिअ-वि-(भू-क्त) फेंकेल.

—×—

झ

झंख्-नीसासो नांखवो.

झर्-टपकवुं.

झवेर-पुं-विशेषनाम.

झा-ध्यान करवुं.

झि-क्षीण थवुं.

झुणि-पुं-ध्वनि, शब्द.

—×—

ठ

ठंभ-पुं-स्तम्भ.

ठड्ढ-वि-(भू-क्त) स्तब्ध.

ठा-रहेवुं.

ठाण-न-स्थान, ठेकाणुं.

—×—

ड

डंड-पुं-दंड, लाकडी.

डंभ-पुं-कपट.

डक्क-वि-(भू-क्त) डसेल.

डर्-बीवुं, भय पामवो.

डस्-डसवुं.

डसण-पुं-दांत.

डह्-बळवुं.

डाह-पुं-दाह, बळवुं.

डिंभ-पुं-बालक.

डोंब-पुं-चांडाल.

डोला-स्त्री-हिंडोळो.

डोहल-पुं-दोहद, मनोरथ.

—×—

ढ

ढंढोल्-गवेषणा करवी.

ढंस्-वर्तवुं.

ढक्क्-ढांकवुं.

ढुंढुल्ल्-गोतवुं.

—×—

ण

णमो-अ-नमस्कार करवो.

णर-पुं-पुरुष.

णवर-अ-केवल.

णाण-न-ज्ञान.

णि+गच्छ्-निकळवुं.

णिल्लस्-उलसवुं.

णिव्वड्-जुदुं थवुं.
णिव्वर्-दुःख कहेवुं.
णिवह्-नाश थवो.
णिव्वा-थाक खावो.
णीरव्-खावाने इच्छवुं.
णीलुञ्छ्-नीचे पडवुं.
णीहर्-नीकळवुं.
णु+मज्ज्-बेसवुं.
णे-लइ जवुं.
ण्हा-स्नान करवुं.
ण्हाण-न-स्नान.
ण्हाविअ-पुं-हजाम.

—×—

त

त-वि-ते.
तइअ-वि-त्रीजुं.
तंतुवाय-पुं-वणकर.
तंब-न-तांबुं.
तंबोल-न-नागरवेलनुं पान.
तंस-वि-वांकुं, तांसु.
तक्ख-पुं-बळद.
तक्खाण-पुं-बळद.
तच्छ्-पातळुं करवुं.
तड-पुं-तट.
तडिआ-स्त्री-विजळी.
तण-न-घास.
तणया-स्त्री-छोडी.
तणु-स्त्री-शरीर.
तत्त-न-तत्त्व.
तत्त-न-तप्त.
तत्थ-अ-त्यां.
तत्तिल-वि-तेटलुं.
तप्प-पुं-पथारी.
तया-अ-त्यारे.
तर्-तरवुं.
तर्-शकवुं.
तरंगिणी-स्त्री-नदी.
तरणि-पुं-सूर्य.
तरु-पुं-झाड.
तरुण-पुं-युवान.
तल-न-तळीयुं.
तव्-तपवुं.
तव-न-तप.
तवणिज्ज-न-सोनुं.
तविअ-वि-तपेलुं, गरम थयेलुं.
तस्-बीवुं.
तस-पुं-त्रसजीव.
तह-अ-तेम.
तहा-अ-तेम.
तहि-अ-त्यां.

ताड्-मारवुं.
ति-अ-ए प्रमाणे.
ति-वि-त्रण.
तिअस-पुं-देव.
तिअसगणवइ-पुं-इंद्र.
तिक्ख-वि-तीखुं.
तितउ-पुं-चालणी.
तित्तिर-पुं-तेतर.
तित्थ-न-तीर्थ.
तिमिर-न-अंधकार.
तिसला-स्त्री-श्रीवीरनी माता.
तिसा-स्त्री-तृषा.
तिहुअण-पुं-त्रिभुवन, विशेपनाम.
तुम्ह-त्रि-तमे.
तुम्हारिच्छ-वि-तमारा जेवुं.
तुम्हेच्चय-वि-तमारुं.
तुरंगम-पुं-घोडो.
तुलसी-स्त्री-तुळसी.
तुसखंडण-न-फोफां खांडवा.
तुसार-पुं-बरफ.
तूर-न-वाजुं.
तूस-वि-तुष्ट थवुं.
तूह-न-तीर्थ.
तेअ-न-तेज.
तेअव्-दीपवुं.
तेरह-वि-तेर, सख्या.
तोड्-तोडवुं.
तोणीर-न-भाथुं.
तोण्ड-मुख.
तोल्-तोळवुं.

—×—

## थ

थंभ-पुं-थांभलो.
थक्क्-नीचे जवुं.
थण-पुं-स्तन.
थरहरिअ-वि-कम्पेलुं.
थव-पुं-स्तव, स्तवन.
थाणुं-पुं-महादेव.
थाम-न-बल.
थावर-पुं-स्थावर.
थिप्प-तृप्त थवुं.
थी-स्त्री-स्त्री.
थीण-वि-थीणुं.
थुइ-स्त्री-स्तुति.
थुण्-स्तुति करवी.
थुल्ल-वि-स्थूल.
थुवअ-पुं-स्तुति करनार.
थू-अ-निंदावाचक.
थूण-पुं-चोर.
थेण-पुं-चोर.

थेर-वि-स्थविर, वृद्ध.
थोर-वि-जाडुं.

—×—

द

दइअव-न-दैवत.
दइच्च-पुं-दैत्य.
दइन्न-न-गरीबपणुं.
दइवज्ज-वि-दैवज्ञ.
दंड-पुं-दंड, लाकडी.
दंत-पुं-दंत.
दंभ-पुं-कपट.
दंसण-न-दर्शन.
दक्खिण-पुं-डाह्यो.
दच्छ-वि-डाह्यो.
दढव्वय-वि-दृढ छे व्रत जेनुं.
दया-स्त्री-दया.
दयालु-पुं-दयालु.
दरिअ-वि-मत्त.
दवग्गि-पुं-अग्नि.
दसण-पुं-दांत.
दसमुह-पुं-रावण.
दसरह-पुं-दशरथ.
दह-वि-दश.
दह-पुं-कुंड.
दहमुह-पुं-रावण.
दा-देवुं.
दाउ-पुं-देनार.
दाढा-स्त्री-दाढ.
दाण-न-दान.
दाणव-पुं-दैत्य.
दायय-वि-देनार.
दाया-पुं-देनार.
दायार-पुं-देनार.
दार-पुं-स्त्री.
दारिद्द-न-आळस.
दारु-न-लाकडुं.
दास-पुं-नोकर.
दासत्तण-न-दासपणुं.
दाह-पुं-दाह, बळवुं.
दाहिण-पुं-डाह्यो.
दिअर-पुं-देवर.
दिअह-पुं-दिवस.
दिआ-अ-दिवस.
दिक्खा-स्त्री-दीक्षा.
दिट्ठिआ-अ-हर्षसूचक.
दिण-पुं-दिवस.
दिणमणि-पुं-सूर्य.
दिण्ण-वि-[भू-कृ] दत्त, आपेलुं.
दित्त-वि-[भू-कृ]दीप्त.
दित्ति-स्त्री-दीप्ति.
दिवस-पुं-दिवस.

दिवह-पुं-दिवस.
दिवायर-पुं-सूर्य.
दिहि-स्त्री-धृति, धैर्य.
दीण-वि-क्षीण.
दीव-पुं-बेट.
दीह-वि-लांबुं.
दीहर-वि-लांबुं.
दुं-वि-बे.
दुअल्ल-न-वस्त्र.
दुआइ-पुं-ब्राह्मण.
दुइअ-वि-बीजो.
दुऊल-न-वस्त्र.
दुंदुहि-पुं-दुंदुभि, दिव्य वाजुं.
दुक्कड-न-पाप, दुष्कृत.
दुक्ख-न-दुःख.
दुक्खक्खय-पुं-दुःखनो क्षय.
दुगुल्ल-न-वस्त्र.
दुगुंछ्-घृणा करवी.
दुट्ठ-वि-दुष्ट.
दुम-पुं-झाड.
दुरायार-पुं-दुराचार.
दुरिअ-न-पाप.
दुवार-न-बारणुं.
दुवालसंग-न-द्वादशांग.
दुस्सउण-न-अपशुकन.
दुह्-दोवुं.
दुह-न-दुःख.
दुहाव्-दुभाववुं.
दुहिअ-वि-दुःखित.
दुहिआ-स्त्री-दीकरी.
देक्ख्-देखवुं.
देव-पुं-देव.
देवत्तण-न-देवपणुं.
देवसिअ-वि-दिवस संबंधी.
दोगच्च-न-दुर्गतिपणुं.
दोवयण-न-द्विवचन.
दोहल-पुं-मनोरथ.
द्रह-पुं-कुंड.

—×—

## ध

धअ-पुं-ध्वज.
धंत-न-ध्वांत, अंधकार.
धण-न-धन, पैसो.
धणवइ-पुं-धनपति, शेठ.
धणु-न-धनुष्य.
धणुह-न-धनुष्य.
धन्न-न-धान्य.
धम्म-पुं-धर्म.
धम्मसारहि-पुं-धर्मसारथि.
धर्-धारण करवुं.
धरणिधरवइ-पुं-चक्रवर्ती, मेरु.

धरा-स्त्री-पृथ्वी.
धा-दोडवुं.
धाइ-स्त्री-धात्री.
धाराहय-वि-धाराथी हणायेल.
धिट्ठ-वि-धृष्ट.
धीर-वि-धीरजवान.
धुण्-कंपवुं, धुणवुं.
धुरा-स्त्री-धोसरी.
धूलि-स्त्री-धूळ.
धेणु-स्त्री-गाय.

—×—

## न

न-अ-निषेध, नहि.
नई-स्त्री-नदी.
नंदण-पुं-दीकरो.
नच्च्-नाचवुं.
नट्ट्-नाचवुं.
नडी-स्त्री-नटी, सूत्रधारनी स्त्री.
नणंदा-स्त्री-नणंद.
नमुक्कार-पुं-नमस्कार.
नमो-अ-नमस्कार.
नमोक्कार-पुं-नमस्कार.
नय-पुं-नग, पर्वत.
नयण-पुं-आंख.
नयर-न-नगर, शहेर.
नयरी-स्त्री-नगरी.
नर-पुं-पुरुष.
नरय-पुं-नरक.
नरवइ-पुं-राजा.
नरिंद-पुं-राजा.
नलिणी-स्त्री-कमलिनी.
नव्-नमवुं.
नव-वि-नव.
नवणीअ-न-माखण.
नवरि-अ-किन्तु.
नव्वल्ल-वि-नवुं.
नस्स्-नाश थवो.
नह-पुं-नख.
नह-न-आकाश.
नाअ-पुं-न्याय.
नाडय-न-नाटक.
नाण-न-ज्ञान.
नातपुत्त-पुं-महावीरदेव.
नाम-न-नाम.
नायव्व-वि-जाणवा योग्य.
नारइअ-पुं-नारकीनो जीव.
नारी-स्त्री-स्त्री.
नावा-स्त्री-नाव.
नाह-पुं-नाथ.
निअ-जोवुं.

निआणबंधण-न-निआणुं बांधवुं.
निंद्-निंदवुं.
निंब-पुं-लींबडो.
निग्गह-पुं-निग्रह.
निच्चं-अ-हमेशां.
निच्चल-पुं-निश्चल.
निच्छूढ-वि-फेंकेल.
नि+ज्झा-जोवुं.
निण्ण-वि-नीचुं.
निण्णय-पुं-निर्णय
निण्णया-स्त्री-नदी.
निद्दलिअ-वि-खंडित.
नि+द्दा-निद्रा करवी.
निद्दा-स्त्री-निद्रा.
नि+प्पज्-निपजवुं.
निप्पिह-वि-निस्पृह.
निप्फाव-पुं-वाल.
निमित्तमित्त-वि-निमित्तमात्र.
नि+मिल्ल्-मींचावुं.
निम्मव्-करवुं.
निम्मिअ-वि-करेलुं.
निरप्प्-उभा रहेवुं.
निरुवम-वि-अनुपम.
निव-पुं-राजा.
निवइ-पुं-राजा.
नि+वट्ट्-निवर्तवुं.
नि+वड्-पडवुं.
नि+व्वल्-निपजवुं.
निल्लंछण-न-निर्लांछन.
निसंस-पुं-क्रूर.
निसा-स्त्री-रात.
निसिअ-वि-तीक्ष्ण.
निसिअर-पुं-चंद्र.
निसुद्ध-वि-नीचे पाडेल.
नि+हर्-झाडे फरवुं.
निहाण-न-भंडार.
निहि-पुं-समुद्र.
निहस-पुं-कसोटी.
नीसास-पुं-निश्वास.
नेअ-वि-ज्ञेय.
नेउर-न-झांझर.
नेड-पुं-मालो.
नेम-वि-अडधुं.
नेरइअ-पुं-नारकीनो जीव.
नेवत्थ-न-नेपथ्य.
नेह-पुं-स्नेह.

—×—

## प

प+आव्-पामवुं.
पइ-पुं-स्वामी.

प+इक्ख्-जोवुं.
पइट्ठा-स्त्री-प्रतिष्ठा.
पइण्णा-स्त्री-प्रतिज्ञा.
पईव-पुं-दीवो.
पउत्ति-स्त्री-प्रवृत्ति.
पउम-न-कमळ.
पउर-वि-नगर संबंधि.
पउर-वि-घणुं.
पउरिस-न-पुरुषार्थ.
पउल्-रांधवुं.
पंक-पुं-कीचड.
पंग-ग्रहण करवुं.
पंगुल-वि-पांगळो.
पंच-वि-पांच.
पंचमी-स्त्री-पांचमी.
पंडव-पुं-पांडव.
पंडित्त-न-पांडित्य.
पंति-स्त्री-श्रेणी.
पंथ-पुं-रस्तो.
पक्क-वि-पाकेल.
पक्ख-पुं-पक्ष.
पच्चय-पुं-विश्वास.
पच्चार्-ठपको देवो.
पच्छा-अ-पाछळ.
पट्टण-न-नगर.
पड्-पडवुं.
पड-पुं-पट, वस्त्र.
पडंसुआ-स्त्री-पडघो.
पडह-पुं-पटह, ढोल.
पडाया-स्त्री-धजा.
पडि+कम्-पाछुं हटवुं.
पडिक्ख्-वाटजोवी.
पडिबिंब-पुं-मूर्ति.
पडिमा-स्त्री-प्रतिमा.
पडिवआ-स्त्री-पडवो.
पडिसा-शांत थवुं.
पडि+हा प्रतिभान थवुं.
पढम-वि-पहेलुं.
पण्ण-पुं-डाह्यो.
पण्ण-न-पांदडुं.
पण्णरह-वि-पंदर.
पण्ह-पुं-प्रश्न.
पण्हा-स्त्री-प्रश्न.
पणाम-पुं-नमस्कार.
पणिहाण-न-ध्यान.
पत्तल-न-पतरावल.
पत्तेयं-अ-प्रत्येक.
पत्थ्-प्रार्थवुं.
प+दा-देवुं.
पन्नत्त-वि-प्रज्ञप्त.

पम्ह-न-पांपण.
पम्हुट्ठ-वि-नाशेल.
प+मज्ज्-साफ करवुं.
पमया-स्त्री-स्त्री.
पमाय-पुं-प्रमाद.
पयर-पुं-समूह.
पयल्ल्-शिथिल थवुं.
पया-स्त्री-प्रजा.
पयावइ-पुं-ब्रह्मा.
प+यास्-प्रकाशवुं.
पर-वि-बीजुं.
परक्क-वि-पारकुं.
परत्थकरण-न-परोपकार.
परयण-पुं-परजन.
पराभव-पुं-पराजय.
परामरिस-पुं-विचार.
परि+अट्-भमवुं.
परिक्ख्-पारखवुं.
परि+गेण्ह्-परिग्रह करवो.
परिट्ठा-स्त्री-प्रतिष्ठा.
परि+णे-परणवुं.
परिवस्-रहेवुं.
परिवार-पुं-परिवार.
परिसह-पुं-परिषह.
परिसाम्-शांत करवुं.
परी-फेंकवुं.
परोवयार-पुं-परोपकार.
पलक्ख-पुं-पीपळो.
पलालपूल-पुं-घासनो पूळो.
प+लीव्-दीपवुं.
पलोअन्त-वि-जोतो.
पल्लाण-न-पलाण.
पल्लोट्ट-वि-फेंकेल.
पलोट्ट्-पाछा आववुं.
पल्हत्थ-वि-फेंकेल.
पवण-पुं-पवन.
पवासु-पुं-मुसाफर.
पवाह-पुं-प्रवाह.
प+विस्-प्रवेशवुं, पेसवुं.
पवेस-पुं-प्रवेश करवो.
प+संस्-प्रसंशवुं.
पसंसा-स्त्री-प्रशंसा.
प+सर-फेलावुं.
पसर-पुं-फेलाव.
पह-पुं-मार्ग.
प+हर्-मारवुं.
पहा-स्त्री-कांति.
पहिअ-पुं-वटेमार्गु.
पहुअत्तण-न-सामर्थ्य.
पहुप्प्-समर्थ थवुं.

पाइक्क-पुं-पाळो.
पाउस-पुं-वर्षा ऋतु.
पाडिएक्कं-अ-प्रत्येक.
पाडिक्कं-अ-प्रत्येक.
पाडिवआ-स्त्री-पडवो.
पाडिवया-स्त्री-पडवो.
पाणाइवाय-पुं-हिंसा.
पाणि-पुं-हाथ.
पाणिअ-न-पाणी.
पाणिवह-पुं-हिंसा.
पाय-पुं-पग.
पायच्छित्त-न-प्रायश्चित्त.
पायार-पुं-किल्लो.
पार-पुं-किल्लो.
पारक्क-वि-पारकुं.
पारितोसिअ-न-इनाम.
पारेवअ-पुं-पारेवुं.
पाल्-रक्षण करवुं.
पाव-न-पाप.
पावपबंध-पुं-पापनी रचना.
पावासु-पुं-मुसाफर.
पास्-देखवुं.
पास-न-पडखुं.
पास-पुं-पासो.
पाहाण-पुं-पाषाण.
पाहिज्ज-न-भातुं.
पिअर-पुं-पिता.
पिआ-पुं-पिता.
पिउ-पुं-पिता.
पिउसिआ-स्त्री-फइ.
पिक्क-वि-पाकेल.
पिज्ज्-पीवुं.
पिधं-अ-जूदुं.
पिलोस-पुं-बलवुं.
पिव-अ-पेठे.
पिवासा-स्त्री-पीवानी इच्छा.
पिसल्ल-पुं-पिशाच.
पिहं-अ-जूदुं.
पिहुल-वि-पहोळुं.
पीअल-न-पीतल.
पीइ-स्त्री-प्रीति.
पीड्-पीडवुं.
पीलु-पुं-पीलु.
पुंछ-न-पूछडुं.
पुच्छ्-पूछवुं.
पुच्छ-न-पूछडुं.
पुञ्छ्-साफ करवुं.
पुट्ठ-वि-पुष्ट.
पुढवि-स्त्री-जमीन.
पुण्-पवित्र करवुं.

पुण-अ-फरीने.

पुण्ण-न-पुण्य.

पुत्तलिआ-स्त्री-पुतळी.

पुत्त-पुं-पुत्र.

पुत्थय-न-पुस्तक.

पुधं-अ-जूदुं.

पुप्फ-न-पुष्प, फूल.

पुप्फिआ-स्त्री-फइ.

पुर-न-नगर.

पुरा-अ-पहेलां.

पुरिम-वि-पूर्व.

पुरिस-पुं-पुरुष.

पुलोमी-स्त्री-इंद्राणी.

पुव्व-वि-पूर्व.

पुव्वुपण्ण-वि-पूर्वे थयेलुं.

पूअण-न-पूजा.

पूर्-पूरवुं.

पूस्-पुष्ट थवुं.

पूस-पुं-सूर्य.

पूसाण-पुं-सूर्य.

पेज्ज-वि-पीवा योग्य.

पोक्खर-न-तलाव.

पोग्गल-न-पुद्गल.

पोग्गलक्खेव-पुं-कांकरानुं फेंकवुं.

पोत्थय-न-पुस्तक.

पोप्फल-न-सोपारी.

—×—

फ

फंस्-अडकवुं.

फग्गुण-पुं-फाल्गुन, फागण मास.

फणस-पुं-फणस.

फरिस्-स्पर्श करवो.

फल्-फळवुं.

फल-न-फळ.

फलविवाअ-पुं-परिणाम.

फलिह-पुं-स्फटिक.

फास्-स्पर्श करवो.

फुट्ट्-स्फुट थवुं.

फुड-वि-स्फुट.

—×—

व

वइल्ल-पुं-वळद.

वंध्-बांधवुं.

वंधु-पुं-भाइ.

वंभव्वय-न-ब्रह्मचर्य.

वज्झ-वि-बाह्य.

बप्पीह-पुं-चातक.

बम्ह-पुं-ब्रह्मा.

बम्हचेर-न-ब्रह्मचर्य.

बम्हण-पुं-ब्राह्मण.

बम्हाण-पुं-ब्रह्मा.
बरिह-न-पीछुं.
बल-न-लश्कर.
बहिणी-स्त्री-बहेन.
बहिर-पुं-बहेरो.
बहेडअ-न-बहेडुं.
बाण-पुं-बाण.
बार-न-द्वार.
बारसविह-वि-बारजातनो.
बारह-वि-बार.
बाला-स्त्री-बालकी.
बाहा-स्त्री-हाथ.
बाहिरं-अ-बहार.
बाहु-पुं-हाथ.
बाहुबलि-पुं-विशेषनाम.
बिउण-वि-बमणुं.
बिन्दु-पुं-बिन्दु.
बिराली-स्त्री-बिलाडी.
बिहस्सइ-पुं-बृहस्पति.
बीअ-वि-बीजुं.
बीह्-बीवुं.
बुज्झ्-जाणवुं.
बुड्ड्-डूबवुं.
बुद्ध-पुं-बुद्धदेव.
बुह-पुं-पंडित.
बुहप्फइ-पुं-बृहस्पति.
बोज्ज्-डरवुं.
बोर-न-बोर.
बोरी-स्त्री-बोरडी.
बोल्ल्-बोलवुं.
बोलीण-वि-गयेलुं.
बोह-पुं-ज्ञान.
बोहि-न-सम्यक्त्व.

—×—

भ

भइरव-पुं-भैरव.
भक्ख्-भक्षण करवुं.
भग-पुं-ज्ञान.
भगवई-स्त्री-भगवती.
भगवंत-पुं-परमात्मा.
भज्जा-स्त्री-भार्या.
भज्ज्-भांगवुं.
भत्त-पुं-ओदन.
भत्ता-पुं-स्वामी.
भत्तार-पुं-स्वामी.
भत्तु-पुं-स्वामी.
भम्-भमवुं.
भमड्-भमवुं.
भमाड्-भमाडवुं.
भय-न-भय, बीक.

मरहेसर-पुं-भरतेश्वर चक्रवर्ती.
भव-पुं-संसार.
भवनिव्वेअ-पुं-भवथी वैराग्य.
भवसायर-पुं-भवसमुद्र.
भविअ-वि-सुंदर.
भा-दीपवुं.
भाअ-पुं-भाग.
भाउ-पुं-भाइ.
भागि-वि-भागवाळो.
भाण-न-भाणुं, भाजन.
भाणु-पुं-सूर्य.
भाणु-पुं-किरण.
भामिणी-स्त्री-स्त्री.
भायर-पुं-भाइ.
भाया-पुं-भाइ.
भार-पुं-भार.
भारवह-पुं-मजूर.
भारह-न-भरतखंड.
भासण-न-भाषण.
भिउडी-स्त्री-भ्रकुटी.
भिद्-भेदवुं.
भिच्च-पुं-नोकर.
भिस्-शोभवुं.
भीरु-वि-बीकण.
भुअगवइ-पुं-शेषनाग.
भुइ-स्त्री-नोकरी.
भुक्क्-भसवुं.
भुवण-न-जगत्.
भूअ-वि-थयेलुं.
भूमि-स्त्री-पृथ्वी.
भूसण-न-घरेणुं.
भोअण-न-भोजन.

—×—

म

मइ-स्त्री-बुद्धि.
मउ-वि-नरम.
मउण-न-मौन.
मउलि-पुं-मुकुट.
मऊह-पुं-किरण.
मंगल-न-मंगल.
मंगलविजय-पुं-विशेषनाम.
मंजर-पुं-बिलाडो.
मंडुक्क-पुं-देडको.
मंतु-पुं-अपराध.
मंथण-पुं-रवैयो.
मंस-न-मांस.
मंसल-वि-पुष्ट.
मग्ग-पुं-मार्ग.
मग्गण-पुं-मागण, बाण.
मग्गसिर-पुं-मागशर मास.

मच्च्-उन्माद करवो.
मच्चु-पुं-मृत्यु.
मच्छ-पुं-माछलुं.
मच्छर-पुं-मच्छर.
मच्छिआ-स्त्री-माखी.
मज्ज्-साफ करवुं.
मजाया-स्त्री-मर्यादा.
मज्झ-वि-मध्य.
मज्झन्न-न-मध्याह्न.
मज्झिम-वि-मध्यम.
मणंसि-पुं-मनस्वी.
मणंसिणी-स्त्री-मनस्विनी.
मण्-मानवुं.
मण-न-मन.
मणहर-वि-सारुं.
मणि-पुं-मणि.
मणिलाल-पुं-विशेष नाम.
मणुअ-पुं-माणस.
मणूस-पुं-माणस.
मणोज्ज-वि-सुंदर.
मत्तंड-पुं-सूर्य.
मत्थय-न-माथुं.
मत्थु-न-साथवो.
मन्तु-पुं-क्रोध.
मम्म-न-मर्म.
मय-पुं-मृग.
मय-वि-मरेलुं.
मयमंडण-न-मुडदाने घरेणुं.
मयरंद-पुं-मकरंद.
मयारि-पुं-सिंह.
मयिंदविजय-पुं-विशेष नाम.
मरगय-न-मरकतमणि.
मरिस्-सहवुं.
मरुदेवा-स्त्री-पहेला जिननी माता.
मल्-मर्दन करवुं.
मसाण-न-मसाण.
महमह्-गंधनुं फेलावुं.
महायस-वि-मोटा यशवाळुं.
महाविज्जा-स्त्री-मोटी विद्या.
महिलायण-पुं-स्त्रीलोक.
महिवाल-पुं-राजा.
महिस-पुं-पाडो.
महीरुह-पुं-झाड.
महु-न-मद्य, मध.
माअरा-स्त्री-देवी.
माआ-स्त्री-देवी.
माआ-स्त्री-माता.
माइं-अ-निषेध सूचक.
माउ-स्त्री-माता.
माउ-स्त्री-देवी.

मारुक्क-न-कोमळता.
माउसिआ-स्त्री-माशी.
माण-पुं-अहंकार.
माणस-न-मन.
मामी-स्त्री-मामी.
मायंद-पुं-आंबो.
माया-स्त्री-कपट.
माला-स्त्री-माळा.
मास-पुं-महीनो.
मास-न-मांस.
माह-पुं-माघ मास.
मिच्छा-अ-खोटुं.
मित्त-न-मित्र.
मित्ती-स्त्री-मैत्री.
मिला-करमावुं.
मिलिच्छ-पुं-म्लेच्छ.
मुइंग-पुं-मृदंग.
मुक्क-वि-मुक्त.
मुक्ख-पुं-मोक्ष.
मुक्ख-पुं-मूर्ख.
मुज्झ्-मूंझावुं.
मुणाल-पुं-कमलना नाळनो तंतु.
मुणि-पुं-मुनि.
मुणिवइ-पुं-मुनिराज.
मुत्त-वि-मुक्त.
मुत्ताहल-न-मुक्ताफल.
मुद्ध-न-माथुं.
मुद्धाण-न-माथुं.
मुर्-हासथी विकसवुं.
मुरुक्ख-पुं-मूर्ख.
मुसा-अ-जूठुं.
मुसावाय-पुं-जूठुं बोलवुं.
मुसुमुर्-छेदवुं.
मुह-न-मुख.
मूसअ-पुं-उंदर.
मूसा-अ-जूठुं,
मूसावाय-पुं-जूठुं बोलवुं.
मेइणी-स्त्री-पृथ्वी.
मेरा-स्त्री-मर्यादा.
मेल-पुं-मेळो.
मेल्ल्-मेळववुं.
मेलव्-मेळववुं.
मेह-पुं-वरसाद.
मेहुण-न-मैथुन.
मोंड-पुं-मुण्ड.
मोग्गर-पुं-मुद्गर.
मोत्था-स्त्री-मोथ.
मोर-पुं-मोर.
मोरउल्ला-अ-व्यर्थ.
मोल्ल-न-किंमत,

मोसा-अ-जूठुं.
मोसावाय-पुं-जूठुं बोलवुं.

—×—

र

रंध-न-काणुं.
रक्ख्-पाळवुं.
रक्खण-न-पाळवुं.
रज्ज-न-राज्य.
रज्जु-न-दोरी.
रत्ती-स्त्री-रात्री.
रम्प्-पातळुं करवुं.
रमण-पुं-पति.
रमणी-स्त्री-स्त्री.
रमा-स्त्री-स्त्री.
रम्म-वि-सुंदर.
रयण-न-रतन.
रयणी-स्त्री-रात्री.
रयय-न-रूपुं.
रवि-पुं-सूर्य.
रसच्चाय-पुं-रसत्याग.
रसिंद-पुं-पारो.
राइअ-वि-रात्रिसंबंधी.
राइक्क-वि-राजानुं.
राइव-न-कमळ.
राउल-न-राजकुल.

राणी-स्त्री-राणी.
राया-पुं-राजा.
रायाण-पुं-राजा.
राहु-पुं-राहु.
रिअ-प्रवेश करवो.
रिक्ख-न-नक्षत्र.
रिद्धि-स्त्री-धन.
रिवु-पुं-शत्रु.
रिसि-पुं-ऋपि.
रुइर-वि-सारुं.
रुंट्-रोवुं.
रुंभ्-रोकवुं.
रुक्ख-पुं-झाड.
रुण्ण-न-रुदन.
रुप्प-न-रूपुं.
रुप्पिणी-स्त्री-कृष्णनी स्त्री.
रुव्-रोवुं.
रूस्-रोप करवो.
रेह्-शोभवुं.
रोगिल्ल-वि-रोगवाळुं.

—×—

ल

लउड-न-लाकडी.
लक्ख्-जोवुं.
लक्ख-न-लाख (संख्या).

लग्ग्-लागवुं.
लच्छी-स्त्री-लक्ष्मी.
लज्ज्-लाजवुं.
लज्जा-स्त्री-लाज.
लह्-मेळववुं.
लहुअ-वि-नानुं.
लहुवी-स्त्री-नानी.
लाऊ-स्त्री-तुंबडी.
लांगूल-न-पूंछडुं.
लाह-पुं-लाभ.
लिम्प्-लेपवुं.
लिला-स्त्री-क्रीडा.
लिह्-लखवुं.
लिह्-चाटवुं.
लुअ-वि-कापेलुं.
लुग्ग-वि-रोगी.
लुण्-कापवुं.
लुह्-साफ करवुं.
ले-ग्रहण करवुं.
लेहा-स्त्री-रेखा.
लोअ-पुं-लोक.
लोअग्ग-न-मोक्ष.
लोअप्पिय-वि-लोकप्रिय.
लोट्ट्-सूवुं.
लोण-न-मीठुं.
लोह-पुं-लोभ.
लोहसिला-स्त्री-लोढानी शिला.
ल्हिक्क-वि-नासेलुं.

—×—

व

व-अ-अथवा.
वअ-न-व्रत.
वइक्कंत-वि-व्यतिक्रांत.
वइदब्भ-पुं-वैदर्भ.
वइर-न-वज्र.
वइर-न-वैर.
वइसाह-पुं-वैशाख.
वंक-वि-वांकु.
वंच्-ठगवुं.
वंचण-न-ठगवुं.
वंछा-स्त्री-इच्छा.
वंछिअ-न-इच्छेलुं.
वंजर-पुं-बिलाडो.
वंद्-वांदवुं.
वंदणिज्ज-वि-वंदनीय.
वंस-पुं-वंश.
वग्घ-पुं-व्याघ्र.
वग्गोल्-वागोळवुं.
वच्च्-जवुं.
वच्छ-पुं-वत्स.

वच्छ-न-छाती.
वज्ज्-वर्जवुं.
वज्ज-न-वज्र.
वट्ट्-वर्तवुं.
वट्टमाण-वि-वर्तमान.
वड-पुं-वड.
वडवड्-विलपवुं.
वड्ड्-वधवुं.
वण-न-वन.
वणस्सइ-पुं-झाड.
वण्ण-पुं-वर्ण.
वत्थ-न-वस्त्र.
वत्ता-स्त्री-वार्ता.
वद्धमाण-पुं-विशेषनाम.
वद्धाव्-वधाववुं.
वम्मिअ-न-राफडो.
वय्-बोलवुं.
वय-न-उमर.
वयंस-पुं-मित्र.
वयण-न-मुख.
वयण-न-वचन.
वरिस्-वरसवुं.
वलग्ग्-चडवुं.
वलहि-स्त्री-नगरीनुं नाम, (वळा)
वसंत-पुं-वसंत.
वस्-रहेवुं.
वसहि-स्त्री-घर.
वसुंधरा-स्त्री-पृथ्वी.
वसु-न-धन.
वह्-वहन करवुं.
वह-पुं-पीठ.
वहुत्त-वि-घणुं.
वहू-स्त्री-वहू.
वा-वावुं.
वा-अ-अथवा.
वाइअ-वि-वचनसंबंधी.
वाऊल-पुं-पवनसमूह.
वाणर-पुं-वानरो.
वाया-स्त्री-वाचा.
वारण-पुं-हाथी.
वारि-न-पाणी.
वावम्फ्-इच्छवुं.
वावर्-वापरवुं.
वावी-स्त्री-वाव.
वास-पुं-वास.
वासर-पुं-दिवस.
वाहि-पुं-व्याधि.
वाहित्त-वि-बोलेलुं.
विअट्टछउम-वि-निष्कपट.
विअड-वि-विकट.

विअण-न-पंखो.
विअणा-स्त्री-वेदना.
विआण-न-चंदरवो.
वि+आव्-व्यापवुं.
विंछिअ-पुं-वींछि.
वि+किण्-विक्रय करवो.
विग्गह-पुं-शरीर.
विग्घ-पुं-विघ्न.
विजयधम्मसूरि-पुं-विशेषनाम.
विज्ज-पुं-वैद्य.
विज्जत्थि-पुं-विद्यार्थी.
विज्जालय-न-विद्यालय.
विज्जु-स्त्री-विजली.
विज्जुला-स्त्री-विजली.
विज्झ-पुं-विंध्याचल.
विड्डा-स्त्री-लज्जा.
विढन्त-वि-पेदा करतुं.
विढव्-पेदा करवुं.
विणय-पुं-विनय.
विणा-अ-विना.
विण्हु-पुं-विष्णु.
वित्त-न-धन.
वित्थर-पुं-विस्तार.
विदेह-पुं-महाविदेहक्षेत्र.
विद्दुम-पुं-परवाळुं.
विबुह-पुं-देव.
विमाणवासि-पुं-वैमानिकदेव.
विम्हय-पुं-विस्मय.
विम्हर-पुं-भूलवुं.
विर्-व्याकुल थवुं.
वि+रम्-अटकवुं.
विरमण-न-अटकवुं.
विरमाल्-वाटजोवी.
विराहणा-स्त्री-विराधना.
विलय-पुं-नाश.
विवट्ट्-वि-वर्तवुं.
विवणी-स्त्री-बजार.
विवरीअपरूवणा-स्त्री-खोटुं कहेवुं.
वि+वह्-परणवुं.
विवाह-पुं-विवाह.
विसढ-वि-विषम.
विसम-वि-विषम.
विसहर-पुं-सर्प.
विसाय-पुं-खेद.
विसारय-पुं-विद्वान.
विहंग-पुं-पक्षी.
वि+हर्-विहरवुं.
विहल-वि-विफल.
विहिकय-वि-भाग्य करेलुं.
विहीर्-वाट जोवी.

विहु-पुं-चंद्र.
विहूण-वि-विहीन.
वीणा-स्त्री-वीणा.
वीर-पुं-वीर.
वीसर्-भूलवुं.
वीसा-स्त्री-वीश.
वीसास-पुं-विश्वास.
वुंद-न-समूह.
वुड्ढ-वि-वृद्ध.
वुड्ढि-स्त्री-वृद्धि.
वुत्तंत-पुं-समाचार.
वुन्दारय-पुं-देव.
वेअ-पुं-वेग.
वेढ्-वींटवुं.
वेणु-पुं-वांसडो.
वेयावच्च-न-वैयावृत्य.
वेर-न-वैर.
वेरग्ग-न-वैराग्य.
वेरुलिअ-न-रत्नविशेष.
वेल्ल्-रमवुं.
वेव्-कंपवुं.
वोल्-जवुं.
वोसट्ट-वि-फूलेलुं.
वो+सिर्-छोडी देवुं.

—×—

## स

स-पुं-ते.
स-पुं-कूतरो.
सइ-अ-सदा.
सइन्न-न-सैन्य.
सई-स्त्री-इन्द्राणी.
सउह-न-महेल.
संक्-शंका करवी.
संकली-स्त्री-सांकळ.
संकिण्ण-वि-सांकडुं.
संख-पुं-शंख.
संग-पुं-संग.
संघार-पुं-संहार.
संझा-स्त्री-संध्या.
संठाण-न-संस्थान, आकार.
संढ-पुं-नपुंसक.
संत-वि-विद्यमान.
संत-वि-शांत.
सं+तप्प्-संतपवुं.
संति-स्त्री-शांति.
संतिगर-वि-शांति करनार.
संथुअ-वि-संस्तुत.
संदण-पुं-रथ.
सं+दिस्-संदेशो कहेवो.
संदेस-पुं-संदेशो.

संदेह-पुं-शंका.

संदोह-पुं-समूह.

संपइ-अ-संप्रति.

सं+पज्ज्-थवुं.

संभाव्-संभावना करवी.

संभु-पुं-शिव.

सं+मिल्ल्-मळवुं.

संमुह-वि-सामुं.

सं+वड्ढ्-वधवुं.

संसार-पुं-संसार.

सक्क-पुं-इन्द्र.

सक्कार-पुं-संस्कार, सत्कार.

सग्ग-पुं-सर्ग.

सच्च-वि-सत्य.

सज्ज्-तैयार थवुं.

सज्झाय-पुं-स्वाध्याय.

सडा-स्त्री-सटा.

सड्ढ-पुं-श्राद्ध, श्रावक.

सड्ढा-स्त्री-श्रद्धा.

सढ-पुं-लुच्चो.

सणिअं-अ-धीमे.

सणिच्छर-पुं-शनैश्चर.

सण्णा-स्त्री-संज्ञा.

सण्ह-वि-सूक्ष्म.

सत्त-पुं-जीव.

सत्त-वि-सात.

सत्तरह-वि-सत्तर.

सत्ता-स्त्री-सत्ता.

सत्ति-स्त्री-शक्ति.

सत्तु-पुं-शत्रु.

सत्तुंजय-वि-शत्रुंजय.

सद्द-पुं-शब्द.

सद्दह्-श्रद्धा करवी.

सद्धा-स्त्री-श्रद्धा.

सन्नाम्-आदरवुं.

सप्प-पुं-सर्प.

सप्पि-न-घी.

सम-वि-सर्व.

समण-पुं-साधु.

समणु+जाण्-आज्ञा देवी.

समत्त-वि-समस्त.

समत्थिअ-वि-करेलुं.

समरंगण-न-रणक्षेत्र.

समर-न-युद्ध.

समव+सर्-आववुं.

समागय-वि-समागत, आवेलुं.

समा+चर्-आचरवुं.

समाण्-समाप्त करवुं.

समाव्-समाप्त करवुं.

समुद्द-पुं-समुद्र.

सम्म-न-सुख.
सम्मदिट्ठि-पुं-सम्यग्दृष्टि.
सयंभु-पुं-शिव.
सयढ-न-शकट, गाडुं.
सयण-पुं-स्वजन.
सयहुत्तं-अ-सोवार.
सया-अ-हमेशां.
सर-पुं-कामदेव.
सर-पुं-बाण.
सरअ-पुं-शरद ऋतु.
सरयरवि-पुं-शरदऋतुनो सूर्य.
सरयससि-पुं-शरदनो चन्द्र.
सररुह-न-कमळ.
सरस्सई-स्त्री-सरस्वती देवी.
सरिआ-स्त्री-नदी.
सरीर-न-शरीर.
सलह्-श्लाघा करवी.
सलाहा-स्त्री-श्लाघा.
सलिलरासि-पुं-समुद्र.
सव्व-वि-सर्व.
सवण-न-कान.
सवह-पुं-सोगन.
सव्वत्थ-अ-सर्वत्र, बधे.
सव्वरी-स्त्री-रात्री.
सव्वविणासण-वि-सर्वनो नाश करनार.

ससहर-पुं-चन्द्र.
ससा-स्त्री-बहेन.
ससि-पुं-चन्द्र.
सह्-शोभवुं.
सह्-सहन करवुं.
सह-अ-साथे.
सहसागार-पुं-सहसाकार.
सहा-स्त्री-सभा.
सही-स्त्री-मित्र.
सहोअर-पुं-भाई.
साउ-वि-स्वादु.
साडी-स्त्री-साडी.
साण-पुं-कूतरो.
साणु-न-शिखर.
साम-वि-श्याम.
सामग्-चोंटवुं.
सामाईअ-न-सामायिक.
सामिद्धि-स्त्री-समृद्धि.
सार्-प्रहार करवो.
सारमेय-पुं-कूतरो.
सारहि-पुं-सारथि.
सारिआ-स्त्री-मेना.
साला-स्त्री-शाला.
सालि-पुं-चोखा.
साव-पुं-शाप.

શ્રી તારાબાઈ આર્યાજી સિદ્ધાન્ત ટ્રસ્ટ
તરફથી સપ્રેમ ભેટ ( )

सावअ-पुं-श्रावक.
सावगधम्म-पुं-श्रावकधर्म.
सास-पुं-श्वास.
सासु-स्त्री-सासू.
साह्-कहेवुं, साधवुं.
सिअ-वि-श्वेत, धोळुं.
सिआवाय-पुं-स्याद्वाद.
सिआल-पुं-शृगाल.
सिंग-न-शिखर, शींगडुं.
सिंगार-पुं-शृंगार.
सिंघ-पुं-सिंह.
सिंघासण-पुं-सिंहासन.
सिंच्-सिंचवुं.
सिंदूर-न-सिंदूर.
सिंधव-वि-सैंधव, सिन्धमां थयेल.
सिंधु-पुं-समुद्र.
सिंप्-सींचवुं.
सिक्ख्-शीखवुं.
सिक्खा-स्त्री-शिक्षा.
सिज्झ्-सिद्धथवुं.
सिणिद्ध-वि-स्निग्ध.
सिणेह-पुं-स्नेह.
सिद्धसेण-पुं-एक जैन महाकवि.
सिद्धि-स्त्री-सिद्धि.
सिन्न-न-सैन्य.
सिप्पि-पुं-कारीगर.
सिम-वि-सर्व.
सिमिण-पुं-स्वप्न.
सिर्-बनाववुं.
सिरीस-न-शिरीष.
सिर-न-माथुं.
सिरी-स्त्री-श्री, लक्ष्मी.
सिरीकंता-स्त्री-नाम, (श्रीकांता)
सिलिम्ह-पुं-श्लेष्म.
सिलेस्-चोंटवुं.
सिलोग-पुं-श्लोक.
सिव-न-कल्याण.
सिवा-स्त्री-पार्वती.
सिविण-पुं-स्वप्न.
सिव्व्-सीववुं.
सिह्-स्पृहा करवी.
सिहरि-पुं-पहाड.
सिहा-स्त्री-शिखा.
सिहि-पुं-अग्नि.
सिहु-न-दारु.
सीभर-न-जलबिन्दु.
सीलड्ढ-वि-शीलयुक्त.
सीस-पुं-शिष्य.
सीह-पुं-सिंह.
सीहर-न-जलबिन्दु.

सुअ-न-सिद्धांत.
सुइ-वि-पवित्र.
सुई-स्त्री-सोय.
सुंदेर-न-सौन्दर्य.
सुकम्म-पुं-सारां कर्म वाळो.
सुकम्माण-पुं-सारां कर्म वाळो.
सुग्गइ-स्त्री-सुगति.
सुट्ठु-अ-सारी रीते.
सुण्-सांभळवुं.
सुण्ह-वि-सूक्ष्म.
सुण्हा-स्त्री-पुत्रवधू.
सुण्हा-स्त्री-गळकंबळ.
सुद्द-पुं-शूद्र.
सुद्ध-वि शुद्ध.
सुद्धोअणि-पुं-बुद्ध.
सुन्न-वि-शून्य.
सुन्नरण्ण-न-निर्जन रण.
सुपइट्ठिअ-न-नगरनुं नाम. ( सुप्रतिष्ठित )
सुमर्-याद करवुं.
सुमिण-पुं-स्वप्न.
सुमेरु-पुं-मेरुपर्वत.
सुर-पुं-देव.
सुरविंदवंद-वि-देवपूज्य.
सुरूव-वि-सारा रूप वाळो.
सुव्-सुइ जवुं.
सुवट्टिअ-वि-सारुं.
सुवण्ण-न-सोनुं.
सुविहि-पुं-नवमा जिननुं नाम.
सुह-न-सुख.
सुह-वि-शुभ.
सुहि-वि-सुधी.
सुहिअ-वि-सुखी.
सुहुम-वि-सूक्ष्म.
सूरि-पुं-आचार्य.
सूस्-सूकावुं.
सेअ-पुं-परसेवो.
सेअ-वि-श्वेत.
सेअंबर-पुं-श्वेताम्बर.
सेज्जा-स्त्री-शय्या.
सेणा-स्त्री-सेना.
सेय-न-कल्याण.
सेर-वि-विकस्वर.
सेव्-सेववुं.
सोण-वि-लाल.
सोमाल-वि-सुंवाळुं.
सोलस-वि-सोळ (संख्या).
सोल्ल्-रांधवुं.
सोव्-सूवुं.
सोहा-स्त्री-शोभा.

—×—

[illegible]
( ३८ )

ह

हंस-पुं हंस.

हनकू-निषेधवुं.

हण्-हणवुं.

हणू-सांभळवुं.

हणुमंत-पुं-हनूमान्.

हत्थ-पुं-हाथ.

हत्थि-पुं-हाथी.

हय-पुं-घोडो.

हर-महादेव.

हरगोविंद-पुं-विशेष नाम.

हरडई-स्त्री-हरडे.

हरि-पुं-चोर.

हरिअंद-पुं-हरिश्चन्द्र.

हरिआल-पुं-हडताल.

हरिणी-स्त्री-हरणी.

हरिसू-हरखवुं.

हलद्दी-स्त्री-हळदर.

हलुअ-वि-हळवुं

हा-तजवुं.

हार-पुं-हार.

हिंगुल-न-हिंगळो.

हिअ-न-हित.

हिट्ठ-वि-हृष्ट.

हिम-न-बरफ.

हिरी-स्त्री-लज्जा.

हीर-पुं-शंकर.

हीसमण-न-घोडानुं हणहणवुं.

हुण्-होमवुं.

हुव्-थवुं.

हेट्ठ-वि-नीचो.

हो[illegible]वुं.

DELETED

आ श्रीकैलाससागरसूरि ज्ञानमन्दिर
द्वारा सप्रेम भेंट ता. ........